કોઈ પ્રમાણ તેના વજનનો અંદાજ કાઢવા લાગુ પડી શકતુ નથી, તેની અધર લટકતી સ્થિતિના ટેકામા શું હશે તે શોધી શકાતુ નથી, જો દેવો પણ વિજ્ઞાન લઈને આવે તો પણ આ વિશ્વ રચનાના રહસ્યમા કોઈ નિર્ણય આપી શકે તેમ નથી. કદાચ જો તે ગુરુત્વાકર્ષણના નિયમન આધારિત હોય, તો પછી આવા પ્રચંડ કદાવર ગ્રહો અને તારાઓને લટકતી સ્થિતિમા ટકાવી રાખવા કેટલુ પ્રબલ ગુરુત્વાકર્ષણ બળ હોવુ જરૂરી છે. જો તેમ ધારવામા આવે કે ગુરુત્વાકર્ષણની તેટલી બધી તીવ્રતા કાર્યકારી હોય તો પછી ગુરુત્વાકર્ષણની તેટલી તીવ્રતા નીચે સપાટી ઉપરના બીજા અસ્તિત્વની સ્થિતિ માત્ર એક ક્ષણમા ઘટ બનીને એક ગઠો થઈ જાય.

ગ્રહો અને તારાઓની અધર લટકતી સ્થિતિના આ મહાન આશ્ચર્યમા જો તેમ માનવામા આવે કે ગ્રહો અને તારાઓ વચ્ચેના ક્ષેત્ર અંદર શૂન્યાવકાશ નિયમન હોય, તો તે સંદર્ભમા અવકાશ અવિભાજ્ય તત્ત્વનુ પારદર્શક સ્વરૂપ છે તેથી નહિ વિજ્ઞાન કે નહિ કોઈ જાદુ અવકાશને છૂટુ પાડીને અને ખુલ્લા ક્ષેત્રને શૂન્યાવકાશમા બંધ કરવા તેના ટેકારૂપ થઈ શકે. જો તેવુ હોય તેમ માનવામા આવે તો પછી શૂન્યાવકાશ ક્ષેત્ર આરપાર કોઈ શક્તિઓ પસાર થઈ ના શકે, તેથી કરીને અસ્તિત્વની સ્થિતિ માત્ર અચેતન પદાર્થ વડે જ હોય શકે. હકીકતમા શુન્યાવકાશ તે જે સબંધકર્તા યંત્ર વિજ્ઞાન વડે ફક્ત મર્યાદિત જગ્યા પુરતુ શક્ય બની શકે છે.

અણું શક્તિ ધડાકાઓના પ્રયોગ સંદર્ભમા તે સદંતર વ્યવહારુ નથી બલ્કે સંપૂર્ણ રીતે વિનાશક છે, કારણ કે આવા જંગી ધડાકાઓના પરિણામ વડે પૃથ્વી ગ્રહના અક્ષાંસ-રેખાંશ વર્તુળ પરિધમાં જો ૧ મીલી મીટર ભાગ જેટલો પણ ફેરફાર થાય તો તેના પ્રત્યાઘાતો વૈજ્ઞાનિકો વધુ સારી રીતે જાણે છે.

ગ્રહો અને તારાઓ સંદર્ભમા તે બરોબર ગોળ; ચોરસ, લંબગોળ અથવા ચતુષ્કોણ હોય તેમ ધારી શકાતુ નથી, પરંતુ પૃથ્વીથી લાખો માઈલ દૂરથી કુદરતી રીતે તે ગોળાકાર જેવા દેખાય છે.

તેવુ પણ બન્યુ છે કે આકાશમા લાલ અને સોનેરી-પીળા તેજસ્વી ચમકારો ક્વચિત દેખાય છે તે વેગથી સરકતો તારો અથવા ઉડતી રકાબી જેવુ ધારી શકાય છે. ધારો કે તે વેગથી સરકતો તારો હોય તેમ માનવામા આવે, પરંતુ કોઈ તારાને

પૃથ્વીની ઘણુ જ નજીક આવવુ અને ચમકવુ તે કેવી રીતે શક્ય બની શકે ? તે વડે અથડામણ બની શકે છે. પરંતુ તે ઉડતી રકાબી ફરતી હોય અને તે પ્રકાશિત થાય અને દેખાતી બંધ થાય તેમ બની શકે છે. તે કોઈ અજાણ્યા ગ્રહ ઉપર પરસ્પર સબંધ ધરાવતુ વૈજ્ઞાનિક ઉપગ્રહ હોવાનુ બની શકે છે.

ગ્રહણના સંદર્ભમા તેમ માનવામા આવે છે કે ગ્રહ ના પડછાયાથી પ્રકાશ ઢંકાય જાય છે. આ સ્થિતિને ગ્રહની વચ્ચે ગ્રહણ ધારણ થાય છે તેમ જાણવામા આવે છે. સિદ્ધાંતિક રીતે પડછાયાની છાપ ગ્રહની સપાટી ઉપર દેખાવી જોઈએ, પરંતુ પડછાયો ગ્રહ સુધી પહોંચી શકે તે શક્ય નથી તેમજ પડછાયો એકલા અવકાશ ઉપર પણ પડી ના શકે, તે સપાટી વગર ઝાંખો પડી ફેલાય જાય છે. બીજુ કારણ તે પણ હોય શકે કે ગ્રહો જેમ પ્રકાશિત દેખાય છે તેવી જ રીતે પૃથ્વી ગ્રહ પણ પ્રકાશિત છે તેથી એક બીજા પ્રકાશ સામસામા આવવાથી પડછાયો વિખેરાય જાય છે.

ગ્રહણની સ્થિતિ જે અવકાશમાના પ્રદૂષણો જેવા કે વાયુરૂપ, વરાળરૂપ, નષ્ટ થયેલા અણું-પરમાણું જેવી સૂક્ષ્મ રજકણોનો મોટો સમૂહ એકત્રિત થતા તે વડે ઉપસ્થિત થતી હોય તેમ ધારી શકાય છે, બધા જ તેવા પડતર થયેલા પ્રકૃતિ દ્રવ્યોનો કુદરતી પ્રક્રિયા વડે નાશ થાય છે.

ફરતા ગ્રહો અને તારાઓ સંદર્ભમા તે થોડા કોઈ ગ્રહ-મંડળની હદ-મર્યાદા અંદર અવકાશમા બધી બાજુએ ફરતા દેખાય છે, આ અંદાજમા પૃથ્વી ગ્રહ ફરતો અથવા સ્થિર સ્થિતિ ધારવી તેનુ પૃથ્વીની ભૂમિ ઉપરથી યોગ્ય સમાધાન થઈ શકતુ નથી.

ઘટાવકાશ

ઘટાવકાશ; બ્રહ્મની અંદર હસ્તિ ધરાવતો પ્રકૃતિ દ્રવ્યો; તત્ત્વોથી બંધાયેલો વિશ્વ રચનામા અવકાશ ક્ષેત્રનો એક ભાગ, તે અનંત બ્રહ્માંડમાથી આવતી દૃષ્યમાન અને અદૃશ્યમાન શક્તિઓનુ સંયોજન છે જે ઘટાવકાશ ક્ષેત્ર સાથે મળે છે. આ શક્તિઓનો ઉલ્લેખ થયા મુજબ તે અણું અને પરમાણુંઓ, ગ્રહોના તેજ; પ્રકાશ અને પ્રકાશ પરાવર્તન કિરણો, ગતિ પ્રેરક બળ, વિદ્યુત શક્તિ અને લોહચુંબકીય, ગુરુત્વાકર્ષણ ક્ષેત્ર અને વહન શક્તિ, આંદોલન મોજાઓ, હવા; પવન, વાયુરૂપ અને વરાળરૂપ, ઉષ્ણતા અને શિતળતા સ્થિર કરનાર શક્તિ વગેરે છે. ઘટાવકાશની શક્તિ; પ્રકૃતિ દ્રવ્યો તે આ બધી શક્તિઓ વડે થતી ક્રિયા અને પ્રતિક્રિયા વડે ઉપાર્જન થાય છે.

ઘટાવકાશ ક્ષેત્રને લંબાઈ અને પહોળાઈમાં અને ગહનતામા અનંત બ્રહ્મ અવકાશની દરેક દિશાઓમા હોવાનુ ધારવુ તે થોડી અતિશ્યોક્તિ જેવુ લાગે છે કારણ કે સમસ્ત વિશ્વની સ્થાપના અંદર ગ્રહો અને તારાઓ, શક્તિઓ ને બળતત્ત્વો, પદાર્થો અને દ્રવ્યો, અવયવભૂત અને બિન-અવયવભૂત પુદ્ગલિક સંસ્કૃતિ વગેરેનુ અસ્તિત્વ અપાર અને અમર્યાદિત સંખ્યામા હોવાનુ શક્ય ના હોય શકે, પરંતુ ઘણી સંખ્યામા ગ્રહ-મંડળની સ્થાપના વડે અસ્તિ્ત્વ હોવાનુ શક્ય હોય શકે અને તેમા થોડી ભેદ-દર્શક રચના હોય શકે, જેમા ક્રમે કરીને ગ્રહો અને તારાઓની સંખ્યા ઘટતી જતી.હોય અને છેવટે અનંત અવકાશમા એક માત્ર બ્રહ્મ હોવાનુ ધારી શકાય છે, તે પછી તેની પાર કશુ હોય ના શકે સિવાય કે શૂન્યાવકાશ; બ્રહ્મ.

ઘટાવકાશ; પ્રકૃતિ પદાર્થ વિજ્ઞાન, તે ક્ષેત્ર ગ્રહ સબંધિત ગુરુત્વાકર્ષણ મર્યાદા સુધી ફેલાયેલુ હોય છે. ગુરુત્વાકર્ષણ પૂરુ થતા તેની પાર જે જે શક્તિઓનુ પ્રસારણ થાય છે તેનો સંયોગ ઘટાવકાશ ક્ષેત્ર સાથે થાય છે કે જ્યાં શક્તિઓના પ્રવાહની તીવ્રતા સમતોલ થઈ તે ગ્રહોની દરેક શક્તિવહન ભૂમિ ઉપર તેના પ્રસારણ માર્ગ દ્વારા પ્રમાણસર પસાર થાય છે.

ભૌગોલિક સ્થિતિ દર્શન તેમ દર્શાવે છે કે ગ્રહની હદમા જ્યાં ઘટાવકાશ ગોઠવાયેલુ હોય છે તેની નીચે ભિન્નભિન્ન ક્રમો કાર્ય કરે છે, તે સબંધિત દેશ

અને તેની પ્રાદેશિક ભૂમિ અનુસાર આનુ વર્ગીકરણ થાય છે. ઘટાવકાશનુ બંધારણ દેશની ભૌગોલિક સ્થિતિમા અગત્યનુ ઘટક છે. આ શક્તિઓ બદલાતી નથી પરંતુ ગ્રહ-મંડળમા ગ્રહનુ સ્થાન અને દિશા આવ્યા મુજબ શક્તિઓના પ્રસારણ બદલાય છે, જો ઘટાવકાશ વિદ્યમાન ના હોય તો આ શક્તિઓના પ્રસારણ પ્રવાહ જે ગ્રહ સપાટીની વહન શક્તિ મર્યાદાથી ઘણા જ તેજી હોય છે તેથી કરીને પરિણામ રૂપે અસ્તિત્વ પીગળી જવાનુ બની શકે છે.

ઘટાવકાશ તે ગ્રહની ભૂસ્તર રચના સાથે વિશેષ અગત્યતા ધરાવે છે, તે ધરતીના ઘટકો ઉપર જુદી જુદી રીતે વર્તાય છે, જે સમુદ્ર ભૂમિ, રણપ્રદેશ, જંગલ વિસ્તાર, પહાડ, પર્વતો અને પૃથ્વીના ધ્રુવ બિંદુ વગેરેથી ઓળખાય છે. તેના અક્ષાંસ અને રેખાંશના ગણિત વિષે ખબર નથી, પરંતુ ઘટાવકાશનુ બંધારણ તે ક્ષેત્રના પ્રકાર અને કુદરતની સ્થિતિમા મુકાયેલા તેના સ્થાન અનુરૂપ જુદુ જુદુ વર્તાય છે.

ઘટાવકાશનુ બંધારણ ગ્રહ-મંડળમા અક્ષાંસ અને રેખાંશના કયા ભાગ-અંશ ઉપર ગ્રહનુ સ્થાન મુકાયેલુ છે તે સ્થિતિ ઉપર આધાર રહે છે. ઘટાવકાશ જે વિશ્વક્ષેત્ર: બ્રહ્મ અને પૃથ્વી ક્ષેત્ર તેમ બંને સાથે સંપર્ક ધરાવે છે. એક સ્થિતિ કે જેમા ગ્રહ ઘટાવકાશ દ્વારા પ્રસારણ થતી શક્તિઓ મેળવે છે, બીજી સ્થિતિ કે જેમા પૃથ્વી ક્ષેત્ર દ્વારા શક્તિઓનુ ઉપાર્જન થાય છે જેવી કે વાયુરૂપ અને વરાળરૂપ, ગરમ અને ઠંડો પવન અને જે શક્તિઓ પૃથ્વી ઉપરથી પરાવર્તન થાય છે, આ બધા જ ઉપરના અને નીચેના ક્ષેત્રના પ્રકૃતિ દ્રવ્યો તે ચોક્કસ ઊંચાઈ હદ ઉપર એક બીજા સાથે એકત્રિત થાય છે. આ સ્થિતિ વડે નીચેના ક્ષેત્ર સ્થાનમા ગ્રહ ઉપર જરૂરી હોય તેવુ અનુકૂળ ઘટાવકાશ સ્થિતિનુ નિર્માણ થાય છે.

ઘટાવકાશ તે વાયુચક્ર સબંધી ઘણો જ અંકુશ ધરાવે છે જેમ કે શિશિર, ગ્રીષ્મ અને વર્ષાઋતુના ક્રમમા હવામાન ફેરફારો કરે છે. આ સ્થિતિમા અવકાશ સમય અને દિશા પણ ઉપયોગી થાય છે.

ઘટાવકાશ ઘટ સ્થિતિવાળુ દેખાય છે, તે વાદળા, ભેજયુક્ત વાતાવરણ, પવન, વાયુ, વરાળ અને સૂક્ષ્મ રજકણો વડે રચાયેલુ હોય છે, તેમા ધુમાડા જેવા વ્યર્થ વાયુ, ધુમ્મસ ભરેલુ વાતાવરણ, ભેજ અને પ્રદૂષણો પણ મોટા જથ્થામા ભળે છે

અને આ ઘટ સ્થિતિમા મિશ્ર થાય છે.

ઘટાવકાશ ક્ષેત્રમા પ્રકૃતિ પદાર્થ વિજ્ઞાનનો મોટો વિભાગ સમાવિષ્ટ થાય છે. ગ્રહ મંડળ તે અનંત બ્રહ્મ દ્વારા શક્તિ પુરવઠો મેળવે છે અને સ્વયં ગ્રહ-મંડળ દ્વારા પ્રસારણ થતી શક્તિઓ તે ઘટાવકાશ ક્ષેત્ર સાથે જોડાય છે. આ સંયોજન અંદર નક્કર અથવા પ્રવાહી સ્વરૂપ કોઈ તત્ત્વો હોતા નથી પરંતુ દરેક શક્તિઓ અદશ્ય રૂપમા છુપાયેલી હોય છે. આ ક્ષેત્ર; ઘટાવકાશ એક વિશાળ સીમાસ્તંભ કેન્દ્ર બરોબર અનુસરે છે તે ગ્રહોની વાહક શક્તિ સપાટી સાથેના સંપર્ક ઉપર મધ્યમસર શક્તિ પુરવઠો પહોંચાડવાની પ્રક્રિયાનુ સંચાલન કરે છે. બ્રહ્માંડ, ગ્રહ-મંડળ, ઘટાવકાશ અને તેજ; પ્રકાશ પરાવર્તન કિરણો. આ પ્રધાન દશ્યમાન શક્તિઓ દ્વારા તે ચેતન અને અચેતન સ્વરૂપ દશ્યમાન અસ્તિત્વનુ સર્જન કરવાની પ્રક્રિયાને સક્રિય કરે છે. શાસ્ત્ર દર્શાવે છે કે સઘળી વિશ્વ શક્તિઓ સર્જનાત્મક ગુણ-લક્ષણ ધરાવે છે જે વડે ચેતનાનુ સર્જન થાય છે અને ગ્રહના અસ્તિત્વ ઉપર પુદ્ગલો, તત્વો અને પદાર્થોના ઉદ્ભવની રચના થાય છે.

પૃથ્વી-ચેતન સૃષ્ટિ

પૃથ્વીએ આ ભૂમિ ઉપર કુદરતી સૌંદર્યના પ્રત્યેક અસ્તિત્વ ઉપર તેની શક્તિઓની મહાન કૃપા વડે અસ્તિત્વ ક્રમમા તેની અગત્યતા વિચારી જોયા મુજબ સ્વર્ગીય ઉત્કર્ષ અને ખજાનાની રચના કરી છે. સમુદ્ર અને નદીઓ, પહાડો અને જવાળામુખી પર્વતો. જંગલો અને રણો. પદાર્થો અને ચીજ વસ્તુઓ, આબોહવા અને ઋતુઓ. જીવજન્ય અને વનસ્પતિજન્ય પુદ્ગલિક અસ્તિત્વ. આ દરેક કુદરતી સૌંદર્યની સ્થાપના બ્રહ્મ-શક્તિ બળ વડે થયેલી છે. જેમા આ કુદરતના આલમ; વિશ્વ શક્તિઓ સાથે ચેતન તત્વ અને પૃથ્વીતત્વ સંયુક્ત રીતે કામ કરે છે. ધર્મની બાજુએથી પૃથ્વીનુ ચરિત્ર સંત શ્રી શુકદેવજી મહારાજ તરફથી લખાયુ છે અને ઘણા કવિઓએ પણ તેમ દર્શાવ્યુ છે કે ચેતન સૃષ્ટિ ભક્તિ અને પ્રેમનુ સર્વોચ્ચ સત્વરૂપ નંદનવન છે.

પૃથ્વી જે શાશ્વત અસ્તિત્વમા આવેલો વિશ્વ રચનાનો એક ભાગ છે, ધર્મ શાસ્ત્રના દર્શન મુજબ પૃથ્વી ઉપર અસ્તિત્વની શરૂઆત જે કાલ-ચક્ર ક્રમના નિર્દેશ મુજબ તે શરૂ થતા ૧ લા થી ૫ મા યુગ ઉતરતા વર્તુળમા આવે છે અને તેવી જ રીતે ૬ ઠા થી ૧ લા યુગ ચડતા વર્તુળમા ચાલુ રહે છે, સાથે સાથે યુગના યુગથી તેમા ફેરફારો થતા આવ્યા, દરેક યુગ એક થી છ સુધી તેના અંદાજીત સમયના વિધાન મુજબ પ્રથમ શિવ-યુગ લાખોના લાખો વર્ષ સુધી. ૨ જો અને ૩ જો યુગ દ્વાપર અને ત્રેતા યુગ તે ૧ લા યુગના સમય બરોબર, ૪ થો યુગ વારસાગત સુખ સમાન. હજારો લાખો વર્ષ. તેમાંથી બાદ ૪૨.૦૦૦/ વર્ષ, ૫ મો અને ૬ ઠો યુગ બંને કલિયુગ તે એક યુગના ૨૧.૦૦૦/ વર્ષ મુજબ. આ સમય ગણતરી અને તેનો અભ્યાસ ઐતિહાસિક હસ્તલિખિત પ્રતોના આધારિત છે.

ચાલુ સમય ૫ મા યુગ ક્રમમા છે, તેમાના આશરે ૨૫૦૦ વર્ષ પસાર થયેલા છે અને કાલ-ચક્ર મુજબ ૫ મા યુગને પૂર્ણ થવામા આશરે ૧૮,૫૦૦/ વર્ષ બાકી રહે છે.

યુગદર્શન શાસ્ત્રોના આધારભૂત છે તે ઐતિહાસિક સત્ય હકીકતો દર્શાવે છે. શાસ્ત્ર તે યુગ દર્શનની સંયુક્તતા ટકાવી રાખવા વિસ્મયોમાનુ એક વિસ્મય છે કારણ

કે ખ્યાસ કરીને પસાર થઈ ગયેલા હજારો વર્ષ પૂર્વની સ્મૃતિમા કશુ જ ઉપલબ્ધ થઈ શકતુ નથી સિવાય કે પરમાત્માની પ્રતિમાઓ અને ધર્મ શાસ્ત્રો, પરમાત્મા શાશ્વત-અસ્તિત્વમય છે, તે શક્તિ સ્વયં અવતાર અને તેનો ધર્મ ધારણ કરે છે પછી ગમે તેટલા કાલ-ચક્ર શરૂ થયા હોય કે પુરા થયા હોય.

સર્વજ્ઞ બ્રહ્મ પરમાત્મા; વિશ્વ શક્તિ, તે સ્વયં શિવ-પરમાત્મા ધારણ થાય છે. શાસ્ત્ર તે શિવ-યુગનુ દર્શન આપે છે. તે સમયમા સમસ્ત અસ્તિત્વમા પરમાત્મા શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ, શ્રી મહેશ સાથે એક શાશ્વત અસ્તિત્વ અંદર બધાની સંયુક્ત રચના થયેલી છે.

(૧) શિવ પુરાણ શાસ્ત્ર શિવ-યુગ દર્શન અને પૃથ્વી ઉપરના બીજા અસ્તિત્વોનુ વર્ણન દર્શાવે છે. પરમાત્મા શિવ અવતાર જે વર્તમાન સમયમા સૌથી સનાતન છે. શ્રી શિવ પરમાત્મા; ત્રિભુવનનાથ તેમજ ભોલાનાથથી પણ દર્શાવ્યા છે, કારણ કે ઘણા દૃષ્ટાંતોમા વર્ણન થયા મુજબ શ્રી દેવો, મનુષ્યો, પ્રાણી અને પંખીઓ, દાનવો અને ભુત-પલિત, આ બધાએ વરદાન, વચન અને શક્તિ માટે તેમના ઉપર આશીર્વાદ આપવા પરમાત્માની શુભ; પવિત્ર ભક્તિ કરી છે. શ્રી ભોલાનાથ શિવજીએ તે બધાને વચન વડે કૃતાર્થ કર્યા છે. તેથી કોઈ પ્રસંગોમા બનેલી અતિ મુશ્કેલ સ્થિતિમા ઈશ્વરીય શક્તિ શ્રી બ્રહ્મા અને શ્રી વિષ્ણુને ઉકેલ લાવવાનુ બન્યુ હતુ.

શાસ્ત્ર દર્શાવે છે કે દરેક વિશ્વ શક્તિઓ સ્વયં રચનાત્મક છે, તેજ તત્ત્વનુ સર્જન કરી ઉદ્ભવની રચના કરે છે તેથી આ તત્ત્વોનુ શોધન કરવા સમર્થ દેવોએ અતિ મુશ્કેલ કોયડા સમાન સમુદ્ર-મંથન હાથ ધર્યુ, તેમ વિચારીને કે તત્ત્વો અને વિશિષ્ટ ગુણધર્મવાળી સંપત્તિનો સંચય કરનાર સમુદ્ર એક મહાન શક્તિ છે. તેઓ આ રચનાત્મક દ્રવ્યો અને કુદરતી સંપતિ મેળવવા સફળ થયા. તેની સાથે સાથે ઝેર; વિષ તત્ત્વ પણ સમુદ્રમાથી બહાર આવ્યુ. દેવોની વિચારણા મુજબ કુદરતના ક્ષેત્રમા કોઈ પણ જગ્યાએ આ વિષ મુકી દેવુ તે યોગ્ય ના હોવાથી, તેથી તેનો આગળ માર્ગ કાઢવા તેઓએ શિવ પરમાત્માને પ્રાર્થના કરી, પરંતુ શિવ પરમાત્માએ પોતે જ વિષનો અંગીકાર કર્યો, તે સમયથી શ્રી જલનાથ; સમુદ્ર શક્તિ શિવ પરમાત્મામા લીન બની ગઈ.

શાસ્ત્ર દર્શાવે છે કે વિશ્વ; જગતના અસ્તિત્વથી જ પરમાત્મા શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ અને ગ્રહ-મંડળના દર્શન ચાલુ રહ્યા છે. પરમાત્મા શ્રી શિવજી અને પાર્વતીદેવી, ગુરુ શ્રી દતાત્રયજી, શ્રી ગણેશજી, શ્રી સરસ્વતીદેવી, શ્રી મહાલક્ષ્મીદેવી અને બીજા દેવ-દેવીઓ, શ્રી રુષિ-મુનિઓ, સંત મહાત્માઓના વિશ્વ શક્તિથી અવતાર ધારણ થયા તેના દર્શન ચાલુ રહ્યા છે.

(૨) ૨ જો યુગ. દ્વાપર યુગ શરૂ થયા પહેલા લાખોના લાખો વર્ષો પસાર થઈ ગયા, શિવ શક્તિએ પરમાત્મા શ્રી રામચંદ્રજીનો અવતાર આપ્યો. સંત તુલશીદાસ મહારાજ શ્રી રામચરિત્ર-રામાયણ શાસ્ત્રની શરૂઆત તે વચન સાથે કરે છે કે, ભલે જીવનનો અંત આવે પરંતુ વચનને કદી જતુ નહી કરીએ.

શાસ્ત્ર દર્શાવે છે કે મનુષ્ય ખમીરનુ કલગી સમાન સત્ય. જે સત્ય એ સમગ્ર અસ્તિત્વને રોશનીથી શોભાવ્યુ છે, આ સત્ય અને તેના ખમીર; તેજસ્વિતાની પ્રત્યેક અંતર આત્મામા ચિનગારી પ્રગટાવે છે, આ સત્ય તે વિશ્વ સત્યના ધ્વજ સાથે લહેરાય છે.

શ્રી રામાયણમા સાહસ, શૌર્યથી ભરપુર અને વચનને ખાતર ભવ્ય પડકાર ઝીલવાના ઉત્તમ દર્શન થાય છે. તે બધા જ મનુષ્યો, પ્રાણીઓ, પંખીઓ અને કુદરતના સમર્પણ ઉપર ઊંડો પ્રેમ અને ઘનિષ્ટ વિશ્વાસની વિશિષ્ટ લાક્ષણિકતાઓ રજુ કરે છે. શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીએ ૧૪ વર્ષ વંનવાસ દરમ્યાન ઘોર જંગલોમાથી પસાર થતા જ્યાં અધર્મ જોવામા આવ્યો ત્યાં તે સદંતર દૂર કર્યો. એક સમયે શ્રી રામચંદ્રજીને શ્રીલંકાના રાજા રાવણ સાથે યુદ્ધ કરવા ફરજ પડી હતી. તેમને મહાસતિ સીતાજીનુ અપહરણ કરી નાશી છુટ્યા હતા. આ સંજોગોમા શ્રી રામચંદ્રજી અને લક્ષ્મણજી જાતે જ આવા હજાર દુષ્ટોનો નાશ કરવા સમર્થ હતા તેમ છતા શ્રી રામે, શ્રી રાવણની શસ્ત્ર સેના સામે શસ્ત્ર-રહિત વાનર સેના તૈયાર કરી, પરંતુ વિજય તો સત્યનો જ થયો.

શાસ્ત્ર સત્ય-યુગ દર્શન અને પૃથ્વી ઉપરના બીજા અસ્તિત્વોનુ વર્ણન દર્શાવે છે. પરમાત્મા શ્રી રામચંદ્રજી, સીતાદેવી, શ્રી લક્ષ્મણજી, શ્રી ભરતજી, પરમભક્ત અને શક્તિ; બળમા સર્વશ્રેષ્ઠ શ્રી હનુમાનજી મહારાજ, દેવ-દેવીઓ અને સંત

મહાત્માઓના દર્શન ચાલુ રહ્યા છે.

(૩) ત્રીજો યુગ. ત્રેતા યુગ શરૂ થતા પહેલા લાખોના લાખો વર્ષો પસાર થઈ ગયા. વિશ્વ શક્તિઓએ યોગ યોગેશ્વર પરમાત્મા શ્રી કૃષ્ણચંદ્રનો અવતાર આપ્યો. ત્રીજા યુગમા બીજા ઘણા અવતારોમા તિર્થંકર પરમાત્મા શ્રી રૂષભદેવ સ્વામી, શ્રી ચક્રવર્તીઓ, શ્રી વાસુદેવો, શ્રી બળદેવો અને શ્રી નારદ મુનિના અવતારો થયા.

શાસ્ત્ર શ્રીમદ્દ્ ભાગવત સુત્ર કારભાર અને સામાજિક આચાર ધર્મ; માનવ ધર્મ સંસ્કૃતિનુ શ્રેષ્ઠ દર્શન આપે છે. આ તેવો યુગ હતો કે જેમા મનુષ્ય શક્તિનુ ગૌરવ અને નૈતિક ટેક; સતત્વના પરમાત્મા અને દેવો વડે પુરસ્કાર થતા હતા. તપસ્વિ શ્રી અર્જુન તેનુ એક પોતાનુ ચરિત્ર જે તેની શક્તિ અને ટેકમા બીજા ઘણા તેવા જ સમર્થ ચરિત્રો ઓળખવા યોગ્ય થાય છે તેવા બીજા પણ ઘણા દૃષ્ટાંતો છે જેમા સ્ત્રી શક્તિઓ; સતિત્વને પરમાત્મા અને દેવ-દેવીઓએ જાતે જ બિરદાવી છે.

શ્રીમદ્દ્ ભાગવત ગીતા કર્મ-દર્શનમા દર્શાવે છે કે સત્ય વડે કર્તવ્ય નિષ્ઠ બનવુ જોઈએ. તેનુ દર્શન સ્વયં પરમાત્મા શ્રી કૃષ્ણચંદ્રએ આપ્યુ છે. તત્વ વેદાન્ત સ્વામી શ્રી મહેશ્વરાનંદજી (જગન્નાથપુરી)ના સાન્નિધ્ય નીચે કથા સત્રનુ આયોજન થયેલ. કથા સત્ર માસ જુલાઈથી સપ્ટેમ્બર ૧૯૮૯ દરમ્યાન સત-સંગ ભવન, જામનગરમા યોજાયેલ તે અનુસંધાન શ્રી ગીતા-દર્શન ઉપર સંક્ષિપ્ત નોંધ લખેલ તે રજૂ કરી છે.

શ્રીમદ્દ્ ભાગવત સુત્ર યુગ દર્શન અને પૃથ્વી ઉપરના બીજા અસ્તિત્વોનુ વર્ણન દર્શાવે છે. પરમાત્મા શ્રી કૃષ્ણચંદ્ર, શ્રી રુક્ષ્મણીદેવી, તપસ્વિ અર્જુન - (કૌરવો અને પાંડવો) શ્રી દેવ-દેવી અને સંત મહાત્માઓના દર્શન ચાલુ રહ્યા છે.

શ્રી હરી ૐ

શ્રી સત-સંગ ભવન,
શ્રી ભીડભંજન મહાદેવ મંદિર,
જામનગર.

તા. ૧૫ સપ્ટેમ્બર ૧૯૮૯.

તત્ત્વ વેદાન્ત શ્રીમદ્ સ્વામી મહેશ્વરાનંદ. (પુરી)
તથા માનનીય કથા શ્રોતાઓ.

પુજ્ય સ્વામીજીએ શ્રીમદ્ ગીતા દર્શન ઉપર તેમનુ પ્રવચન ચાલુ રાખવા બદલ આપણે તેમના ખૂબ જ ઋણી છીએ.

સત્રની શરૂઆતમા પૂજ્ય સ્વામીજીએ તેમના સ્પષ્ટ સત્ય વડે ચોક્ખી સમજુતી આપી છે કે 'આત્મા' જે બધામા છે તેવો એક સરખો ના હોય શકે. તે પ્રત્યેક જિંદગીમા જુદી જુદી અવસ્થામા મૌજુદ રહે છે. તેઓશ્રીએ આપણુ સાચુ ધ્યાન દોર્યુ છે કે આત્મા તે પોતે જ ઈશ્વર હોવાનુ માનવુ તે દાર્શનિક નથી.

પૂજ્ય સ્વામીજીએ તેમના દૃઢ અભ્યાસ વડે આપણા અંતઃકરણ સજાગ કર્યા છે કે સઘળુ વિશ્વ મિથ્યા નથી પરંતુ સંસાર મિથ્યામા ફેલાયેલો છે. તે સત્યનો સ્પર્શ થવા દેતુ નથી અને વિરુદ્ધ આશાવાદ સર્જાવે છે. આ 'જડ-મિથ્યા' સંસારને પોતાની જ મુક્તિનો નાશ કરવા દોરી રહ્યું છે અને બીજાના જિંદગીઓને તેના ગુલામ બનાવ્યા છે, જીવ-જગતની આ ઘણી મોટી કરુણા છે, આપણે તે બંધનોને હટાવવા જોઈએ અને તે માટે ધર્મનુ આચરણ કરવુ તે જ ફક્ત ઉચિત માર્ગ છે.

શ્રીમદ્ ભાગવત ગીતા દર્શનમા ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર મહાન તપસ્વિ અર્જુન ઉપર કૃપા વરસાવી અને સિદ્ધ શક્તિ હાંસલ કરવા તેમના સાચા ભક્તને દિવ્ય વિદ્યાનુ રહસ્ય દર્શાવે છે.

પૂજ્ય સ્વામીજીએ સમજાવ્યુ છે કે આ સૃષ્ટિમા સર્વ શક્તિમાન પરમાત્મા અને તેની સિદ્ધ શક્તિઓ ક્યાં ગોઠવાયેલી છે. વિશ્વ ચેતના અને પંચ-મહાભૂત તત્વો તે દરેક જિંદગીમા આત્માની સ્થિતિમા દૃષ્યમાન અને ચેતનાની સ્થિતિમા અદૃષ્યમાન રૂપ કેવી રીતે કાર્ય કરે છે.

માયા-દર્શન, શાસ્ત્ર ઉપદેશ દ્વારા આપણે શીખવા મળ્યુ કે તે અણું શક્તિ જેમ ચમકવુ અને પરાવર્તન થવુ તેમ દરેક પદાર્થોમા નિશ્ચયપણે ગોઠવાયેલ હોય છે. વિજ્ઞાન દ્વારા વિનાશક તેમજ માનવ કલ્યાણ માટે ઘણી દિશામા સંશોધાત્મક પરિણામો બહાર આવ્યા. આપણે વિજ્ઞાનને માનવા લાગ્યા પરંતુ તે ભૂલી ગયા

કે વિજ્ઞાન પણ માયા-દર્શનમાથી રચાયેલુ છે. આપણા વ્યાસ મુનિઓ, રુષિમુનિઓ, પુર્વાચાર્યો અને તેમના શિષ્યો મુળભૂત રીતે વેદાન્ત, આગમ, શ્રીમદ્ ગીતા અને તેમાના ઘણા શાસ્ત્રોના ઉપદેશ રચયિતા હતા. તે શાસ્ત્રો પરિણામે સંશોધનની ભૂમિકામા હોય તેમ ભાસ થાય છે.

સત્રના ૧૫ દિવસ પછી આપણે ઊંડો સંસય પેદા થયો કે આપણુ અસ્તિત્વ એક પુદ્ગલિક સ્થિતિથી વિશેષ કશુ જ નથી અને તેમ અનુભવ્યુ કે શું આપણે ખરેખર જન્મ્યા છીએ કે શિક્ષારૂપે જન્મ્યા છીએ.

આ સંદર્ભમા સ્વામીજીએ અપૂર્વ સુંદર 'ઈશ્વર-લીલા'નુ વર્ણન દર્શાવી આપણો સંશય દૂર કર્યો. તે માર્ગદર્શન મુજબ આપણે ફરજનુ પાલન કરવુ અને ભવ-મુક્તિના છેલ્લા અને અંતિમ સત્ય સુધી પહોંચવા માટે શક્તિ સામર્થ્ય હાંસલ કરવા આ સ્પર્ધામા ઉતરવા દરેકને આહવાન આપે છે.

આપણે લાગ્યુ કે જીવ-જગત માટે આ વધુ મુશ્કેલ કોયડા સમાન અને સંઘર્ષ છે. તેથી સ્વામીજી તથા સર્વે ગુરુ દેવો પ્રતિ આપણી હૃદયપૂર્વક પ્રાર્થના છે કે 'ભવ-મુક્તિ'ની નજીક પહોંચવા તેનો શક્ય ઉપાય સુચવે અને આપણે ઈશ્વર પ્રતિ પણ પ્રાર્થના કરીએ કે આનો સુખદ અંત લાવવા 'લીલા' ને સમેટી લઈ રહેમ કરે.

પરંતુ તે શક્ય નહી હોવાથી સ્વામીજીએ આપણી માનસ સૃષ્ટિ અને વિજ્ઞાનથી અનેક ગણુ વિશેષ 'શિવમ-સત્યમ' જે પ્રકૃતિનુ શાશ્વત વિસ્મય છે તેનુ રહસ્ય બતાવી દર્શાવ્યુ. સ્વામીજીએ સૃષ્ટિ-દર્શન વિશે અનુભવ આપ્યો તેમા અવકાશ જગતના પૂર્ણ ભેદ દર્શન વડે તે ફક્ત વાયુ, ઓક્સિજન અને હાઈડ્રોજન સામેલ નથી પરંતુ તેની અંદર બીજા ઘણા બળો કાર્યકારી છે. જેવા કે ગ્રહ-મંડળ, તેજ: પ્રકાશ અને અંધકાર, ધ્વનિ અને મોજાઓ, હવા : વાયુ અને જલ, વિદ્યુત શક્તિ અને વહન શક્તિ, આત્માના સૂક્ષ્મ પરમાણું સ્થાન વગેરે તે જગત-રચનાના ક્રમમા એક બીજા સાથે કેવી રીતે સબંધ ધરાવે છે જે આ સર્જનના સાચા નિમિત્ત હોય છે.

ચેતનમય જગત વિષે સમજણ પામી આપણે ખૂબ જ પ્રભાવિત થયા, આપણુ અસ્તિત્વ ચેતન સત્તા નીચે છે તેનો આત્માનુભવ થાય છે. હજુ સુધી આપણે આપણી રૂઢિ બદલાવી શક્યા નથી અને પરિણામે આપણે આપણા એક પછી એક ભવો બાંધતા ગયા. પરંતુ જો આપણે ભવ-ચક્રમાથી મુક્ત થવા ઇચ્છીએ તો તેનો ઉત્તમ ઉપાય કર્મ-સત્તા છે જે ચેતનમય જગતમા વધુમા વધુ અસરકર્તા છે અને 'આત્મા-રામ' સ્થિતિમા ભક્ત બનવુ જોઈએ.

પરમાત્માએ ખૂબ જ ઉદારતાપૂર્વક દરેકને માટે કર્મ-સત્તામાથી પસાર થવા વ્યવસ્થા કરી છે અને કર્મ-ફળ વડે નવાજિસ કરવા પ્રેરણા આપી છે. પરંતુ આપણે

'ફળ'ની પ્રાપ્તિ માટે મોહમા ઉન્મત થઈ વાદ-વિવાદ સર્જ્યો છે.

કર્મ-સત્તાની આ મોટી ગુંચવણમા કોઈ નિર્ણય ઉપર આવવા આપણે અશક્ત છીએ પરંતુ તેની સ્પષ્ટતા કરતા, શ્રી અર્જુનને કર્તવ્યનુ પાલન કરવા જણાવ્યુ હતુ, તેનો ન્યાય પરમેશ્વર શ્રી કૃષ્ણએ આપવાનો હતો.

કર્મ-સત્તાના રાજ્યમા જે કોઈ કર્મ-ફળ મેળવવા માટે યોગ્ય હોય તેનુ કોઈ કર્જ રહેતુ નથી અને જેઓએ તે બે ગણા અને ત્રણ ગણા છીનવી લીધા હોય તેની દશ ગણી વધુ વસુલાતમાથી કોઈપણ બાકાત રહેતુ નથી. ઈશ્વર પ્રતિ આપણી પ્રાર્થના છે કે દરેકને તેમના કર્મના દુઃખો મીટાવવા તેવા બળથી શક્તિમાન કરે.

શ્રીમદ્ ગીતા દર્શન સર્વથા બહાદુરી ભર્યા જીવન વડે કલ્યાણ ભાવનાને આકર્ષે છે. એક વખત તપસ્વિ અર્જુન પણ ધર્મ-યુદ્ધ ખેડવા ઉદાસીન બની ગયા હતા. કારણ કે રાજ્ય-સત્તા છોડી દેવા તેમની ઊંચી ભાવના હતી પરંતુ ભગવાન શ્રી કૃષ્ણચંદ્રએ શ્રી અર્જુનને ધનંજય : જયવંત સંબોધી ગુરુ આજ્ઞાને માન આપવા ફરીવાર આશિષ આપ્યા.

કુરુક્ષેત્ર યુદ્ધમા વિજય થયા પછી શ્રી ગીતા ઉપદેશ ઈશ્વર-દર્શનનુ મહાન તત્ત્વજ્ઞાન દર્શાવે છે. પરમ પરમાત્મા સુધી પહોંચવા જે લાંબો પંથ છે તેમા આગળ વધવા ભક્તિ-યોગ. શ્રી હરી-ગુરુ-સંત સેવા, ઈષ્ટ દેવ, શક્તિ દેવી, અને ગુરુ ઉપાસના તથા ધર્મ અભ્યાસ, મજબૂત મનોબળ, આત્મગુણ તત્વનુ જ્ઞાન અને મહાન અવતારને સુસંગત બને તેવા ઉત્તમ ગુણો વડે યોગ્ય ચરિત્રનુ ઘડતર થવુ જોઈએ.

પરમેષ્ટિ ભગવંતના દર્શનમા પૂજ્ય સ્વામીજીએ પ્રાચીન તથા વર્તમાન કાળના મહાન અવતારો તથા સંત મહાત્માઓના ઘણા ચરિત્રો દર્શાવ્યા. તેમના ખૂબ જ વિશાળ જ્ઞાનની તુલનામા આપણી ટૂંક નોંધ તેમના વ્યાખ્યાનની દરેક મુદ્દાસર બાબતો દર્શાવવા શક્તિમાન નથી. આપણને સામાજિક નબળાઈઓમાથી બહાર લાવી અને માનવતા ભર્યા જીવનરાહ ઉપર સાચો કાબુ રાખવા માર્ગ દર્શન આપવા બદલ આપણે તેમના ઘણા જ ઋણી છીએ.

આખરે તો આપણે અનંત સૃષ્ટિ ઉપર વસવાટ કરનારા કોઈ એક છીએ અને તેના દરેક ઉદ્ભવો અનંતતાથી છે. તેથી બ્રહ્મ સર્વજ્ઞ પરમાત્મા શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ, શ્રી મહેશ ઉપર સાચી શ્રદ્ધાથી પ્રાર્થના કરીએ કે તેઓની આ 'દિવ્ય-સૃષ્ટિ'મા આપણે જે પ્રમાણે રહેવા યોગ્ય હોઈએ ત્યાં કોઈપણ જગ્યાએ આશરો આપે અને નિર્ધારિત સમયે ભવ-મુક્તિ માટે તેમની સાથે દોરી જાય.

સ્વામીજીએ દૃઢતાપૂર્વક દર્શાવ્યુ કે સમ્યકત્વ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ જ્યારે સિદ્ધ થાય ત્યારે તે જ ભવમા મોક્ષ સિદ્ધ થાય છે.

શ્રીમદ્ ભાગવત ગીતા સત્યનો વિજય પુરવાર કરે છે.

સત્ય મેવ જયતે.

આપણા પવિત્ર માનપૂર્વક.

ત્રીજા યુગના પૂર્ણ થવાના સમય પહેલા કે જેમા આશરે ૪૨.૦૦૦. વર્ષો બાકી હતા, ત્યારે વિશ્વ શક્તિ વડે તિર્થંકર પરમાત્મા શ્રી ઋષભદેવ સ્વામીનો અવતાર ધારણ થયો. શાસ્ત્ર દર્શાવે છે કે માનવ શક્તિની ઉત્કૃષ્ટ મર્યાદામા બધા જ સામાજિક બંધનનો ત્યાગ કરી અને ધર્મના ઉત્તમ આચાર સિદ્ધાંતો અનુસરવા યોગી જીવનમા રહેવુ જોઈએ. આ સંસ્કૃતિ મહાન તત્ત્વ જ્ઞાન રજૂ કરે છે તેમા જીવન-નિર્વાહના સિદ્ધાંતો અને પદ્ધતિના મુલ્યાંકનમા તે જેટલુ શક્ય હોય તેવી રીતે શારીરિક અને માનસિક રીતે કદી પણ અવરોધ થવાનુ કારણ ના બને.

શાસ્ત્ર યુગ દર્શનમા દર્શાવે છે કે સાધના, ઉપાસના અને તપ-યોગ કેવી રીતે જીવનની દિવ્યતા તરફ દોરી જાય છે. સિદ્ધ પરમાત્મા શ્રી ઋષભદેવ સ્વામી મૌનવ્રત સ્વીકારી અને જંગલમા રહે છે. સ્વામી ભિક્ષા લેવા માટે ક્વચિત દેખાતા. સમય જતા તેવુ બન્યુ કે તેઓ જ્યાં ભિક્ષા લેવા જાય ત્યાં ભિક્ષા : ભોજનને બદલે સોનુ અને ઘરેણા અર્પણ થતા. પરંતુ પરમાત્મા તેના મૌનવ્રતમા હોવાથી ભિક્ષા માટે કશુ પણ કહ્યા વગર પાછા ફરતા. આ સ્થિતિમા એક વર્ષ પસાર થઈ ગયુ તેમ છતા પરમાત્મા સાધનામાથી ચલિત ના થયા. તે સમયમા રાજવી વંશના શ્રી શ્રેયાંસકુમારને દેવ-દર્શન વડે આ ઘટના વિશે જ્ઞાન થાય છે, પરંતુ તે દરમ્યાન પરમાત્મા પોતે જ તે સ્થળે પધારે છે, જ્યાં તેમણે ભિક્ષામા ઈક્ષુરસ; શેરડીનો સ્વીકાર કરી ઉપવાસ અને વ્રત પુરા કરે છે. શ્રી પરમાત્મા તેમના યોગ-બળના પ્રભાવથી થોડા પણ નબળા નહતા થયા. શ્રી ઋષભદેવ સ્વામીને યોગ-સાધના દરમ્યાન કેવલજ્ઞાન સિદ્ધ થાય છે.

શાસ્ત્ર દર્શાવે છે કે ૩ જા યુગના તે સમયમા જૈનોમા સાધુ પ્રણાલિકાની શરૂઆત થયેલ, તેમ માનવામા આવે છે કે બધા જ શાસ્ત્રો તે સમયમા લખવામા આવ્યા ના હોય પરંતુ ઉપદેશ દ્વારા ધર્મના આદેશ અનુસરવામા આવતા હતા અને સાધવી પ્રણાલિકા શરૂ થયેલ ન હતી, આ મંતવ્ય પ્રમાણે તે યુગ સમય ૩ જા યુગના શેષ ભાગનો હતો જે કાલ-ચક્રના ક્રમમા ખૂબ દુરનો સમય પાછળ ન હતો.

શાસ્ત્ર કલ્પ-સુત્ર યુગ દર્શન અને પૃથ્વી ઉપરના બીજા અસ્તિત્વોનુ વર્ણન

દર્શાવે છે, પરમાત્મા શ્રી ઋષભદેવ સ્વામી, શ્રી બાહુબલીજી, શ્રી મારુ દેવી માતા, દેવ-દેવીઓ અને સંત મહાત્માઓના દર્શન ચાલુ રહ્યા છે.

(૪) ૩ જા યુગના શેષ ભાગના આશરે ૪૨.૦૦૦/ વર્ષો પૂર્ણ થયા પછી કાલચક્ર મુજબ ૪ થો યુગ શરૂ થાય છે જે પરમાત્મા કૃપાએ વારસાગત મળેલ ભરપુર સુખ સમાન દર્શાવેલ છે. તેના સમય વિધાન મુજબ અંદાજે હઝારો લાખો વર્ષ સુધીનો છે જેમા વિશ્વ શક્તિ દ્વારા તિર્થંકર પરમાત્મા, સાધુ-સાધ્વી અને સંત મહાત્માઓના ઘણા અવતારો ધારણ થયા.

યુગ દર્શન દર્શાવે છે કે વિશ્વ શક્તિએ પૃથ્વી ઉપર દરેક દિશાઓમા અપૂર્વ કૃપા વરસાવી અને જુદા જુદા ધર્મોની સ્થાપના થઈ, ધર્મનો પ્રચાર એટલો વિસ્તૃત થયો કે દરેક મનુષ્ય સંપ્રદાયમા લગભગ સર્વત્ર દુનિયાની પ્રજામા ધર્મની અનુભૂતિ થઈ અને ધર્મશાસ્ત્ર અનુસરવા બંધારણ આપ્યુ. યુરોપ અને એશિયા ભૂમિ ઉપર ખ્રિસ્તી ધર્મમા પરમાત્મા જિસસ ક્રાઇસ્ટના આશીર્વાદ ઉતર્યા. ઈરાની : ફારસી ધર્મમા પરમાત્મા જરથોષ્તુ, ટીબેટ અને ચીન દેશના તેમના બૌદ્ધ ધર્મ મઠોમા પરમાત્મા બુધ. ઇસ્લામ ધર્મમા કુરાન, જગદીશ્વર : ઐશ્વર્ય ધર્મમા સુફી-મહાત્મા, તેમ પૂર્વ અને પશ્ચિમમા, ઉત્તર અને દક્ષિણમા, દુનિયાના દેશોમા દેવળ અને મઠની સ્થાપના થઈ. શાસ્ત્ર બાઈબલ અને ખ્રિસ્તી ધર્મના બીજા ગ્રંથો યુગ દર્શન અને પૃથ્વી ઉપરના બીજા અસ્તિત્વોનુ વર્ણન દર્શાવે છે. વિશ્વ શક્તિ દ્વારા પરમાત્મા, મહાન પાદરી અને ધર્મગુરુઓના સાંપ્રદાયિક દર્શન ચાલુ રહ્યા છે.

શાસ્ત્ર દર્શાવે છે કે અહિંસા ધર્મ જે બીજા કોઈપણ ધર્મથી જુદી જ લાક્ષણિકતા નથી, પરંતુ જૈન દર્શન અહિંસાના સિદ્ધાંતો ગહનતાથી અને સૂક્ષ્મતાથી દર્શાવે છે તે એવા અર્થમા ઓળખાવે છે કે બને તેટલુ શક્ય રીતે દૈનિક જીવન ક્રમમા ધર્મનુ પાલન થવુ જોઈએ અને જાણતા કે અજાણતા બીજાના અંતર-મનને નહી દુભાવવા કે ઈજા નહી કરવા જાગૃત રહેવુ જોઈએ.

તે સમયમા વેદ-પંડિતોએ જૈન ધર્મમા વેદ-તત્ત્વના થયેલા અર્થઘટનને બહુમાન કરેલ. શાસ્ત્ર તે ગણધર વાદ : ભવ્ય ધર્મ ચર્ચા દર્શાવે છે, જે શ્રી મહાવીર સ્વામીના અધ્યક્ષ પદે વેદ-પંડિતો સાથે સમવસરણમા બહુમાન થયેલ. ત્યાર પછી થોડા સમયમા તે બધા ૧૧ પંડિતોને ગણધર પરમાત્માની પદવી એનાયત થઈ હતી, તેમાના પ્રથમ વેદ-પંડિત શ્રી ઇન્દ્રભૂતિ જેઓ શ્રી ગૌતમ સ્વામીના નામથી ઓળખાય છે.

જૈન દર્શન ક્ષત્રિય-વંશની સંસ્કૃતિનુ વર્ણન દર્શાવે છે જેમા શ્રી વર્ધમાન કુમાર સ્વયં દીક્ષા અંગીકાર કરીને ૧૨½ વર્ષના સમય સુધી વનમા રહીને યોગ-સાધના પાળે છે. તે સમય દરમ્યાન તેવા ઘણા નિર્દય ઉપસર્ગો તેઓ ઉપર વિત્યા હતા

જે કોઈની પણ સહન શક્તિથી બહારના હતા. શ્રી મહાવીર સ્વામીને તેમનુ રક્ષણ થવા માટે વિનંતી કરવામા આવી હતી, પરંતુ શ્રી પ્રભુ તેમના દઢ સંકલ્પમાથી ચલાયમાન થયા નહી અને યોગ-સાધના દરમ્યાન કેવલજ્ઞાન સિદ્ધ થાય છે. આ સમય નિર્દેશ ૪થા યુગના પૂર્ણ થવાના આશરે ૩૦૦૦. વર્ષ પહેલાનો હતો.

ત્યાર પછી શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ-કલ્યાણ બાદ આશરે ૪૦૦ થી ૫૦૦ વર્ષ પછી ખાસ કરીને પૂર્વાચાર્યો વડે આગમ શાસ્ત્રો લખાયા હતા. સાધ્વી પ્રણાલિકા આ સમયમા શરૂ થયેલી જે ૪ થા યુગના પૂર્ણ થવાના આશરે ૨૦૦૦. વર્ષ પહેલાનો હતો અને ૫ મા યુગના ૨૫૦૦. વર્ષનો સમય પસાર થયો તે મળી કુલ ૫૦૦૦/ વર્ષ પહેલાનો સમય અંદાજે થાય.

કલ્પસૂત્ર શાસ્ત્ર યુગ દર્શન અને પૃથ્વી ઉપરના બીજા અસ્તિત્વોનુ વર્ણન દર્શાવે છે. તિર્થંકર પરમાત્માના ૨૪ મહાન અવતારો-પરમાત્મા શ્રી ઋષભદેવ સ્વામી અને શ્રી અજીતનાથ થી શ્રી મહાવીર સ્વામી, શ્રી કેવલી ગણધર પરમાત્મા, તિર્થ-અધિષ્ઠાયક અને શાસન દેવ-દેવી, શ્રી સાધુ-સાધ્વી અને સંત મહાત્માઓના દર્શન ચાલુ રહ્યા છે.

(૫) શાસ્ત્ર દર્શાવે છે કે ૫ મા યુગનો સમય જે ૪ થા યુગના પૂર્ણ થવાના બાકી હતા તે આશરે ૨૫૦૦. વર્ષ પૂરા થયા પછી શરૂ થયો અને વર્તમાન ૫ મા યુગની શરૂઆત થયાને આશરે ૨૫૦૦. થી ૨૬૦૦. વર્ષ વીતી ગયા. તે કાલચક્રના ક્રમ મુજબ યુગ સમય નિર્દેશ ૨૧૦૦૦. વર્ષનો છે. ૫ મા યુગના યુગદર્શનમા તે ૪ થા યુગની તમામ શક્તિઓના આશિષ અને કૃપા વડે વારસાગત મળેલ છે અને તે પૃથ્વી ઉપરના જીવ-જગત અને બીજા અસ્તિત્વોનુ યુગદર્શન ચાલુ રહે છે.

ભારતીય સંસ્કૃતિમા પૂર્વકાલીન ધર્મ વંશાવલી ખૂબં જ વિશાળ છે. તે શાસ્ત્ર ક્રમમા વ્યવસ્થિત છે તે જે સબંધિત સંપ્રદાયોના મુખ્ય વિભાગ અને આશ્રમ પાસે સચવાયેલ છે. જૈન ધર્મમા સાધુ-શાધ્વીઓની વંશાવલી મૂળભુત રીતે શ્વેતામ્બર અને દિગમ્બર પ્રણાલિકાની દર્શાવેલ છે, ત્યાર પછીના સમયમા સ્થાનકવાસી પ્રણાલિકા શરૂ થતા થોડા પક્ષ : વાડા ઊભા થયા છે.

પૂર્વાચાર્યો અને મહાન સંતો જેવો આગમ અને વેદ ગ્રંથોના રચયિતા હતા તેમના જીવન-ચરિત્ર અને બીજા ઘણા વિષયાનુસાર અધ્યયનનુ સાહિત્ય જે લગભગ વિશ્વ જ્ઞાનકોષ સુધી આવી પહોંચ્યુ છે. તેની અંદર ગદ્ય અને પદ્યમા જ્ઞાન દર્શનનો શ્રેષ્ઠ નિચોડ છે. સંત મહાત્મા અને સાધુ-સાધ્વીઓના મહાન અસ્તિત્વની આ પ્રણાલિકા પૃથ્વીના અસ્તિત્વ ઉપર જો ચાલુ રહી ના હોત તો ઈશ્વર અવતારની

પણ કોઈ શક્યતા ના હોત. તેવી જ રીતે જો ગદ્ય અને પદ્ય ના હોત તો આ જગત વિષે એક શુન્ય સ્થિતિથી વિશેષ કશુ જ ધારી શકત નહી.

સાધુ સંપ્રદાયમા નાગા બાવા, દિગમ્બરમા હઠ-યોગી સંસ્કૃતિ છે. તેઓ ઘણા મજબૂત અને તપયોગી : તપસ્વી હોય છે. તેઓ વધુ સંખ્યામા શિવ-પરમાત્મા અને શક્તિ-દેવીની આરાધના : ભક્તિ કરે છે. તેઓ શિવજી જેવા દેખાવા પસંદ કરે છે અને રહેઠાણ નજીક અગ્નિ-કુંડ રાખે છે. તેઓ એકાંતવાસ અને ઝુંપડીમા રહેવુ પસંદ કરે છે. તેઓ યજ્ઞ-પુજાથી પરિચિત છે. યજ્ઞ-મંડપનો શણગાર રુષિ-મુનિના તપોવન જેવો પ્રભાવશાળી હોય છે. તેઓના દર્શન કુંભમેળા, ત્રિવેણી-સંગમ : તીર્થ, શિવ મહોત્સવ અને પર્વત ઉપર ગુફાઓમા થાય છે. તેઓના ગુરુકુલ : પાઠશાળા અખાડાથી ઓળખાય છે. જંગલો અને પર્વતો તેઓની યોગ-સાધનાના ઉત્તમ સ્થાન છે. તેઓ આયુર્વેદિક ઔષધિ વિષે સારુ જ્ઞાન ધરાવે છે. સામાન્ય રીતે પરમાત્માની પુજા અને ભક્તિ ઘણા ભાવપૂર્વક અને રોશની સાથે દરેક ધર્મ સંપ્રદાયમા કરવામા આવે છે.

આ સંપ્રદાય દ્વારા સાધુ સંસ્કૃતિના મહાન દર્શન થાય છે અને તે પુરવાર કરે છે કે અન્ન અને પાણીની જરૂરિયાત સિવાય માયા અને લીલાથી અલિપ્ત રહેવાનુ શક્ય છે, અગત્યતા ફક્ત એ જ છે કે પરમાત્મા તરફ દૃષ્ટિ મિલાવી જોઈએ.

સાધુ : ભિક્ષુક, સાધુ અને સમાજ વચ્ચેનુ માનવ અસ્તિત્વ, તાપસી-સંન્યાસ જે આ દિક્ષાને માન્ય ગણવામા આવતી નથી. આ ભિક્ષુકોએ જાતે જ ધાર્મિક પ્રતિજ્ઞા લઈ તેમનો ઘર ત્યાગ કર્યો હોય છે. તેઓ સંન્યાસાશ્રમના નિયમોનુ પાલન કરવુ અને પરમાત્માની ભક્તિ કરે છે. તેઓ સદાવ્રત : ભિક્ષા અને દક્ષિણામા ભક્ત અને દાતા તરફથી જે કઈ મળે તેના ઉપર નિભાવ કરે છે, તેઓ મદિરના આશ્રય નજીક રહે છે. ઘણા સ્થિત રહે છે અને ઘણા બધી જગ્યાએ ફરતા રહે છે. સાધારણ રીતે તેઓ મુલકમા છુટા-છવાયા હોય છે. તેઓ પરમાત્મા ધુન અને કિર્તનમા જોડાયેલા રહે છે. આ સંસ્કૃતિ પરમાત્માની ભક્તિમા સહાયકારી બને તેવી કેટલી સુંદર ચીજનો સંગ્રહ રાખે છે અને તે સેવા અને દક્ષિણાના બદલામા બદલી આપે છે.

આ પરંપરા દ્વારા દર્શન થાય છે કે તેવી દરેક સહાયકારી ચીજો જે ભક્તિ માટે ઉપયોગી છે તે બધુ જ પરમાત્માની ભક્તિમા આભુષણો બને છે. તેમ છતા તેવો પણ એક કુદરતી પ્રેમ છે જે કૃપા અને કરુણા : દયા વરસતી ચાલુ રાખે છે તે પરમાત્મા-મિલાપની જે કોઈ આરપાર જોઈ શકે તેની વચ્ચે આભુષણ સમાન બની રહે છે.

અતિ સુંદર તેવુ પૃથ્વી ઉપરનુ કલાકૃતિ સમુ અસ્તિત્વ જે ધ્રૂવ-તારા જેમ ઝગમગી રહ્યુ છે તે પ્રકાશ તીર્થ અને મંદિરોનો છે. આ સંસ્થાપન અંદર સંત મહાત્મા, ભક્ત અને દાતા, શ્રાવક અને શ્રાવિકા, કલાકાર અને કારીગર, તેઓ સર્વેનુ ઘણુ જ કિંમતી યોગદાન છે. આ શિલ્પકલા પૃથ્વીની ભૂમિ ઉપર ઘણા સ્થાનોએ થયેલા છે, તેની અંદર ભારત ભૂમિ તીર્થ અને મંદિરોનો અતિ સુંદર મહિમા ધરાવે છે.

આ શિલ્પકલા સત્યનુ રહસ્ય છે, જે સત્ય વિશ્વનુ રહસ્ય છે, તે ઈશ્વરીય સત્ય : પરમાત્મા પોતે જ છે, તે અહિંસાની સૌથી નજીક છે, જ્યારે તે સૌથી સમીપ છે તેથી પોતાનો ઇતિહાસ રજૂ કરવાની જરૂર પડતી નથી, ઇતિહાસ તો ત્યારે શરૂ થાય છે કે જ્યારે કોઈના હૃદયમા પરમાત્માનો નિવાસ થાય છે.

સંત મહાત્માઓની ધારણા મુજબ તેવુ વિધાન છે કે અસ્તિત્વમા રહેલ દુનિયાના ઘણા સમય પૂર્વથી પરમાત્માના અવતાર ચાલુ રહ્યા નથી, તેનુ કારણ તે હોય શકે કે ઘૃણાજનક અને પાપાચાર હિંસા ઘણી વધી રહી છે.

તીર્થો, મંદિરો અને પ્રતિમાઓ ધર્મની મહાન સ્મૃતિઓ છે. તેની અંદર આપણુ સ્થાન લેવા તે ફરી ફરીને આવકારે છે અને મનોદશામા તેની હસ્તી સ્વીકારવા આહ્વાન આપે છે. તે ધ્યાનાવસ્થામા સ્થિર થવા શક્તિમાન કરશે અને દષ્ટિ જ્ઞાનબદ્ધ બનશે. આ મહાન શક્તિઓ વડે ખોટા લક્ષો દૂર થાય છે, તે મનોમન ઝબકીને પ્રતિબિંબિત થાય છે. તે વિષે વિચાર કરવા ભાગ્યવંત થાઓ કે જિંદગીની સાથે સાથે શું કૃપા અને કરુણા વરસી રહી છે.

સંત મહાત્માઓ વચનબદ્ધ દર્શાવી રહ્યા છે કે વિશ્વ સત્તાનુ સમગ્ર અસ્તિત્વ સર્વજ્ઞ બ્રહ્મઃ પરમાત્માના છત્ર નીચે છે, તેથી નિઃશંકપણે તેમની હસ્તી ત્રિભુવન : કુદરતનુ સામ્રાજ્ય : સ્વર્ગ લોક, પૃથ્વી લોક અને પાતાલ લોકમા વિદ્યમાન છે. વધારે ઊંડી રીતે વિચારી જોતા તેમ લાગે છે.કે પૃથ્વી ઉપર ધર્મની સ્થાપના મોડી થઈ હોય, તેના કરતા વિશ્વ સત્તાની બીજી દુનિયામા તે પહેલા હોવાનુ ધારી શકાય છે. તેનો અંદાજિત સમય કાલચક્રના અંત મુજબ તે પ્રથમ યુગના અસ્તિત્વ પૂર્વેનો સમય હોય, તો પણ શક્ય તેટલી ઉત્તમ શક્તિથી જે કઈ સાધ્ય થઈ શક્યુ છે તે ખૂબ જ મુલ્યવાન છે.

પરમાત્મા તેમની વંદનીય સર્વોત્કૃષ્ટતામા વિશ્વના દિન-પ્રતિદિન ક્રમોની વ્યવસ્થા કરવા શક્તિમાન છે. તેઓ સર્વત્ર-અસ્તિત્વની સંભાળ રાખે છે અને દ્રવ્યો અને પદાર્થોના સ્વરૂપમા વૈવિધ્ય શક્તિઓ પુરી પાડવા મદદ કરે છે. આ અસ્તિત્વ સાત ક્ષેત્રમા ગોઠવાયેલુ છે તે મંડળાકાર : ગ્રહો અને તારાઓની રચના વડે અને પુદ્ગલિક સંસ્કૃતિ અંદર દશ્યમાન છે. તેના નિર્દેશ મુજબ. ૧. કુદરતનુ સામ્રાજ્યઃ વિશ્વ-ગ્રહો અને તારાઓ : દેવલોક ૨. મનુષ્ય ક્ષેત્ર. ૩. પ્રાણી ક્ષેત્ર ૪. પંખીઓનુ

ક્ષેત્ર. ૫. જલચર ક્ષેત્ર. ૬. વનસ્પતિ ક્ષેત્ર : નિશ્ચલ અને સ્થિર જીવો. ૭. નાના શરીરી જીવ-જંતુઓ અને સૂક્ષ્મ જીવાણુ ક્ષેત્ર.

મનુષ્ય સંસ્કૃતિ જે બીજા જીવોની સંસ્કૃતિની સરખામણીમા વધારે સારી દર્શાવી છે પરંતુ કલિયુગની અસર હોવાથી તે પ્રકૃતિથી વિભક્ત, ખોડ-ખાપણો વધી ગયેલી અને દીર્ઘાયુષ્યને ટુંકુ બનાવ્યુ છે. આ સંદર્ભમા સંશોધન અને અભ્યાસો, આમ કરવુ અને તેમ કરવુ, તેમજ વૈજ્ઞાનિક પદ્ધતિથી ઘણુ કરવામા આવ્યુ, તો પણ મનુષ્ય સંસ્કૃતિની બદલી ગયેલી સ્થિતિમા સુધારો લાવવા તેના એક પણ પરિણામ વડે સફળતા મળી નથી. પરમાત્મા અને યોગી મહાત્માઓએ શક્તિ અને સફળતાના ભેદમર્મ સાથે જે ધાર્મિક માર્ગ બતાવ્યા છે તે જરૂરિયાતો ઘટાડીને નાશીપાસ કરવા માટે નહી, પરંતુ કુદરતના ક્રમ સાથે વધુ મજબૂત બનાવે છે અને છેવટે તે બધા જ જીવન અને આરોગ્યના મધ્ય લક્ષ ઉપર આવે છે.

ભારતમા આવેલુ ધર્મ અસ્તિત્વ દરેક સંપ્રદાયોમા સંત મહાત્મા અને સાધુ-સાધ્વી સાથે સ્થપાયેલુ છે. આ બધી જ સ્થાપના અંદાજે આ મુજબ હોય શકે. ૫૦૦૦/ તીર્થ સ્થાનો, ૫.૦૦.૦૦૦/ મંદિરો, ૨૫.૦૦૦/ થી ૩૦.૦૦૦/ ધર્મશાળા અને આરોગ્ય સ્થળો. ૮૦૦૦/ થી ૧૦.૦૦૦/ આશ્રમ અને મઠ, ૫૦૦/ પાઠશાળા : નાની શાળા, ઘણા પ્રકારના સંસ્થાપનો અને સખાવત સંસ્થાઓ, થોડી વિદ્યાપીઠ, ઘણી સંખ્યામા પંડિત અને શાસ્ત્રી, વિશાળ સંખ્યામા શાસ્ત્ર અને સાહિત્ય, ઘણી સંખ્યામા સંસ્થાકીય સેવા જેવી કે નિવાસ સ્થાન, શૈક્ષણિક, ઔષધ સારવાર અને પ્રકાશન વગેરે, ઘણી સંખ્યામા ઉપાશ્રય, છાત્રાલય, સદાવ્રત વ્યવસ્થા, આ સઘળી સ્થાપના પ્રજાના દાન અને સખાવત ઉપર રચાયેલી છે.

જૈન દર્શન પૃથ્વી ગ્રહના ભૌગોલિક અસ્તિત્વ ૧૪ રાજલોક અંદર બનેલુ દર્શાવે છે, જેમા પૃથ્વી ઉપર બીજા થોડા અસ્તિત્વ હોવાનુ દર્શાવે છેં અથવા તે નજીકના ગ્રહ ઉપરનુ પણ હોય શકે. શાસ્ત્ર દર્શાવે છેકે મહાવિદેહ-ક્ષેત્ર જે પૃથ્વી ઉપરના મૌજુદ અસ્તિત્વમા તેની હસ્તી હોવી જોઈએ અને બીજા થોડા અસ્તિત્વ જે અગાઉ ભુતકાળના યુગમા હતા તે વર્તમાન યુગમા દષ્યમાન થતા નથી. ધર્મ શાસ્ત્ર મુજબ ગ્રહ-તારા સબંધી વિજ્ઞાન સંશોધન સાથે ગ્રહ-મંડળની ભુગોળ અંદર તફાવત રહે છે.

શૈક્ષણિક ધર્મ-શિબિર મુનિશ્રી અરુણવિજય મહારાજના માનદ્દ પદ નીચે યોજાયેલ હતી અને તેઓશ્રીએ ધર્મ, વિશ્વ, પૃથ્વી અને ભૌગોલિક અસ્તિત્વ વિષે વિસ્તૃત માહિતી દર્શાવી હતી. શિબિરનો સમય અઠવાડિક દર રવિવારે માસ જુલાઈ-૧૯૮૪ થી ડિસેમ્બર-૮૪ દરમ્યાન જામનગર રાખવામા આવેલ, ત્યારે ટૂંક પરિચય

લખેલ હતો તેની નોંધ આ સાથે અનુસંધાનમા ટાંકી છે.

પાતાલ ભૂમિ અને હિમ-માનવ વિષે કોઈ ચોક્કસ માહિતીની જાણ નથી.

શાસ્ત્ર યુગ દર્શન દર્શાવે છે કે ૫ મા યુગના આશરે ૨૫૦૦. થી ૨૬૦૦. વર્ષનો સમય પસાર થયો અને પૃથ્વી ઉપર બીજા અસ્તિત્વોનુ દર્શન ચાલુ રહે છે.

ધર્મ વિજ્ઞાનથી શ્રેષ્ઠ કેવી રીતે છે. તા. ૪-૧૦-૧૯૮૪.

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ તથા ભક્તજનો,

ક્ષત્રિય રાજવી શ્રી વર્ધમાનકુમાર એક સમયે જૈન ધર્મમા તીર્થંકર પદ પામશે તે હકીકત હોવા છતા તેમની સમક્ષ પણ આજ જગત અને આજ સંસાર પડેલો હતો.

શ્રી મહાવીર કરુણામય. સર્વ શક્તિમાન અને સર્વ જ્ઞાનના સ્વામી બન્યા. તેમને જો તેમ લાગ્યુ હોત કે વિજ્ઞાનની શોધો વડે જગતના જીવોનુ કલ્યાણ થઈ શકે તેમ છે તો ખુદ પ્રભુએ જ ધર્મને બદલે વિજ્ઞાનની શોધો જ અપનાવી હોત અને પોતાના જીવનમા જબરજસ્ત સંઘર્ષ ખેડ્યો ન હોત, પ્રભુની ખોજ એજ હતી કે કલ્યાણ કઈ રીતે શક્ય છે ધર્મ-યા-વિજ્ઞાન દ્વારા.

પ્રભુએ પુદ્‌ગલ અને આત્મા વચ્ચેના ભેદ શોધી બતાવ્યા છે. આત્મા એક અલગ અસ્તિત્વ શક્તિ છે અને પુદ્‌ગલ જે દુર્ગતિમા દોરનારુ બળ છે તેની નિર્જરા અર્થે તથા આત્માને મોક્ષ ગતિ પામવા અથવા તેમ ન બની શકે તો ઉંચ ગતિ પામવા ધર્મનો અતિ બળવાન માર્ગ બતાવ્યો છે. જીવ માત્રને આત્મજ્ઞાન પામવા ધર્મનુ તત્ત્વ સમજવુ જોઈએ અને તેના નિમિત્તોમા સામેલ થવુ જોઈએ. કારણ કે ધર્મ આધ્યાત્મિક છે પ્રગટ સ્વરૂપે દૃષ્યમાન નથી પરંતુ અનુભૂતિમા મુકવાથી સ્વયં સિદ્ધ થાય છે. તેવી જ રીતે વિજ્ઞાન દૃષ્યમાન નથી પરંતુ વિજ્ઞાન વડે થયેલી શોધો દૃષ્યમાન છે. વિજ્ઞાનના સિદ્ધાંતો પદાર્થ સાથે સંકળાયેલા છે જ્યારે ધર્મના સિદ્ધાંતો આત્મા સાથે સંકળાયેલા છે.

વિજ્ઞાન અને ધર્મ વચ્ચેની સ્પર્ધામા વિજ્ઞાનની શોધોમા ઘણા પરિવર્તનો આવી ગયા અને કેટલીયે શોધો નાશ પામી. જ્યારે ધર્મ શાશ્વત સ્વરૂપે રહ્યો છે અને ધર્મના તત્વોમા કોઈ ફેરફાર થયો નથી. અનંતા સમયથી પ્રચલિત રહેલી ધર્મની શ્રેષ્ઠતા ફરીવાર આ વર્તમાન ચોવીસીમા ભગવાન મહાવીરે સાબિત કરી બતાવી છે. તેના ઉપદેશમાનો મહાન ગીતાર્થ, આચાર્ય ભગવંતોના હસ્તે લખાયેલ શાસ્ત્રોના અભ્યાસ તથા અવલોકનો ૨૫૦૦. વર્ષોથી ચાલી રહ્યા છે અને આજે પણ ધર્મના શ્રવણ

પ્રભાવથી આપણે અનેક પ્રકારે પાવન થઈ રહ્યા છીએ તે ધર્મ શ્રેષ્ઠ છે તેની પ્રત્યક્ષ સાબિતી રૂપ છે.

વિજ્ઞાન વિજ્ઞાનની રીતે જરૂર મહાન છે, પરંતુ વિજ્ઞાનના સિદ્ધાંતો સામે સમ્યગ્ દર્શન, ચારિત્ર, તપ તથા નવપદ આરાધનાના સિદ્ધાંતો ખૂબ જ વિસ્મય પમાડે તેવા છે. વિજ્ઞાનની શોધો વડે તેના મર્યાદિત લાભ અને આનંદ જરૂર મળી શકે છે પરંતુ ધર્મના સિદ્ધાંતો ભવ ભ્રમણમાથી મોક્ષ સિદ્ધિ આપી શકે છે. વિજ્ઞાનના વિષયો ધર્મના હેતુથી જુદા પડી ગયા છે પરંતુ ધર્મ એટલો વિશાળ છે કે ઘણી સૂક્ષ્મ વૈજ્ઞાનિક બાબતો ધર્મના વિવિધ સિદ્ધાંતોમા સમાવેલી છે.

જગતમા જીવ માત્રને શાશ્વત સુખની પ્રાપ્તિ જોઈએ છીએ, તો જીવનમા કયા સિદ્ધાંતો અનુસરવાથી આ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે ? બીજી રીતે વિચારીએ તો આ સૃષ્ટિમા સમગ્ર જીવોની સંખ્યામા મનુષ્યોની સંખ્યા ઓછી છે અને પ્રમાણમા વધુ દુઃખી છે, તો મનુષ્ય સિવાય અન્ય જીવ સૃષ્ટિમા કોઈ વૈજ્ઞાનિક શોધો કામ નથી કરી રહી પરંતુ ત્યાં માત્ર ધર્મ સિદ્ધાંતને આધારિત સમગ્ર તંત્ર ચાલી રહ્યું છે. ખરેખર તો આપણે જ માર્ગ ભુલેલા છીએ અને વધુમા અન્ય જીવ સૃષ્ટિના તંત્રો વિખેરવા વિજ્ઞાનને કારણભુત બનાવી રહ્યા છીએ. વિજ્ઞાન તેના સિદ્ધાંતોને આધારે વિકાસ પામી રહ્યું છે તેમ આપણે સ્વયં વિકાસ પામવા ધર્મના સિદ્ધાંતોને આધારિત છીએ, અન્ય કોઈ વિકલ્પ નથી કારણ કે સમગ્ર જગત, ભગવાન અને ધર્મ સિદ્ધાંતોના એક જ છત્ર નીચે છે.

સિદ્ધ શક્તિઓ

સિદ્ધ શક્તિ : સત્તા, ઈશ્વરની જ શક્તિઓ છે તે જેઓ યોગ-સાધનામા જોડાવાનુ સાહસ કરે છે તેના ઉપર વરસે છે. તે અનુસરવા માટે મન : જ્ઞાનપૂર્વક, વચન : સત્યપણે અને કાયા : ચારિત્ર વડે યોગબળનો ઉપયોગ જોડવો જરૂરી છે. સિદ્ધ મહાત્માઓએ યોગ વિદ્યા અને તેની સિદ્ધિ માટે પ્રેમ અને ધુન : ભક્તિની ઉત્તમ નૈતિક તાકાતનુ દર્શન યોગશાસ્ત્રમા આપ્યુ છે. શ્રીમદ્ ભાગવત ગીતામા મહાન તપસ્વી અર્જુન અને દરેક મહાન ભક્તને પરમાત્માએ પોતે જ દેશના આપી છે.

ધર્મ સ્વયં વિશ્વની સિદ્ધ શક્તિઓમાની એક મહાન શક્તિ છે, દુનિયાના બધા જ દેશોમા શ્રી ગુરુ મહાત્માઓએ દરેક ધર્મ સંપ્રદાયના મુખ્ય શાસ્ત્રમા ઈશ્વરના પરમ સત્યનુ દર્શન સમજાવ્યુ છે. ધર્મના સિદ્ધાંતો અને નીતિ-નિયમો દરેક મનુષ્ય જાતિને વફાદારીથી બંધનરૂપ છે પરંતુ તેમ દેખાય છે કે ધર્મ અનુસરવામા કોઈ સામાન્ય ગેરસમજ થઈ છે. જે સાધારણ રીતે તેમ માનવામા આવે છે કે તે એક ચોક્કસ જુદા પ્રકારની પદ્ધતિ અને નિયામક રીતે પાળવો જોઈએ. આ પદ્ધતિ અને નિયામકતા જે ઉત્તમ-દર્શક છે તેની અગત્યતા અને સંપ્રદાયની પ્રતિભાને આકર્ષે છે. મૂળભુત રીતે ધર્મના સિદ્ધાંતો અંતર આત્માંને સ્પર્શવા જોઈએ. તે પરમાત્મા સન્મુખે પોતે તેવી જ સ્થિતિમા રહી ઉમદા જીવન અનુસરવા પ્રેરણા આપે છે.

સિદ્ધ શક્તિઓ એક ધર્મથી બીજા ધર્મમા જુદી પડતી નથી કારણ કે પૃથ્વી ઉપરનુ પ્રત્યેક અસ્તિત્વ તે પૃથ્વી ગ્રહનુ રહેવાશી છે. પરમાત્માએ સબંધિત સમાજના ધર્મ પ્રમાણે સિદ્ધ શક્તિના ભાગ નથી કર્યા, તેમજ બીજા ગ્રહ ઉપર પણ તેમા ફેરફાર થતો નથી કારણ કે સિદ્ધ શક્તિઓ સૂર્ય ગ્રહ-મંડળના બંધારણ અંદરની હોય છે તે પૃથ્વીના બંધારણ ઉપર પસાર થાય છે, તેથી કુદરતના સામ્રાજ્યમા પરમાત્મા અને તેની સિદ્ધ શક્તિઓ સુધી પહોંચવા કોઈપણ જગ્યાએ ભેદ : તફાવત ઉપસ્થિત થતો નથી.

સિદ્ધ શક્તિઓનુ સ્પષ્ટ રીતે વર્ણન થઈ શકતુ નથી પરંતુ તે દિવ્ય શક્તિનુ રહસ્ય છે. પરમાત્મા અવતાર તે પોતે જ સિદ્ધ-સત્તા છે અને સિદ્ધ શક્તિઓની હસ્તી સર્વસ્વ રીતે બ્રહ્મઃ પરમાત્મા અંદર છે. ભુતકાળના યુગ સમયમા તેવી ઘણી સત્ય ઘટનાઓ છે જેમા સિદ્ધ શક્તિ વડે પરમ ભક્તોને વિકટ અને ઘેરાયેલી પરિસ્થિતિમાથી સુરક્ષિત પાર ઉતારવા માર્ગ બતાવી મદદ કરી છે. સિદ્ધ મહાત્માઓએ માયાળુ પણે દર્શાવ્યુ છે કે સિદ્ધ-સત્તા : પરમાત્મા સુધી પહોંચવા

માટે સાધના : કર્મ-યોગ, ઉપાસના : ભક્તિ-યોગ અને તપસ્યા : તપ-યોગ જે સારા અને સરલ માર્ગો છે તે સિદ્ધ શક્તિઓની પાછળ જવાને બદલે છે, કે તે સામાન્ય સ્થિતિમા સિદ્ધ : પ્રાપ્ત થવી અતિ મુશ્કેલ સમસ્યા છે.

શ્રી દેવ અને દેવીઓ જે અપવાદરૂપ શક્તિઓ છે, શાસ્ત્ર તેના જુદા ભેદ સાથે આ દરેક દૈવી-શક્તિની વિલક્ષણ સિદ્ધ શક્તિ અને તેના ભક્તિ મંત્ર અને પ્રાર્થના : સ્તુતિ દર્શાવે છે. સંત મહાત્માઓ માત્ર શાસ્ત્રના જ સાક્ષીરૂપ થાય છે તેમ નથી પરંતુ તેઓએ પ્રતિમાઓ, લિંગ અને શિલ્પકલા વડે સિદ્ધ-સત્તા : પરમાત્મા અને તેની સિદ્ધ શક્તિઓને દૃષ્યમાન અસ્તિત્વમા સ્થાપના કરી છે.

પરમાત્મા એક માત્ર આ સિદ્ધ શક્તિઓની સમકક્ષ શક્તિ છે. આ સિદ્ધ-શક્તિઓ બીજા અર્થમા દર્શાવતા તે ચેતન અને અચેતનના પ્રત્યેક સર્જનમા છુપાયેલી છે. તેનુ દૃષ્ટાંત વર્ણવતા કે શિવ પ્રણાલિકા તે જીવ-જગતનો આરંભ ક્રમ ન હોય શકે, પરંતુ તે તેના આગળની પરંપરાનો બદલાયેલો ક્રમ હોવો જોઈએ. આ વિસ્મયજનક જીવ-જગત પૃથ્વી : ચેતન સૃષ્ટિના અસ્તિત્વ સાથે જ હસ્તીમા હોવાનુ ધારી શકાય છે. કારણ કે અસ્તિત્વ ક્રમની સંભવિતતામા તેમ કલ્પના કરવી શક્ય નથી કે પૃથ્વી વગર જીવન અસ્તિત્વ : જીવ-જગત હોય શકે, અસ્તિત્વ વગર પ્રકૃતિ-જગત : વિશ્વ હોય શકે, વિશ્વ વગર સિદ્ધ શક્તિઓ : શક્તિ અને તત્વો હોઈ શકે, સિદ્ધ શક્તિઓ વગર ઈશ્વર : પરમાત્મા હોઈ શકે, તેમાની પ્રત્યેક બાબતો પુરાતન અવશેષ વિજ્ઞાનની પ્રત્યક્ષ સાબિતીઓ છે જે સુચવે છે કે જેમ જીવાત્મા એક શરીરમાથી બીજા શરીરમા બદલાય છે અને તત્વ શક્તિ એક પદાર્થમાથી બીજા પદાર્થમા બદલાય છે તેવો આ અખંડ બદલાતો ક્રમ છે. આ સઘળી હકીકતોના આધારે તેમ સાબિત થાય છે કે આત્મા અને તત્વ રૂપાંતરના કાર્યકારણ રૂપ છે પરંતુ તે તેની સ્થિતિમા તેવા જ નિત્યપણે અસ્તિત્વમા રહે છે. શાસ્ત્ર દર્શાવે છે કે કોઈપણ જીવ : આત્મા અથવા પદાર્થ તેના અંત વડે દેખાવા બંધ થાય છે પરંતુ સંપૂર્ણ રીતે તેનો અંત થતો નથી કારણ કે આત્મા અને તત્વ કોઈ પણ રૂપાંતર સ્વરૂપમા દૃષ્યમાન અસ્તિત્વમા ફરી આવવાની દરેક શક્યતાઓ છે. આ એક જીવન અને મૃત્યુ વડે આરંભ થવો અને અંત આવવો તેનુ અનંત ચક્ર છે.

○ આ આત્મશક્તિ જે ભિન્નભિન્ન અવયવવાળા પુદ્‌ગલિક અસ્તિત્વ ક્રમના ઉલ્લેખ થયા પ્રમાણે છે તે ૧. મનુષ્ય સંસ્કૃતિ. ૨. વનસ્પતિ સંસ્કૃતિ. ૩. સમુદ્ર સંસ્કૃતિ. ૪. પ્રાણી સંસ્કૃતિ. ૫. પંખી સંસ્કૃતિ. ૬. નાના શરીરી જીવ-જંતુ સંસ્કૃતિ. ૭. સૂક્ષ્મ-જીવાણુ વડે છે.

o આ તત્ત્વશક્તિ જે પ્રકૃતિ અંદરના પંચ મહાભૂત તત્વોના અસ્તિત્વ ક્રમના ઉલ્લેખ થયા પ્રમાણે છે તે પૃથ્વી, આકાશ, વાયુ, તેજ, જલ વડે છે.

યોગ-વિદ્યા.

આ વિદ્યા શક્તિ જે સાધના : કર્મ-યોગ અને ઉપાસના : ભક્તિ-યોગમા જોડાવા માટે છે તે શ્રી દેવ-ગુરુ સેવાની કૃપા વડે શુષુમ્ન શક્તિને જાગૃત કરવા મન, વચન, કાયા એટલે કે જ્ઞાન વડે, સત્ય પણે અને ચારિત્ર વડે દૃઢ અને સ્થિર થવા માટે છે. આ સાધના તે ચેતના : જ્ઞાનદશાનો વિકાસ કરે છે જેની અંદર સ્થાપેલો એક નાનો નિશ્ચય પણ મજબૂત અને નક્કર શક્તિમા વિકાસ પામે છે. આગળ તે તપ-યોગ સાથે જોડાય છે. તે અવરોધરૂપ મિથ્યા : જડ-તત્ત્વ. પકૃતિ : સખ્તતા. જે એક માનસિક વિપરીતતા વડે જાણવામા આવે છે તેનો ક્ષય કરવા કાર્યકારી થાય છે. ક્રમશઃ આ બધી સ્થિતિ મળીને એક પૂર્ણ યોગ-બળ સંપાદન થાય છે તેની સાથે જ પ્રાપ્ત થયેલ સિદ્ધિ : સિદ્ધ શક્તિઓનો સમાવેશ હોય છે.

સાધના : કર્મયોગ.

આ શક્તિ તે અર્થમા છે કે એક નિર્ણયનુ ધારણ થવુ, ઊંડી એકાગ્રતા લાવવા અને લક્ષની ચોક્કસ દિશામા ખરા પ્રત્યનો કરવા માટે છે. સિદ્ધાંતિક રીતે કર્મયોગ કે જેનુ દર્શન સ્વરૂપ સ્થાપવા નિશ્ચય કર્યો હોય તેની રચના : સર્જન કરવાની પ્રક્રિયા દોરે છે. તેની પાછળ જે પુરુષાર્થ કર્યો તે ચેતન આત્માની મર્યાદામા જે પરમાણુંઓ ઉદ્ભભવતા હોય છે તેને વધુમા વધુ જોડવા કાર્યકારી થાય છે. તેની અંદર પ્રયત્નો : પુરુષાર્થ વડે જે બળનો ઉપયોગ જોડાયો તેથી ધીમે ધીમે કર્મનુ એક સંગઠન થઈ તે લક્ષ્યને દર્શન સ્થિતિમા બહાર લાવવા શક્તિમાન બને છે. સાધનાની સફળતા માટે તેમા કર્મબળને મજબૂત નક્કર કરવુ જરૂરી છે. સામાન્ય રીતે કર્મ પરમાણુંઓ ઉદ્ભભવે છે અને વાસ્તવિક ઉપયોગમા આવ્યા વગર પસાર થઈ જાય છે સિવાય કે તે થોડા અનુમાનો અને સામાન્ય અનુભવ કરાવે છે.

કર્મદર્શન વાદવિવાદથી મિશ્ર બની ગયુ છે કારણ તેવી આશામા કે કર્મનો પ્રત્યેક અંશ લાભદાયક થવો જોઈએ પરંતુ તે પરિણામમા સાધનામા જોડાયા વગર તેવુ એકાંકી કર્મ સામાન્ય રીતે સંજોગોનુસાર પરિસ્થિતિ અંદર માત્ર કારણભૂત : નિમિત્ત બને છે અને ક્ષણિક હસ્તીમા રહે છે. ખાસ કરીને કર્મ વધુમા વધુ શક્તિવાન ત્યારે બને છે કે જ્યારે તે લક્ષને રચનામા સાકાર કરવા નિશ્ચય, એકાગ્રતા અને પુરુષાર્થ સાથે જોડાય છે.

કર્મ સિદ્ધાંત તેમ સાબિત કરે છે કે કર્મબળ એક જ તેવી પ્રતિસ્પર્ધી શક્તિ છે તે મિથ્યા : જડ-તત્ત્વ જે માનસિક સ્થિતિમા વિરોધાત્મક લક્ષણમા હોય છે તેને

હટાવે છે.

કર્મ સતા પણ તેમ પુરવાર કરે છે કે, કર્મ જ્યારે ઊંચી કક્ષામા આવે છે ત્યારે મિથ્યા તત્વ : જડ સ્વભાવ સાથેના સંપર્ક હોવાથી તે ઘર્ષણનો સામનો કરે છે પરંતુ પરિણામે કર્મ સત્તા જ સત્ય રહે છે.

શ્રી ગીતા ઉપદેશ તે જ દર્શાવે છે કે કર્તવ્ય : કર્મનુ પાલન કરવુ, તેનુ પરિણામ : ફળ પરમાત્માએ આપવાનુ છે.

ઉપાસના : ભક્તિયોગ.

ભક્તિયોગ તે ભક્તિ : સેવા : ઉધ્યમમા ભાવપૂર્વક ઓતપ્રોત થવા જે યોગ્ય હોય તેવી વિદ્યા શક્તિ કળા અંદર પોતાનું મન; ચિત સ્થાપવુ જોઈએ અને મનની ઇચ્છાઓને પોતાની સ્વયં ચેતના : અંતર આત્મા વડે દિવ્યતા તરફ વાળવી જોઈએ. આ ક્રિયા : અભ્યાસનુ ઘણા માર્ગ દ્વારા અનુસરણ કરી શકાય છે, જે શાસ્ત્રના દર્શાવ્યા મુજબ તે મહાયજ્ઞ, પૂજા, પ્રાર્થના : સ્તુતિ કરવી, કથા : સત્સંગ અને વ્યાખ્યાનમા ઉપસ્થિત રહેવુ, શાસ્ત્ર સ્વાધ્યાય : પાઠ કરવા, પર્વત અને નદીના ત્રિવેણી સંગમ તીર્થની યાત્રા કરવી, કલ્યાણક ઉત્સવ, પરમાત્માની પ્રતિષ્ઠા મહોત્સવ, શ્રી દેવ-ગુરુ સેવા, રાહત કાર્ય અને દાન પ્રવૃત્તિ વગેરેમા ભાગ લેવો અને કુદરતના અસ્તિત્વ સાથે આજ્ઞાકિત બનવુ જોઈએ.

ભક્તિયોગ જે નિરર્થક અને બિન ઉપયોગી બંધનો અને આકર્ષણોમાથી મુક્ત થવા બળનુ ઘડતર કરે છે. તે દરેક સુજ્ઞ મહાનુભાવો પ્રતિ વિચાર કરવા અને સુખ-દુઃખની આરપાર જોવા દીર્ઘ દૃષ્ટિનો વિકાસ કરે છે. તે મનોરથોને શાંત કરે છે અને ખરુ અસ્તિત્વ સમજાય છે. તે ઉપરાંત કુદરતની દિવ્યતા : મોક્ષ ભણી જવા ઊંચી ભાવના જાગે છે.

પરમાત્મા : શ્રી જગન્નાથ, શ્રી બ્રહ્મા, શ્રી વિષ્ણુ, સર્વે વિશ્વ સમાન જ છે તો પણ આ ભક્તિ-યોગના પાત્રમા શ્રી શિવજીએ ફક્ત ભસ્મ : રક્ષા, વલ્કન : વૃક્ષની છાલના વસ્ત્રો, કમંડલ, ત્રિશુલ અને ગળા આસપાસ વીટિલો સર્પ એટલુ જ સ્વીકાર્યું. શ્રી રામે ફક્ત વલ્કન અને ધનુષ : તીર કામઠુ સ્વીકાર્યું. શ્રી કૃષ્ણએ ફક્ત સાદુ વસ્ત્ર : ધોતી અને ખેશ તથા બંસરીનો સ્વીકાર કર્યો. શ્રી મહાવીર પ્રભુ અને સંત શિરોમણી શ્રી શુકદેવજી મહારાજે ફક્ત લંગોટ અને કમંડલનો સ્વીકાર કર્યો, તેમજ સર્વે પરમાત્માઓએ પોતાની જ અધિકૃત મિલ્કત અને ધનદોલતમાથી કશુ જ સ્વીકાર્યું નથી, ફક્ત એટલુ જ નહી પણ જિંદગી પાછળ જે કઈ બાકી રહ્યું તે તેમના જ જગત : દુનિયા પાસેથી માત્ર ગુરુ-દક્ષિણાનો સ્વીકાર કર્યો અને

વનવાસ : જંગલમા વિચરવાનુ પસંદ કર્યું, પરમાત્મા સ્વયં, તેમનો સૃષ્ટિ : કુદરતી અસ્તિત્વ તરફનો કેવો રોમાંચક ભક્તિયોગ હતો કે વિશ્વ ખજાનામાથી પણ અલ્પ ભાગનો સંગ્રહ કર્યો નહી પરંતુ તે ખજાનો સમસ્ત જીવ-જગત માટે ખુલ્લો રાખ્યો.

પરમાત્મા, તેઓ જાણતા હતા કે જીવ-જગત અરસપરસ દોષ અને વિપાક ઉત્પન્ન કરીને કેટલા કરુણાજનક દુઃખો ભોગવી રહ્યું છે. પરમાત્માએ તેથી આશા રાખી હતી કે જીવ-જગતમાથી ઘણા જિજ્ઞાસુ જીવો તેની કુદરતી દુનિયામા રહેવા તરફ વળશે જેથી કરીને આ ખજાનો સાચા સુખ માટે તેમને મદદ કરવા આપી શકાય.

સંત મહાત્માઓ સ્વયં ઈશ્વર પ્રણાલિકાના સત્ય દર્શનીય છે. તેઓએ પરમાત્માના બધાજ ગુણધર્મ સમો માર્ગ અનુસર્યો છે અને ભક્તિ યોગની પરાકાષ્ટાએથી ઘણા બધા જીવન ચરિત્રો અને ગદ્ય-પદ્ય શાસ્ત્રો લખ્યા છે.

પરમાત્મા શ્રી રામ સ્વયં તેમને ભક્ત કહેતા હતા. શ્રી રામાયણ ચરિત્રમા સર્વાંગ ભક્તિ-યોગના દર્શન થાય છે. જ્યારે શ્રી લંકા-દ્વિપ ઓળંગવાનો પ્રસંગ બન્યો ત્યારે આખી વાનર સેના મહાસતી સીતાજીને છોડાવવા મદદમા જોડાય હતી, તે આગે કદમમા પ્રથમ તેઓ દરેકે શિવ પુજાનો અમલ કર્યો હતો. આ સ્થળ વસેલુ હતુ તે વર્તમાન સમયમા પણ શ્રી રામેશ્વર તીર્થથી ઓળખાય છે.

શ્રીમદ્ ભાગવત સુત્ર બહાદુર : વીર એકલવ્યના ચરિત્રનુ વર્ણન દર્શાવે છે કે જેને શ્રી ગુરુની પ્રત્યક્ષ હાજરી સ્વીકારવા શ્રી ગુરુ દ્રોણાચાર્યની પ્રતિમા : મુદ્રા રચી હતી અને તે ગુરુભક્તિ વડે સ્વહસ્તે અપ્રતિમ ધનુષવિદ્યા શીખી હતી.

શાસ્ત્રમા તેવા ઘણા પવિત્ર જીવન ચરિત્રો દર્શાવ્યા છે જેમા યોગ-સાધના ગાઢ જંગલમા રહીને પાળવામા આવી હતી, તે દષ્ટાંતમા મહારાજા ભરત ચક્રવર્તી, રાજા ભર્થરી, આચાર્ય શાંતિસુરી મહારાજ, શ્રી આનંદઘનજી મહારાજ, જગતગુરુ શંક્રાચાર્યજી તરફથી અને લગભગ બધાજ મહાન મહાત્માઓએ પણ ગાઢ-જંગલમા રહીને શાસ્ત્રો લખ્યા છે.

શ્રી દિગમ્બર સંપ્રદાય તરફથી આશરે ૨૦૦૦. વર્ષ પૂર્વનો ઇતિહાસ દર્શાવે છે કે આચાર્ય ધરસેન મુનિ, આચાર્ય કુંદકુંદ મુનિ, આચાર્ય ઉમા સ્વામી, તેઓ દરેકે પર્વતની ગુફાઓમા શ્રી ગીરનાર પર્વત ઉપર રહીને શાસ્ત્રો લખ્યા છે અને દિગમ્બર સંપ્રદાયમા લગભગ મુનિઓ દક્ષિણ અને રાજસ્થાન પ્રાંતના ગાઢ જંગલમા રહ્યા છે. વ્યતીત થયેલા થોડા જ સમય પૂર્વે શ્રીમદ્ રાજચંદ્ર, શ્રી કાનજી સ્વામીએ પણ આત્મધર્મ ઉપર ઊંડુ શાસ્ત્ર દર્શન વર્ણવ્યુ છે.

શ્રી શ્વેતામ્બર સંપ્રદાય તરફથી ભક્તિયોગની સાધના અનુસરી છે તેમા તીર્થ ઉધ્ધાર ભક્તિમા આચાર્ય નેમીસુરી મહારાજ, આગમ ગદ્ય ગ્રંથો ઉધારમા આચાર્ય આનંદસાગર મહારાજ, ઈશ્વર સ્તવન; સ્તુતિ-પદ્ય ગ્રંથો ઉધ્ધારમાં આચાર્ય માંગતુંગ વિજય મહારાજ, શ્રી રત્નાકરજી મહારાજ અને પંડિત વિરવિજયજી, ધર્મ સાહિત્ય ઉધ્ધારમા યુગપ્રધાન જિનદતસુરી મહારાજ, *હાલાર ઉધારક આચાર્ય શ્રી જિનેન્દ્રવિજય મહારાજ.

શ્રી દિગમ્બર સંપ્રદાય તરફથી શાસ્ત્ર ઉધ્ધારમા આચાર્ય અમૃતચંદ્રાચાર્ય દેવ, આચાર્ય કુંદકુંદ દેવ, આચાર્ય પદમનાભન દેવ, ઈશ્વર સ્તુતિ : પદ્ય ગ્રંથ ઉધ્ધારમા મુનિ સંતબાલજી અને પંડિત ટેકચંદજી.

શ્રી સ્વામીનારાયણ : શ્રી વૈષ્ણવ સંપ્રદાય તરફથી મંદિર ઉધ્ધારક સંત શ્રી પ્રમુખ સ્વામી, શાસ્ત્ર-કથા ઉધ્ધારમા શ્રી ડોંગરેજી મહારાજ, શ્રી પાંડુરંગ શાસ્ત્રી, શ્રી મોરારી બાપુ, જે વર્તમાન યુગમા વંશાવળી અનુક્રમે છે. આ ભવ્ય ઉધ્ધાર લગભગ બધા જ ધર્મ સંપ્રદાયમા મહાન સંતો દ્વારા કરવામા આવ્યો. વર્તમાન યુગ વિદ્યા અભ્યાસ અને સંશોધનમા દરેક ભૂમિકાએ ઉત્તમ સાહિત્ય પ્રગતિના પ્રતિષ્ઠા સુચક છે.

શ્રી ક્ષત્રિય-વંશમા આશરે ૨૦૦૦. વર્ષ પૂર્વેના ઇતિહાસમા શ્રી વર્ધમાનકુમાર જેઓ સામાજિક જીવનના દરેક કૃત્રિમ અને બંધનરૂપ આકર્ષણોનો ત્યાગ કરવા પોતાની શક્તિ અને જ્ઞાનનો ઉપયોગ જોડવા આગળ આવ્યા. તેઓ સ્વયં યોગ-સાધનામા ખૂબ ઉંડા ઉતરવા ભીષ્મ પ્રતિજ્ઞા લઈને વિચર્યા.

શ્રી વર્ધમાન સ્વામીએ જીવન અને તેના ઘર્ષણો જાણવા એક વિકટ માર્ગમા આવતી પરિસ્થિતિનો સામનો કરવા અદ્દ્ભુત સાહસ ખેડ્યુ. તેઓ બધી યોગ-શક્તિની ગહનતા સુધી ગયા અને ચેતન તત્ત્વ : આત્માને મોક્ષ : ગુરુત્વાકર્ષણ બહારના બ્રહ્મ અવકાશ સુધી કેમ દોરી જઈ શકાય તેના પરિણામો ખુલ્લા કર્યા, તેમણે એ પણ પુરવાર કર્યું કે સિદ્ધિ : પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ચેતન શક્તિઓને સંગઠિત કરવા સાધના, ઉપાસના અને તપ-યોગ કેવી રીતે કાર્યકારી બને છે. શાસ્ત્ર દર્શાવે છે કે તેમની સાધના દરમ્યાન તેવા ઘણા બનાવો બન્યા હતા કે તેમણે અસાધારણ દુઃખદાયક સ્થિતિનો સામનો કરવો પડ્યો, એક વખત જ્યારે નાસ્તિકો : જડ સ્વભાવી, દ્વારા અસહ્ય વેદના કરવામા આવી હતી પરંતુ પ્રભુ તેમની ભવ્ય સાધનામાથી થોડા પણ ચલિત થયા નહી કદાચ તેમની મદદમા પહોંચવા માટે તે

---

* હાલાર : જૈન મહાજનોનુ ઐતિહાસિક વતન.

સ્થળ વિષે કોઈ જાણતુ નહી હોય તેથી તે સમયે દેવલોકમાથી ઇન્દ્રદેવ સ્વયં પ્રભુનુ રક્ષણ કરવા તૈયાર થાય છે.

શ્રી મહાવીર પ્રભુને કેવલજ્ઞાન અંગીકાર થાય છે અને ત્યાર પછીના સમયમા તેમના ઉપદેશ : દેશનામા પ્રકૃતિ જગતના સિદ્ધાંતો : કુદરતના ન્યાયનો કાયદો, જેમાં ચેતન અને અચેતન, ચલાયમાન અને સ્થિર, પ્રગટ અને અપ્રગટ લગતા દરેક અસ્તિત્વો અને કુદરતના સામ્રાજ્યમા તેના બધા જ સગુણ અસ્તિત્વો વિષે સમજૂતી આપી, આ દરેક બાબતો અહિંસા ધર્મનુ પાલન થાય તેવી રીતે વિચારવામા આવી છે.

શ્રી પ્રભુના દિવ્ય સંદેશામા જીવ-જગતને એક બીજા સાથે કલ્યાણ-ભાવનાથી રહેવા, નૈતિક આદર્શનો વિકાસ કરવા, બીજા બધા જ પુદ્‌ગલિક જીવો તરફ પણ પોતે જેમ પોતાના માટે વિચારે છે તેમ પરોપકાર ભાવનાથી જોવા અને વિચારવા દોરવ્યુ છે. શ્રી વર્ધમાનકુમારને તીર્થંકર શ્રી મહાવીર સ્વામીથી શાસ્ત્ર સ્વીકાર કરે છે.

પરમાત્માનો ભક્તિ-યોગ કે જેમા ભક્ત : શ્રાવકના જીવન માર્ગ વડે ખૂબ દૂર પ્રભુત્વ સુધી પહોંચવા અને પોતાની બધી જ ખુશી બ્રહ્મ પરમાત્માને સમર્પિત કરી આપવા તેમા કેવી રીતે કાર્યકારી બને છે. તેવા ઘણા સત્ય ઐતિહાસિક દર્શન : દૃષ્ટાંતો છે તે ભક્ત સુદામાજી, ભક્ત ધ્રુવ, ભક્ત પ્રહલાદ તેમજ મધ્યકાલીન કથા યુગમા શ્રી મીરાદેવી, શ્રી નરસિંહ મહેતા અને બીજા ચરિત્રોમા તેની સ્વાનુભૂતિ થાય છે. શાસ્ત્ર દર્શાવે છે કે પરમાત્માએ સ્વયં તેઓ સર્વેને આશીર્વાદ આપ્યા છે.

શાસ્ત્ર આત્મ-કથા દર્શનમા શ્રી કુમારપાલ, શ્રીપાલકુમાર, શ્રી ધનાશાલીભદ્ર, શ્રી પુન્યા શ્રાવક, શ્રી ચંદનબાળા, આ બધા ચરિત્રોમા જીવનના ગમે તેવા સંજોગોમા પોતાની નિષ્ઠા અને વ્રત-પ્રતિજ્ઞામા મક્કમ રહેવાનો રોમાંચક અનુભવ થાય છે. સાધના જે ભક્તિયોગ વડે પરિસ્થિતિને બદલવા કેટલી મદદરૂપ થાય છે અને સાથે સાથે તે વૈરાગ્ય : સિદ્ધાત્મ સ્થિતિ-પૂર્ણતાનુ ઘડતર કરે છે.

તપ-યોગ.

આ શક્તિ તે સાધના અને ઉપાસના સાથે જોડાયેલી છે. તે શરીરના અશુદ્ધિઓ દૂર કરવા વિશેષ અસરકારક બને છે. તપ સ્થિતિ જે શારીરિક ચારિત્રને એક મજબૂત યોગ બળમા રૂપાંતર કરે છે. કર્મયોગ, ભક્તિયોગ અને તપ-યોગ, આ શક્તિઓનો જ્યારે સંયોગ થાય છે ત્યારે તે જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રાપ્ત થવા સાથે યોગ-સાધનાનુ સાહસ સફળ બનાવે છે. યોગ સિદ્ધિ તે જ મહાન સમ્યક્ત્વ-દર્શન : જ્ઞાન છે, તેજ વિતરાગ આત્માની સગુણ સ્થિતિ છે.

તપ-યોગ જે કુદરતી શક્તિઓ સાથે અનુરૂપ થવા, આરોગ્યના નીતિ-નિયમોને પ્રતિકાર સામર્થ્યની ઊંચી કક્ષામા લાવવા અને શારીરિક રચના તંત્રનો વિકાસ કરવા, જેમા પોષણ તત્ત્વ મેળવવા માટે વધુ પડતા પદાર્થોના ઉપયોગની જગ્યાએ થોડા જ પદાર્થો પુરતા બની રહેવા શારીરિક શક્તિમા નવુ જ વિવિધ્ય લાવે છે. તે જમાવ થયેલા સ્થુલ અવરોધો : દોષને દૂર કરે છે. તપ ધર્મ મિશ્ર પદાર્થોમા સંયમ સુચવે છે અને જરૂરિયાતની સાથે ફક્ત પુરક દ્રવ્યની છુટ આપે છે. જેમા આહારશુદ્ધિ વિષયક કોઈ વિરોધાભાસ : વિકાર ઉત્પન્ન ના થાય.

તપ ધર્મના ધાર્મિક સિદ્ધાંતો વિશેષત આબોહવાની અસર ઉપર રચાયેલા છે જે સુકી અથવા ભેજયુક્ત હોય શકે અને દિવસ અને રાત્રિ ક્રમના યોગ્ય સમય ઉપર અગત્યતા આપી છે, કારણ કે નાભિ-ચક્ર : શરીરની કેન્દ્ર રચના ઉપર તેનુ અલગ-અલગ રીતે કાર્ય થાય છે. તપ ધર્મ જે બ્રહ્મ સાધના વડે પણ ઓળખાય છે અને આગળ તે મસ્તકની ટોંચથી દરેક બહારની ઈન્દ્રિયો સાથે, તેમ પગના તળિયા સુધીના : અંગુઠા અને આંગળીઓ સાથે, અંતર્ગત પ્રવાહોને ગતિમાન કરવા યોગ વ્યાયામ : પ્રાણાયામ સાથે જોડાય છે. યોગ વ્યાયામ શુદ્ધ શક્તિનુ ઘડતર કરે છે અને આખા શારીરિક તંત્ર ઉપર ઉંડી અસર ઉપજાવે છે.

તપ ધર્મ જે ખૂબ જ સમર્થ શક્તિ છે. તે જડતત્ત્વ : મિથ્યાત્વને નષ્ટ કરી શકે છે. તે નિત્ય ક્રમની નિયમિતતા વડે ધારી ના શકાય પરંતુ ખાસ કરીને આહાર જરૂરિયાતો જો સમય અને હવામાન સાથે પ્રતિકૂળ થતી હોય તો તે સમયાંતર અનુકૂળતા ઉપર વિલંબિત થાય છે. તપ ધર્મ અનુસરવામા આહાર ઉપયોગ માટે ફક્ત તેવા યોગ્ય અને વનસ્પતિ જન્ય પદાર્થો વાપરવા જોઈએ. શાસ્ત્ર તપ-યોગ : વ્રત, માનતા વિષે વિવિધ પ્રકાર અને તેને અનુસરવાની પદ્ધતિ સંપૂર્ણ રીતે દર્શાવે છે. શ્રી ગણેશપુરી સંસ્થાપન, મુંબઈ અને દિવ્ય જીવન સંઘ તરફથી યોગી મહાત્મા સ્વામી શિવાનંદજી મહારાજ, સ્વામી યોગાનંદજી મહારાજ, તેઓએ કુંડલીની યોગ શાસ્ત્રમા યોગ શક્તિના રહસ્યો દર્શાવ્યા છે અને આ જ્ઞાન-વિજ્ઞાનમા યોગી મહાત્માઓ તરફથી બીજા ઘણા શાસ્ત્ર લખાયા છે.

પ્રાચીન દુનિયામા તેવા ઘણા સત્ય દૃષ્ટાંતો છે ઘણુ કરીને તે દેશોમા જેવા કે ગ્રીક, ચીન, જાપાન, શ્રીલંકા : સિલોન અને વધુમા ભારત દેશ અને હિમાચલ પ્રદેશમા કે જ્યાં યોગી મહાત્માઓ અને મહાસતીઓએ યોગ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

તેવા પણ ઘણા સત્ય દૃષ્ટાંતો છે કે જ્યાં યોગ શક્તિનો દૂર ઉપયોગ થવામા આવતા આ શક્તિઓ પોતાના જ ઉપર પાછી ફરી હતી, શાસ્ત્ર તે વિષે દર્શાવે છે કે શ્રીલંકાપતિ રાવણ, રાજા કંશ, રાજા હિરણ્ય કશ્યપ અને શ્રી હોલિકા, તેઓ

પ્રતિષ્ઠિત ચરિત્રો હોવા છતા પણ આ શક્તિ તેવા દૈત્ય અસ્તિત્વનો અંત લાવવા તેમના જ ઉપર પાછી ફરી હતી. આધુનિક દુનિયામા પણ તેવા ઘણા દાખલાઓ છે જ્યાં સમૂહ જીવ અસ્તિત્વમા કરુણાજનક વિનાશ થયો હોય તેવા હિંસક બનાવોમા આ સિદ્ધ શક્તિના પોતાના જ ઉપર પ્રત્યાઘાત થયા છે.

સેવાધર્મ.

અમૃત તત્વ જે કોઈ પણ પદાર્થના સ્વરૂપમા નથી પરંતુ યોગ શક્તિઓ : સાધના, ઉપાસના અને તપ કર્યાના પરિણામરૂપ કર્મ ફળ મેળવવા તે ઈશ્વરીય સત્ય છે. જ્યારે તેમા ઐશ્વર્ય ગ્રહણ થતા તે આત્મ શાંતિ અને નિર્મલ મનના રૂપમા અમૃતનો અનુભવ આપે છે. આગળ, સેવા ધર્મ ભૌતિક સામગ્રી : સંપતિ અને જરૂરિયાતોને પાત્ર બને છે અને મન, વચન, કાયા વડે તેનો અમલ કરવો જોઈએ અથવા કોઈપણ તેવા ઉદ્ભવ અંદર ઉમદા સેવાની દિશામા એક ભાગરૂપ હિસ્સો અર્પણ કરવો જોઈએ. આ સેવા : કર્તવ્ય એક મહાન શક્તિમા ઉદય પામે છે.

સેવા ધર્મના વિભિન્ન માર્ગ જેનો ઉલ્લેખ કર્યા મુજબ છે તે ૧. વિદ્યા અભ્યાસ સેવા. ૨. પુનર્વસવાટ અને રાહત સેવા. ૩. અન્ન ક્ષેત્ર : સદાવ્રત અને સખાવત સેવા. ૪. માનવ સેવા. ૫. ઔષધ સેવા : સારવાર. ૬. વાણિજ્ય સેવા. ૭. રાષ્ટ્ર સેવા. અનુસંધાન સેવા. પ્રાણી અને પંખી સેવા અને વૃક્ષા રોપણ. અનુસંધાન પુદ્ગલિક સંસ્કૃતિ.

શાસ્ત્ર સેવા ધર્મની ઘણી વિશિષ્ટ લાક્ષણિકતા દિવ્ય શક્તિના રૂપમા દર્શાવે છે તે એમ સ્પષ્ટ વર્ણવે છે કે જે સ્થાન ઉપર સેવા ધર્મની સ્થાપના થયેલી છે ત્યાં પરમાત્માના આશીર્વાદ વરસે છે તેથી તેના અનુસરણમા કુદરતના ક્ષેત્રની શક્તિઓ : દેવો પણ તેના ઉપર આશિષ બક્ષે છે તેથી તેના પરંપરાગત ન્યાયથી સંત-મહાત્માઓ પણ શ્રી ગુરુકૃપાથી આશિષ બક્ષે છે.

પરમાત્માના એક અપવાદ સિવાય કારણ કે ઈશ્વર એક સંપૂર્ણ શક્તિ છે પરંતુ તે કક્ષામા સમકક્ષ પરમ રામ ભક્ત અને બળમા સર્વશ્રષ્ઠ શ્રી હનુમાનજી દેવ અને સિદ્ધિવિનાયક શ્રી ગણેશજી દેવ જે સર્વાંગ ધર્મ ઇતિહાસમા તે પછીની પ્રધાન શક્તિના દર્શન થાય છે. શાસ્ત્ર દર્શાવે છે કે પરમાત્મા પાસે પણ તેવી સ્થિતિ ઊભી થઈ હતી કે જ્યાં તેમને દેવ શ્રી હનુમાનજી અને શ્રી ગણેશજીની સેવા સ્વીકારવી પડી હતી.

શાસ્ત્ર તેવા પાત્રની સમકક્ષ બીજા ઘણા દૃષ્ટાંતો દર્શાવે છે કે જેમના તરફથી સેવાની અનિવાર્ય જરૂર પડી હતી, તેના દૃષ્ટાંતમા પરમાત્મા શ્રી કૃષ્ણચંદ્રએ કુરુ

ક્ષેત્ર ઉપર યુદ્ધમા ધર્મની રક્ષા કરવા મહાન તપસ્વી શ્રી અર્જુનને આદેશ આપ્યો હતો. ઋષિ વાલ્મીકિએ તેમના તપોવન : સાધના આશ્રમ ઉપર દૈત્યોના હુમલા સામે રક્ષણ કરવા શ્રી રામ અને લક્ષ્મણને તેમના સહચર્યમા રહેવા મહારાજા શ્રી દશરથને આજ્ઞા કરી હતી. તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ જ્યાં જ્યાં આવશ્યકતા જણાય ત્યાં ધર્મ દેશના આપવા ગણધર શ્રી ગૌતમ સ્વામીને આદેશ આપ્યો હતો. ભક્ત શ્રી શ્રવણકુમાર તેમના અશ્કત માતાપિતાને તીર્થયાત્રાએ જવા માટે જાતે જ પોતાના ખભા ઉપર કાવડ; ડોલીમા ઉંચકીને લઈ ગયા હતા.

શીરડીના સંત શ્રી સાંઈબાબા, વીરપુરના સંત શ્રી જલારામ બાપા તેઓ સેવા ધર્મના સત્ય દર્શન છે. વર્તમાન સમયના અસ્તિત્વમા સેવા ધર્મ જે પરમાત્મા અને ભક્ત વચ્ચે એક મધ્યસ્થ શક્તિમા ખડો છે. બીજા ઘણા પ્રકારના સેવા આશ્રમોની ભારતમા ઘણી જગ્યાએ સખાવત વ્યવસ્થા નીચે સ્થાપના થયેલી છે. અનુસંધાન સેવાઓ.

આજ્ઞા-ધર્મ.

આ શક્તિ, શ્રી ગુરુ આજ્ઞાનો વિનયશીલ કાર્યકુશલતાથી આદર કરવા જેમા નિશ્ચયને ઉત્તમ શક્તિથી ટકાવી રાખવા અને ઇતિહાસમા ઊંચા લક્ષ અને આદર્શ અંકિત કરવાના સમાવેશ સાથે છે.

ધર્મના આચાર પાળવાથી વધારે લગભગ બીજુ કશુ જ શ્રેષ્ઠ નથી, તે તેમ પણ નથી કે ધર્મની સંપૂર્ણ રચના પ્રમાણે, પરંતુ ઓછામા ઓછી જે આશા રાખી શકાય તે કર્તવ્ય વડે પરમાત્મા અથવા ગુરુ મહાત્માને અપર્ણ કરવુ જોઈએ. ગુરુ આજ્ઞાનો સ્વીકાર કરવા પોતાને મક્કમ થવુ જોઈએ અને તે સાચી રીતે અનુસરવી જોઈએ.

ઈશ્વર તેના આજ્ઞાધારીઓને ચાહે છે. તેઓ તેમના ઋણીઓ પ્રતિ સૌ પ્રથમ વફાદાર છે. તેઓ તે બધાને જીવનની કોઈપણ પરિસ્થિતિમા માનસિક અને શારીરિક રીતે તંદુરસ્ત રાખે છે. તેઓ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે સિદ્ધાંતિક રીતે ધર્મ સબંધી અને કાયદા સબંધી કે જ્યાં કોઈપણ સબંધકર્તા કર્તવ્ય : સેવામા જેઓ રોકાયેલા હોય તે સર્વેને બંધનરૂપ છે. ત્યાં બહોળી સુશિક્ષિત સમાજની હસ્તી છે જે જગત : દુનિયામા દાખલ થવા પ્રવેશ દ્વાર છે. નહી તો પછી આ એક ખુલ્લુ ક્ષેત્ર છે ત્યાં પણ જીવન હસ્તી છે જ્યાં નર્ક સમાન નિર્દયતા સિવાય કશુ જ નથી. કદાચ ત્યાં સોગણી વધારે મોજ-મજા મેળવાતી હોય પરંતુ પરિણામે તે સઘળુ ફોકટ અને વ્યર્થ બને છે.

મુક્તિ-મોક્ષ.

પરમાત્માએ તેમ સ્પષ્ટતા કરી છે કે કોઈપણ જીવ-જાતીમા આત્મા મોક્ષ પામી શકે છે. ધર્મની રચના તેને સફળ : સિદ્ધ કરવા એક માત્ર શક્તિ છે. વિશેષતઃ ચેતન તત્ત્વ : જીવાત્મા જે પોતે જ જીવન સર્જનાત્મક છે અને સંવેદનશીલતા ખુલ્લી કરવા કાર્યકારી બને છે તેથી આત્મા જ મુક્તિ-મોક્ષ સાથે સબંધ ધરાવે છે.

શાસ્ત્ર દર્શાવે છે કે આત્માની મુક્તિ શક્ય છે સિવાય કે ગુરુત્વાકર્ષણની અસરમાથી તેનો છુટકારો થવો જોઈએ. તેથી તે શુદ્ધ; પૂર્ણ સ્થિતિમા આવવો જરૂરી છે. આ સ્થિતિ કે જેમા ફરી જન્મ થવા તેની ઉપર ગુરુત્વાકર્ષણ અસર કરી ના શકે. દષ્ટાંતમા જેમ એક કમળનુ ફૂલ, ફૂલ અને જલબિંદુ તે પાણીમા જ ખીલે છે, પરંતુ પાણીનો સ્પર્શ થતો નથી. તેવી જ રીતે આત્મા શરીરમાથી છુટકારો પામીને ફરી ગુરુત્વાકર્ષણમા ના આવે, જેથી કરીને આત્મા પંચ મહાભુત તત્વ સાથે પણ સંપર્કમા ના આવે, તે ફક્ત સૂર્ય ગ્રહમંડળમા જ નહી, બીજા કોઈ ગ્રહ ઉપર પણ નહી, અવકાશ ક્ષેત્રમા ક્યાંય પણ નહી, પરંતુ અનંત બ્રહ્માંડ : વિશ્વમા તેનુ સ્વયં અસ્તિત્વ આત્મ તત્ત્વના રૂપમા જ જળવાય રહે કે જ્યાં કોઈ શરીરી જીવ નથી, પરંતુ ત્યાં ફક્ત સર્વવ્યાપક ઈશ્વર : શ્રી હરી ૐ, પરબ્રહ્મ સર્વજ્ઞ પરમાત્મા જ છે.

શાસ્ત્ર તેમ સ્વીકાર કરે છે કે મુક્તિ પોતાના જ વડે શક્ય છે કે જેને યોગ-સાધનાના નિયમોનુ પાલન કર્યું હોય, તેમા યોગ સિદ્ધિ થવી જરૂરી નથી, પરંતુ મન, વચન, કાયા વડે થતા દરેક અર્થમા બધા જ કૃત્રિમ અને બંધનરૂપ આકર્ષણોનો ત્યાગ કરવા સુસજ્જ થવુ જોઈએ.

શાસ્ત્ર તેના થોંડા અપવાદ રૂપ મહાન ચરિત્રો દર્શાવે છે કે મહારાજા શ્રી પરિક્ષિત, મહારાજા શ્રી યદુ, મહારાજા શ્રી જનક, તેઓના સર્વાંગ જીવનમા કર્મ-યોગ ઉત્તમ ગુણવાન હતો અને ધર્મ દેશના વડે યોગ-સાધનાનુ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતુ, તેથી તે બળ આધારે તેઓ મોક્ષ-સિદ્ધ આત્માથી સ્વીકૃત થયા છે.

શાસ્ત્ર દર્શાવે છે કે કેવલી પરમાત્મા શ્રી મહાવીર સ્વામી જ્યારે દેશના આપે છે તે સમવસરણની રચના : શિલ્પ કલાના દિવ્ય સૌંદર્યથી પ્રભાવિત થાય છે. ત્યાં જીવ-જગતની ઘણી જીવ સંસ્કૃતિમાથી દેવો, મનુષ્યો અને પ્રાણીઓ ઉપસ્થિત રહેતા. ગણધર શિષ્ય શ્રી ગૌતમ સ્વામીને તે વિષે જાણવાની જિજ્ઞાસા થાય છે કે પ્રાણી જીવોનો આત્મા મોક્ષ-સિદ્ધ થઈ શકે કે કેમ ?

શાસ્ત્ર દર્શાવે છે કે શ્રી પ્રભુએ પોતે જ સ્પષ્ટતા કરી હતી કે તે પણ શક્ય છે અને ધર્મ દેશનામા ઉપસ્થિત એક ઉંદર જીવ વિષે હકીકત ખુલ્લી કરી તેમ નિર્દેશ કર્યો હતો કે તે મોક્ષ સિદ્ધ આત્મા થશે અને આગળ બીજા પ્રાણી જીવ જે હાથી, બળદ અને દરીયાય મચ્છ વિશે દર્શાવ્યુ કે તેઓ પણ મોક્ષ સિદ્ધ આત્મા હતા.

સંત તુલસીદાસજી મહારાજ શ્રી રામાયણ દર્શનમા પંખી જીવ શ્રી જટાયુના મહાન પાત્રનુ વર્ણન દર્શાવ્યુ છે કે જેને રાવણ સામે પ્રતિકાર કર્યો હતો અને જટાયુ પાસેથી બચવાનો તેને કોઈ ઉપાય દેખાતો નહતો. તેઓ સીતાજીને ઉપાડી જવાથી નૈતિક રીતે પણ મહાત થયેલા હતા અને તેથી છેવટે રાવણે કેવુ કર્યુ ! કે તેમણે મહાન જટાયુનુ મૃત્યુ નિપજાવ્યુ, શાસ્ત્ર દર્શાવે છે કે પરમાત્મા શ્રી રામ તુરત તે જગ્યાએ આવી પહોંચે છે અને તેમને સ્વયં મહાન જટાયુને મોક્ષ-સિદ્ધ આત્માથી સ્વીકાર કર્યો હતો.

પ્રભુ મહાવીર સ્વામી તે વિષે જાણતા હતા કે શ્રી ગૌતમ સ્વામી સ્વયં સિદ્ધાત્મા છે પરંતુ તેમની સાથેના તેમનો પ્રેમ જે કેવલ-જ્ઞાન વચ્ચે ફક્ત એક અવરોધ પડેલો હતો. શ્રી મહાવીર સ્વામીએ તે પ્રેમને તેવી શિષ્ટતાથી દૂર કયો કે જે સમયે તેઓ આ જગત છોડી ચાલી ગયા તે પહેલા તેમનાથી દૂર ધર્મ દેશના આપવા મોકલે છે. આ ગહન શોકમય બનાવમા શ્રી મહાવીર સ્વામીએ કેટલી હદ સુધી દુઃખ અનુભવ્યુ હશે અને ગૌતમ સ્વામીને કેવલ-જ્ઞાન પ્રાપ્ત થવામા તે કેટલુ ઉપકારી થયુ હતુ. શાસ્ત્ર તે બધા જ સુખ-દુઃખો અને ચેતન-આત્માની મુક્તિના દર્શન આપે છે.

સેવાઓ

સેવા-ધર્મની વિભિન્ન સેવાઓનો સંક્ષિપ્ત પરિચય. અનુસંધાન સિદ્ધ-શક્તિઓ જેવી કે, ૧. વિદ્યા અભ્યાસ સેવા ૨. પુનર્વસવાટ અને રાહત સેવા ૩. અન્ન-ક્ષેત્ર; સદાવ્રત અને સખાવત સંસ્થાન ૪. માનવ સેવા ૫. ઔષધ વૈદક : દાક્ટરી સેવા ૬. વાણિજ્ય સેવા ૭. રાષ્ટ્ર સેવા. પશુ-પક્ષી સેવા અને વૃક્ષારોપણ, અનુસંધાન પુદ્ગલકિ સંસ્કૃતિ.

વિદ્યાભ્યાસ સેવા

તત્વજ્ઞાન વિદ્યાલય આધ્યાત્મિક અભ્યાસની પ્રધાન શાખા છે. તે સુશિક્ષિત સમાજના પાયાના સંસ્કાર ઘડવા સેવા બજાવે છે. નિષ્ણાંતો, મહાત્માઓ અને પંડિતોએ જીવનના ઉત્કર્ષ માટે સિદ્ધાંતિક અને વ્યવહારિક રીતે આગળ વધવા સંશોધન રજૂ કરી વિવિધ અભ્યાસોની સ્થાપના કરી છે.

વિદ્યાભ્યાસ લક્ષ અને ઉદેશ્યમા સફળ થવા જ્ઞાન શક્તિનો વિકાસ કરવા મુળભૂત રીતે આવશ્યક છે. શાસ્ત્ર પાઠ્ય-પુસ્તક વિદ્યા, તેની કળા અને ગુણધર્મનો અભ્યાસ કરવા સત્યને જાળવી રાખે છે. પુસ્તકો અને સાહિત્ય વિષય સબંધી અભ્યાસ કરવામા મદદરૂપ થાય છે. વિશ્વ વિદ્યાલય અને વિદ્યાલય જગતમા સર્વત્ર વિદ્યાભ્યાસ સેવાની વ્યવસ્થા ઉપર મુખ્ય અંકુશ ધરાવે છે. વિદ્યાભ્યાસ એટલો વિસ્તાર પામ્યો છે કે તે સંપૂર્ણ રીતે પુરો થઈ શકતો નથી. તેમ છતા પણ વિદ્યાભ્યાસ અને આચાર સિદ્ધાંતો જ્ઞાનની સ્થિર પરિપકવતા બનાવી શકે છે.

આં સેવાઓના લક્ષથી ભારત દેશના વર્ષો જુના ઇતિહાસથીં સ્વામીનારાયણ ધર્મ અને મહર્ષિ આશ્રમ તરફથી શ્રી રામકૃષ્ણ આશ્રમ-રાજકોટ, શ્રી અરવિંદ આશ્રમ-પોંડિચેરી, શ્રી ગણેશપુરી આશ્રમ-મુંબઈ, શ્રી શાંતિ નિકેતન-કલકત્તા, શ્રી અગ્નેલ આશ્રમ – મુંબઈ, શ્રી આણદાબાવા આશ્રમ-જામનગર, આ બધા સંપ્રદાયોમા ગુરુકુલ અને શિષ્યવૃત્તિ સંસ્થાન દ્વારા વિદ્યાભ્યાસ સેવા સાથે ધાર્મિક વિષય-સાર આગળ મૂક્યો છે. આ વિદ્યાભ્યાસ બીજી ઘણી વિદ્યાપીઠ કરતા વધારે મુલ્યવાન ગણવામા આવે છે. તદ્ઉપરાંત વિદેશના દેશોમા પણ તેના અનુયાયીઓ વધારવા સફળતા મળી છે. આ સાહસ ઊંચા સમાજમા ઘણુ જ આવકાર પાત્ર બન્યુ છે. આ દિશામા એક નવો સંપ્રદાય 'ઇસ્કોન સંસ્થાન' જેનો આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામા વિકાસ થયો છે.

ભારતની પ્રજાના વિદ્યાભ્યાસ વિકાશ માટે રાજ્ય સ્તરે ઘણા આશાસ્પદ કાર્યક્રમો અમલમા મુક્યા હતા. જો તે બધા જ સફળ થઈ શક્યા હોત તો ભારત દેશ સુષિક્ષિતતામા એક આગવી પ્રભાવશાળી શક્તિ બની રહેત, પરંતુ દેશને જેના હાથમા તેના મુખમા તેવા ક્ષુદ્ર માધ્યમથી જબરજસ્ત ફટકો ભોગવવો પડ્યો. તે પરિણામે વિદ્યાભ્યાસ અને વહીવટ નબળો પડ્યો. આ પરિસ્થિતિ વિષે વિચારી જોતા ભારત દેશે વિદ્યાભ્યાસ સેવામા ઘણા લાંબા પંથ સુધી જવાનુ છે. આ દિશામા ઉત્કૃષ્ટ શક્તિ ફરી પ્રાપ્ત કરવા પ્રજાને સત્ય માર્ગે જવા ઈશ્વર આશીર્વાદ બક્ષે.

પુનર્વસવાટ અને રાહત સેવા

ભારત એક જ તેવો દેશ છે કે બર્મા અને મુસ્લિમ દેશોની દરિદ્ર પ્રજા અને નિર્વાસિતોને ભારત દેશમા પુનઃ વસવાટ કરવા તેમને છુટછાટ આપી છે. તેઓ ભારત દેશવાસી ગરીબ પ્રજા જે પછાત-વર્ગથી જાણવામા આવે છે તેમની સાથે ભળી ગયા છે. આ ક્ષેત્રમા કેટલા પ્રમાણમા વિકાસ સાધ્ય થશે તે નક્કી થઈ શકતુ નથી, કારણ કે કમનસીબીએ સામાન્ય રોજિંદા જીવનની ઘણી મર્યાદા અંદર તેઓ જન્મથી જ ભોગ બન્યા હોય છે અને સર્વાંગ જીવન દરમ્યાન એક પછી એક વિટંબણાઓ ઊભી જ રહે છે તેથી રાજ્ય સ્તરે સેવા કાર્યક્રમોની વ્યવસ્થા કરવી શક્ય બની શકે, તેમા સંસ્થાકીય મંડળ, ખાનગી ક્ષેત્ર, વ્યક્તિગત એકમ અને બીજાઓ દ્વારા શક્ય તેટલી મદદ અને સેવામા ભાગ લેવા સહકાર આપવો જોઈએ.

આ પરિસ્થિતિ બીજા ઘણા નાના દેશોમા પણ દુઃખગ્રસ્ત બનેલી છે. આ સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા અને સંસ્થાકીય વિભાગ તરફથી તેમની શક્ય તેટલી કાર્યક્ષમતાથી જુદી જુદી વિસ્તાર્ણ સેવાઓ આપવામા આવે છે. આ દરિદ્ર પ્રજાને દેશ અને વિદેશમાં માનવતા ભરી સેવાની બહોળી જરૂરિયાત છે.

અન્નક્ષેત્ર; સદાવ્રત અને સખાવત સંસ્થા

અગાઉના યુગમા પરમાત્મા-દર્શનના દષ્યમાન દિવ્યતા માટે મંદિરો અને આશ્રમ સ્થાનોની જ્યારે સ્થાપના થઈ, તે સમયથી ઘણા ધર્મ સંપ્રદાયો તરફથી સંત મહાત્માઓ અને દાતાઓએ તીર્થધામ સ્થાનો ઉપર મુલાકાતી યાત્રાળુઓના લાભાર્થે અન્નક્ષેત્રની વ્યવસ્થા કરી હતી, ત્યાં અન્નક્ષેત્ર આયોજિત શ્રી પરમાત્માની કૃપાએ ભોજન અને પ્રસાદ આપવા વિશિષ્ટ સેવા અપાય છે. આ સેવા ભારતના દરેક તીર્થધામ સ્થળો ઉપર ઉપલબ્ધ છે.

પરમાત્મા દર્શનની દિવ્યતા પ્રદર્શિત કરવા ભારત ભૂમિનુ અનોખુ ગૌરવ છે. પ્રતિમાઓ, શિવલિંગ, મંદિરો અને આશ્રમોની સ્થાપના ઐતિહાસિક અસ્તિત્વમા જે કઈ થઈ હોય તેનાથી ઘણી વિશેષ થયેલ છે. આ વિકાસ જુદા જુદા સંપ્રદાયો તરફથી અવિરત પણે થયેલો દેખાય છે. તેમાની દરેક મોટી શિલ્પકલા સાથે અન્નક્ષેત્ર અને સખાવત સંસ્થાની સ્થાપનામા અગાઉના મૂળ અસ્તિત્વથી જ ધર્મ પ્રથમ હરોળમા ઊભો રહ્યો છે.

આ દિશામા ઘણી સખાવત સંસ્થા : સેવા સંસ્થા મારફત વિવિધ પ્રવૃત્તિ અને કાર્યક્રમો પણ હાથ ધરવામા આવે છે. જેવા કે સાધુ અને ભિક્ષુકોના લાભાર્થે નિઃશુલ્ક સેવા વ્યવસ્થા, ભોજન, કપડા : ધોતી અને ખેસની જોડી, ધાબળા અને ઔષધ પુરી પાડવા, અનાથ બાળકોને નિઃશુલ્ક વિદ્યાભ્યાસ સાથે છાત્રાલય સગવડ, દરિદ્ર ભીખયાચકોને ભોજન આપવુ, પ્રાણીઓ અને પંખીઓને ઘાસ-દાણા આપવા, આ બધી અદ્ભુત સખાવતો તમામ રીતે સંત મહાત્માઓની કૃપા અને મહાન આશ્રયદાતા અને દાતાઓ તરફથી આપેલા ભવ્ય ટેકા વડે રચના થયેલી છે.

માનવ સેવા

તેવા ઘણા ક્ષેત્રો છે જ્યાં માનવ સેવાની વિશાળ તકને નિમંત્રી રહી છે. વાસ્તવમા આ માર્ગ ઉપર પહોંચવા ખાસ કરીને દરિદ્ર પ્રજા, પછાત વર્ગ, અસક્ત જનો માટે સેવા આપવી શક્ય બને છે. તેમજ કુદરતી આફતો અને મોટી હોનારત દરમ્યાન, સામાજિક દમન, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમા જોડાવુ વગેરેમા માનવ સેવા આવશ્યક છે. આ સેવાઓ જે વ્યક્તિઓ તેમની નિષ્ઠા અને આત્મ સમર્પણ કરી શકે તેઓના અનુપમ ઉત્સાહને સાદ આપી રહી છે. માનવ સંસ્કૃતિની આ એક એવી મહાનતા અને દયાભાવના છે કે તે બીજાની મુશ્કેલીઓમા અરસ-પરસ ખંભા મીલાવી કાર્યમા જોડાય શકે છે.

ભારતના મહાત્મા શ્રી ગાંધીજી, અંગ્રેજ પ્રતિનિધિ મંડળના માતા શ્રી ટેરેશા, શ્રી એનિ બેસેન્ટ, જેઓ માનવ સેવાના મહાન હિમાયતી હતા અને તેઓની ઉમદા સેવા બદલ રાષ્ટ્રીય માનથી સન્માન થયેલ. સેવા-ગ્રામના મહાન શ્રી વિનોબા ભાવે, ગ્રામ્ય વિસ્તારના પંડિત શ્રી રવિશંકર મહારાજ, રોમન ખ્રિસ્તી પ્રતિનિધિ મંડળના સામાજિક સુધારણામા આશાવાદી પાદરી : ધર્મગુરુ શ્રી વાલેશ, ખ્રિસ્તી ધર્મના સાંસ્કૃતિક વિદ્યાભ્યાસના ધર્મગુરુ શ્રી અગ્નેલ, આ બધા મહાનુભાવોએ માનવ સેવામા જ જીવન સમર્પિત કર્યું, તેવા પણ અપવાદ રૂપ ઘણા પાત્રો છે કે તેઓ

પોતાની અંગત શક્તિથી સેવા હાથ ધરતા હોય છે. હકીકતમા જીવન-નિર્વાહ, કેળવણી અને ઔષધ સહાયતાની આ એક અમર્યાદિત અછત છે. દેશની મોટા ભાગની પ્રજાની નબળી સ્થિતિ સબંધમા તે વિશાળ પ્રજા સમુદાયમા સંજોગો આધિન ઉતરી આવેલ હોય તેમ માની શકાય છે.

ભારતમા ઘણા સંસ્થાકીય વહીવટ છે જેમા પ્રાથમિક જરૂરિયાતો બાબત પ્રવૃત્તિઓ અનુસરવામા આવે છે. આ ઉદ્દેશ્ય પ્રવૃત્તિઓ જે આવી પીડિત પ્રજાના લાભાર્થે વિસ્તર્ણીય એકમો દ્વારા પણ સેવા કાર્યક્રમો હાથ ધરવા વિકાસ થયો છે. આ હેતુ લક્ષી પ્રવૃત્તિઓની સફળતા માટે ધંધાકીય ગોઠવણ વગર, સિવાય કે જે સ્થાયી ખર્ચ ઊભા છે તે માટે નાણાકીય મદદ અને ચીજ વસ્તુઓ આપવામા આવે છે તે બક્ષિસ અને મદદ, દાન અને ફંડના રૂપમા મેળવવી જરૂરી છે, અને આ વહીવટ અંદર સમુહ શક્તિનો સંયોગ થવો જોઈએ જેથી આખી સ્થાપના સેવાની સિદ્ધિમા યશસ્કર બને છે.

મહાન આંતરરાષ્ટ્રીય સંસ્થાપન યુનેસ્કો, Unesco. યુનિસેફ Unicef અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન : Who, જગત સ્વાસ્થ્ય સંયોજના દ્વારા જગતના દેશોની બહોળી પ્રજામા ઉમદા સેવાઓ આપવા મોટા કાર્યક્રમો વડે સાહસ ઉઠાવાય છે. ભારત સરકાર મારફત આપવામા આવતી ખાસ મદદ વડે ભારતની બક્ષિસ અને મદદ પાત્ર સંસ્થાઓ દ્વારા મુખ્ય પ્રવૃત્તિઓનુ સંચાલન થાય છે, તેમા નિઃસહાય માટે જે સેવાઓ અપાય છે તેમાની થોડી સંસ્થાઓ નામ સાથે દર્શાવેલ છે, તેની વિગતો જાહેર ક્ષેત્રના જીવન વીમા સેવાના સંદર્ભમા દર્શાવી છે તે પત્ર સંબોધન ભારતીય જીવન વીમા નિગમ શાખા ૧/૮૧૪, જામનગર સાથે થયેલ તે પત્ર માહિતી માટે જોડેલ છે.

એલ.આઈ.સી.ઓફ ઇન્ડિયા, રાજકોટ વિભાગીય મંડલના પત્ર અનુસંધાન, સેલ્સ/આર.ડી.ઓ./એમ.એમ.ટી. તા. ૫-૯-૧૯૯૧, 'જીવન વીમા નવરચનામા એક દષ્ટિક્ષેપ' ઉપર નિબંધ નિગમની સેવામા સાલ ૧૯૯૦/૯૧ મા લખ્યો હતો તે અનુસંધાન પત્ર આ સાથે જોડેલ છે.

પી.સી.સી. : પોપ્યુલેશન ક્રાઇસિસ કમિટિ, પીડિત પ્રજા સમિતિ, અનુસંધાન-પુદ્‌ગલિક સંસ્કૃતિ, મનુષ્ય સંસ્કૃતિ.

Life Insurance Corporation of India.
Ref : Sales / RDO / MMT. Date. 5.9.1991.

Re : Life Insurance, at a glance in reformation.

I have received your article on the above subject and found it very interesting. I hope you will continue to take interest in the working of L.I.C. even after retirement from Corporation.

Yours faithfully,
M. M. Thakker
Sr. Divisional Manager

Date. 8/13 November 1991.

Shri Branch Manager,
Life Insurance corporation of India,
Jamnagar Branch Office. 814.

Respected Sir,

Reg :- Inquiry proposal for Insurance.
Shri Dilip B Sheth. Smt Sonal D Sheth.
Handycaptd; Deaf & Dumb.

I have the honour to request you that,I could get an opportunity to represent the case particulars and Bio-Data of Shri Dilip B Sheth and Smt Sonal (Wife). handicaptd of above troubles and they are residing of Jamnagar.

Shri Dilip was born on fourth normal delivery of Smt Champaben Babulal Sheth (Mother). The parent came to knew about the trouble of hearing at the age of one year of his son Dilip. They have consulted Dr. Modi, at Rajkot, and Dr. Chhaya, at Ahmedabad, and common treatment was taken for the remedy. But, Dilip was already handycaptd of Deaf & Dumb difficulty. According to the information given by the parents that he had not suffered any disease or serious illness in the childhood.

The parent are residing of Jamnagar since last 50 years. They have taken care for Dilip education at the age of 10 year and he was admitted in the Deaf and Dumb (Handycaptd) School at Junagadh, where he was stayed in hostel and studied upto 7th standard.

Shri Babulal Lalchand Sheth (Father), who was lastly retired in the year 1980. from the service of 14 yeras with State Transport Corporation, Gujarat, at Jamnagar. He was holding Insurance Policy of Rs. 2.500. bearing No. 14083179. Fully matured in 1976/77.

The father have helped his son to be engaged in the business acivities at the age of 20 years of Dilip.and they have established a Book- Stall in the name of M/s Anand Book Stall, near Tin Bati, Jamnagar. Since last 15 years Dilip him self engaged and managing the Book Stall with sales and Library system. Through his savings. he has also developed his Capital investment and Bank deposits.

Shri Dilip was get enaged and married with·Smt Sonal Chandulal Modi, residing of Sayla, Dist. Rajkot, in the year 1964. i.e. at the age of 30 years. Smt Sonal (Wife) is also handycaptd of Deaf & Dumb. She has similar history of her childhood and studied upto 9th standard in Deaf & Dumb School at Ahmedabad, with other activities in Tailoring and pattern cutting. Both of them are happy married life with good living standard. In his family, they have two childern namely Kum. Vaisali (Daughter 5 yrs) and Kr. Visal (son 2 year).

They are bonafied to avail special assistance granted by the Government of India, Gujarat State, in the case of handycaptd lives for those who are self engaged in activities. In addition, the matter attracts with the Life Insurance Corporation of India, in consideration for possible relief in Extra Premium.

The brief notes of the article ``Life Insurance at a Glance in reformation" in which through an over-sight, this important fact could not been stated specifically about handycaptd persons. The other reference have given in paragraph 10 of the above article.

The below stated general information in the case of handycaptd persons, that have furnished by the Principal, Mundra & Dhanani School for Deaf & Dumb, Jamnager, and the House-Master, Training School/Center for Blindman, Jamnagar. The annual report (one) and brochure (two) also been furnished and the same have enclosed herewith for kind information.

1) The special assistance granted by the Goverment of India. Gujarat State.

1.	Individual Subsidy.	
2.	Free education with hostel and mess fecilities.	
3.	Scholarship.	For the parents under lower income upto Rs. 10.000/.
4.	Provide Hearing Aid.	
	provide Tricycles.	
	Provide Calipears.	For the Polio handycaptd.
5	Free Travelling.	For the Blindman.
	Concessional travelling.	Handycaptd other than Blidnman.
6.	Employment facilities.	5. per cent from the reserve quota.

2) The special activities managing by the Grant-in-Aid institutes in all State of india, among them 30 institutes are working in Gujarat State, thereof several prominent institutes are namely mentioned below.

Handycaptd Deaf & Dumb.

1.	Aliaver Jung Institute, Bandra, Bombay.	education based with studies for future stability.
2.	Gandhidhar School. Kachholi. Dist. Valsad.	- As above -
3.	Khimchand Laxmichand - Institute, Bhavnagar,	- As above -
4.	Mundra & Dhanani School. Jamnagar.	Education based only.

Handycaptd Blindman.

1.	National Association. Bombay.	Financiel assistance. International Level working Brnaches in all State of India.
2.	Royal Common Wealth Society. Bombay.	-As above - and Medical assistance.
3.	Blindman Relief Association. Bombay.	Financial assistance.
4	Blindman Association. Ahmedabad.	Education based for College upto M. Phil. (Master of Philosophy)
5.	Social Welfare Board. Delhi & Ahmedabad.	Financial assistance. (Projected Grant).
6.	Department of Social Welfare. Ahmedabad.	Food and Medical assistance.

Blindman & disabled in Limbs.

7	Blindman Sarvodaya Mandal, Rajkot.	Setting out the promblems of handycaptd. Assistance for future stability. Employment guidence and providing facilities.

8.	Training School/Centre for Blindman. Jamnagar.	Education and Commission based Home Industries, Studies in Sangeet upto 'Visarad'. Medical assistance.

I hope that the above information will be sufficient in consideration to granting relief for handycaptd life cases as may be suitable to the Life insurance Corporation of india.

With regards.

Yours Sincerely.
M. J. Jhaveri

Copy forwarded for information.

1. Mundre & Dhanani School for Deaf & Dumb. Jamnagar.
2. Training Centre for Blindman. Jamnagar.
3. Blindman Sarvodaya Mandal. Rajkot

P.S.

As per your kind advice, Medical report and Quairy forms are complied with both the proposal on individual insurance. and other certificates are duly attached. I request to do needful into the matter and shall oblige.

Dt. 21 Nov. '91.

દાક્તરી સેવા

ધર્મ એક મહાન શોધ છે જે નૈતિક ઉદ્દેશ્ય મુલ્યાંને નાતિધર્મના કર્તવ્ય સાથે દોરી જાય છે. તેમાનુ વિજ્ઞાન આધ્યાત્મિક શક્તિનુ દર્શન આપે છે અને શક્ય તેટલુ શુદ્ધ જીવન માર્ગનો નિર્દેશ કરે છે. તે વેદ શાસ્ત્રોની ઝાંખી આપે છે તેમાનુ એક આયુર્વેદ જેની ધર્મના મૂળભુત સિદ્ધાંતો બરોબર રચના થયેલી છે. તેના સંદર્ભનુ જ્ઞાન-પ્રલોભનોથી દૂર રહેવા, સંકલ્પ શક્તિને કેન્દ્રિત કરવા અને આરોગ્યના મુલ્યોને સ્વાભાવિક નિત્ય ક્રમમા લાવવા, તે પોતાની જાતે જ કેળવવા દોરે છે.

શાસ્ત્ર દર્શાવે છે કે આયુર્વેદના સિદ્ધાંતો વાસ્તવિક જીવનમા અનુસરવા જોઈએ. સામાન્ય રીતે શરીર તેના બંધારણ વડે પૂર્ણ શારીરિક ગુણધર્મ સાથે શક્તિમાન છે. તે શક્તિનુ ઉપાર્જન કરે છે. શક્તિના પ્રવાહને પરિભ્રમણ કરે છે. તે અવયવોની સ્થિતિ સ્થાપકતા અને વળી શકે તેવી કોમળતાને ટકાવી રાખે છે અને બીજા બધા શારીરિક તંત્રોનુ યોગ-કર્મ દ્વારા વધુ સારી રીતે સંચાલન થઈ શકે છે. કારણ કે શરીરનો ગુણધર્મ જાતે જ તકલીફ સામે રક્ષણકારી છે તેથી યોગ-કર્મનો કેવી રીતે અમલ કરવો તેની અગત્યતા છે, તે જીવ : જીવનમા છુપાયેલી સુષુપ્ત શક્તિને કેવી રીતે ગતિમાન કરવી અને જ્યાં ઔષધિય મદદની જરૂર પડે ત્યાં ટુંકી સારવાર પણ ક્રમબદ્ધ થવા પુરતી બની રહે છે.

ભારત દેશ દાક્તરી વિજ્ઞાનમા ઘણી પ્રગતિના પંથે ઊભો છે તેમ છતા બંને બાજુએ તેવી માન્યતા પડેલી છે કે વર્તમાન ઔષધ વિજ્ઞાન પ્રાચીન ઔષધોપચારથી વધુ પ્રગતિશીલ છે. આ સંદર્ભમા સત્ય તે હોય શકે કે પ્રાચીન પ્રજા ધર્મના આચારનુ પાલન કરતી હોવાથી તેમની તકલીફો અને દર્દો તેની મર્યાદામા જ સાધ્ય થઈ શકતા હતા.

સમયાનુસાર સંજોગો બદલાતા ગયા અને સહેલાઈથી જીવન પસાર થાય તેનો વધારે પ્રવેશ થયો. જુની અને હળવી ઔષધોપચાર પદ્ધતિ ઉતાવળી પ્રજા માટે બોજારૂપ બનતી જાય છે, તેથી પરિણામ રૂપે એલોપથી ઔષધોપચારમા રસાયણ મિશ્ર ઉપચારો શરૂ થયા. આ વિજ્ઞાન શારીરિક તકલીફો અને દર્દો અટકાવવા સફળ તો બન્યુ છે પરંતુ શારીરિક ધર્મ તેનાથી શાંત : મૌન રહે છે. દૃષ્ટાંત રૂપ એક

વખત પ્રજાને આ અટકાવથી રક્ષણ મળે છે પરંતુ લાંબા સમય પછી બીજી પ્રજા વડે તે તકલીફો અને દર્દો ઘણા રૂપાંતર સ્વરૂપમા ઉત્પન્ન થાય છે તેથી સ્વાભાવિક રીતે ઔષધોપચાર વિજ્ઞાનનો તે સ્થિતિ ઉપર પહોંચવા માટે ફરી આગળ વિકાસ થવો જરૂરી બને છે. વર્તમાન સમય મનુષ્ય શરીરની નબળી બનેલી સ્થિતિનો નિર્દેશ કરે છે જેમ કે વધુ ને વધુ જિંદગીઓ ઔષધના વ્યસની બનતી જાય છે.

વર્તમાન સમયની પ્રજા દાક્તરી વિજ્ઞાન વડે વિવિધ ઔષધોપચાર અને શસ્ત્રક્રિયા સારવારમા થયેલા વિકાસને લીધે ભાગ્યવંત છે. ભારત દેશમા ઘણા સંશોધનો સ્થપાયા છે અને દાક્તરી સહાય વડે એલોપથી અને આયુર્વેદ સારવારની લગભગ બધા જ પ્રકારની સામાન્ય સારવાર અને ખાસ નિષ્ણાત સેવાઓની સ્થાપના થઈ છે આ સેવાઓ જુદી જુદી વ્યાધિનિવારણ પદ્ધતિ વડે પણ મેળવી શકાય છે, જેવી કે હોમીયોપથી, કુદરતી ઉપચાર, સૂર્યમાળા પદ્ધતિ, યુનાની પદ્ધતિ અને પશુચિકિત્સા વગેરે છે. થોડા સાધારણ પ્રયોગાત્મક ઉપચારો જે એક્યુ-પંક્ચર, એક્યુ-પ્રેસર અને લોહચુંબક પદ્ધતિ દ્વારા પણ થાય છે. આંદોલન : ધ્રુજારી વેગ પદ્ધતિ પણ ઉપયોગી થઈ શકે છે. જેમ કે પાણીના ધોધનો પ્રવાહ : વેગ સપાટી ઉપર સ્પર્શવાથી આંદોલન થાય છે. આ કુદરતી ક્રિયા છે અને વ્યાયામ પદ્ધતિ વગેરે છે.

ઔષધ : દાક્તરી સેવાનો વાહન એકમ દ્વારા પણ વિકાસ થયો છે. આ દિશામા ‘એમ્બ્યુલન્સ સેવા એકમ’ ઉપર સંક્ષિપ્ત નોંધ સાલ ૧૯૮૮/૮૯ મા લખી હતી તે આ સેવા અનુસંધાનમા જોડેલ છે.

પુદ્ગલિક જીવો બીજા ઘણા ગ્રહ ઉપર હોવા સંભવિત છે કારણ કે ભુત-તત્વો જાતે જ સર્જનાત્મક ગુણ લક્ષણ ધરાવે છે અને તે કુદરતના સામ્રાજ્યમા સર્વત્ર કાર્યકારી છે. પ્રશ્ન ફક્ત એટલો જ મૂંઝવણમા રહે છે કે કુદરતની શક્તિઓ વડે તેવી શું રચના થઈ હશે કે સમસ્ત પુદ્ગલિક અસ્તિત્વમા પુરુષ અને સ્ત્રી જાતીની ઉત્પતિ થાય છે. આ તબક્કે તે વિશે કશુ જ ધારી શકાતુ નથી કારણ કે પુદ્ગલ ચરિત્ર જ તેવુ છે કે તેમા આગળ ધારવા જેવુ જ નથી તે આ બધુ સમય મર્યાદિત છે, કારણ કે અસ્તિત્વનુ દ્રવીકરણ થવુ અને તત્વો વડે રૂપાંતર થવુ આ એક સ્થાપિત સિદ્ધાંત છે જે અનંતકાળ સતત ક્રમમા ચાલુ રહે છે.

એમ્બ્યુલન્સ સેવા એકમ.

એકમ.

દાક્તરી સારવાર અસ્તિત્વમા રહેલ દરેક જીવોની સૌથી વધારે અગત્યની જરૂરિયાત છે, આ મદદ તે જ્યાં પીડાતા જીવો સુધી પહોંચાડવા શક્ય કરવી જોઈએ.

એમ્બ્યુલન્સ સેવા એકમ દ્વારા દાક્તરી શક્તિને સેવાના ક્રમમા હિસ્સો ફાળવવા આ એક સુંદર પ્રયત્ન કરવાની તૈયારી રૂપે છે, જે દાક્તરી સારવારના મહાન ઉદ્દેશ્યમા ઘણુ લાભકર્તા અને ગણનાપાત્ર બની શકે છે.

આ આવશ્યક મદદ વિશે વિચારી જોતા જેઓ માંદા અને ઘવાયેલા જીવો ઠેકઠેકાણે પીડાતા હોય છે તેથી સામાન્ય રીતે નૈસર્ગિક માહિતીઓ મેળવવાની જરૂર પડતી નથી.

દાક્તરી ક્ષેત્રમા તે ઘણુ જ પ્રશંસનીય બન્યુ છે કે આંતરરાષ્ટ્રીય સમુહ સંયોજના અને થોડા સંસ્થાકીય કાર્યક્રમો દ્વારા રાજ્ય સરકારની સહાય સાથે સેવા શિબિર યોજવાનુ સાહસ ધરવામા આવે છે. આ કાર્ય નિદાન અને તત્કાલ ઉપાય કરવા સફળ થાય છે પરંતુ દર્દીને સંપૂર્ણ સારવાર મળી શકતી નથી અને તે નિર્ણય દર્દી ઉપર છોડી દેવામા આવે છે તેથી આ પરિસ્થિતિમા વધુ સારુ પરિણામ ત્યારે લાવી શકાય, જો આ સેવાઓ નિયમિત કાર્યમા સંભાળી શકાય.

એમ્બ્યુલન્સ સેવા એકમના કાર્યક્રમો દ્વારા એમ્બ્યુલન્સ એકમના મુકામ સમય દરમ્યાન કેન્દ્ર ઉપર દાખલ થયેલા દર્દીઓની વધુ અસરકર્તા સારવાર સંભાળ રાખી શકાય છે, તેમ છતા જે સ્થિતિમા વધારે સમય માટે સારવાર સુચવવાની હોય તેવા દાખલાઓમા પ્રાથમિક સારવાર કેન્દ્ર અથવા ડૉક્ટર ઉપલબ્ધ હોય તે સ્થાનિક દવાખાના ઉપર ભલામણ કરવી જોઈએ.

એમ્બ્યુલન્સ સેવા એકમ દાક્તરી ક્ષેત્રમા તેમની આશા-અભિલાષામા એક નવો જ અભિગમ રજૂ કરે છે, કે જે ડૉક્ટરો નિવૃત્તિ સમયમા તેમની સેવા આગળ વધારવા અથવા સ્વતંત્ર પણે સેવા આપતા ડૉક્ટરોને આ ઉમદા સાહસમા જોડાવા તક મળી શકે છે. આ એકમની સેવાઓ દ્વારા બાળ રોગ નિદાન અને સ્ત્રી સારવારની દિશામા ઘણી મુશ્કેલીઓ હાંસલ થઈ શકે છે.

ભારત દેશ વિશાળ ગ્રામ્ય પ્રજાના વિસ્તાર ઉપર રચાયેલો છે. તેઓ શહેરી પ્રજાના વિસ્તારની સરખામણીમા ઘણી અછત ભોગવી રહ્યા છે. આ વિકાશમા કેળવણી, આર્થિક, અને દાક્તરી સેવા સુગમતાની મૂળભુત અને બહોળી જરૂરિયાતો જે શહેરી વિસ્તારમા સ્થિર થયેલી છે તે ગ્રામ્ય વિસ્તાર સુધી નિદાન નિવારણના

નવા સંશોધન અને સુધારાઓના લાભ સાથે મળી શકતી કરવી જોઈએ.

એમ્બ્યુલન્સ સેવા એકમ જેની અંદર બાળ સારવાર વિષયમા દાક્તરી વિદ્યામા છુપાયેલા આશાવાદને પાર ઉતારે છે. આ ભાવિ પ્રજા ઘણી ખામીભરી સ્થિતિમા ઉછરી રહી છે. (સબંધકર્તા અસરગ્રસ્ત જિંદગીઓ) અને લાંબાગાળે તે મોટા દર્દોના ઉદ્ભવનુ કારણ બને છે જે શક્ય તેટલી મર્યાદામા અટકાવી શકાય છે. એકમની સેવાઓ ક્રમશઃ ગંભીર ચેપી હાલત અને તેવી કોઈ રોગગ્રસ્ત પરિસ્થિતિ ઉપર પણ કાબુ મેળવવા સફળ થઈ શકે છે.

એમ્બ્યુલન્સ એકમના મુકામ સ્થાને દાક્તરી સેવા આપનાર જે દાક્તર ઉપસ્થિત હોય તેમને એમ્બ્યુલન્સ સેવા સાથે જોડાવા આમંત્રણ આપવુ જોઈએ, અથવા મુકામ સ્થાને - PHC - પ્રાથમિક સારવાર કેન્દ્ર જો ઉપસ્થિત હોય તો અધિકારી દાક્તર પી.એચ.સી. અને પંચાયત હદ વિસ્તાર સાથે કાર્યક્રમો ગોઠવવા મંજુર કરવામા આવ્યા હોય તે મુજબ એમ્બ્યુલન્સ એકમે સેવામા જોડાવવુ જોઈએ.

જેથી કરીને તેઓને ભોજન વગેરે માટે આકર્ષિત કરવાને બદલે તે પ્રજાના વિસ્તાર ફરતે આ દાક્તરી સેવાના ઉદ્દીપન કરતા સાચા ઉદ્દેશ્યો સિદ્ધ થાય છે. તેમ જાણવામા આવેલ કે આ પ્રથા થોડા સામાજિક અથવા ખાનગી મંડળ દ્વારા ફક્ત નિદાન સલાહ આપવા માટે કાર્યક્રમ ઉત્સવના દેખાવમા પસંદ કરવામા આવે છે. આ બનાવોમા આ કારણથી ભલામણ થવી જોઈએ. નહી તો ભવિષ્યમા તે દર્દી અને સારવાર વચ્ચે એક અવરોધ બની શકે છે. કારણ કે સામાન્ય રીતે તેમ માની શકાય કે જેઓ અહિતેકચ્છુ હોય છે તેઓ જો ભોજન નહી તો ભાગ લેવો નહીં તેવી ખોટી છાપ ગ્રામ્ય પ્રજામા ઉપજાવે છે. તેવા થોડા બીજા સુધારાઓ પણ વિચારવા જોઈએ કે જે એમ્બ્યુલન્સ સેવા એકમના નિભાવમા આર્થિક પરિબળો સાથે સુસંગત થતા હોવા જોઈએ.

ભારતના દરેક રાજ્યમા કુટુંબ નિયોજન ઝુંબેશ ઝડપથી આગળ વધી રહેલ છે, તેમા વાહન દ્વારા ફરતી સેવા વડે લક્ષાંક સિદ્ધ કરવા સફળતા મળી રહી છે. ઘણુ કરીને ગામડાઓ અને શહેરો વચ્ચે જે અંતર સબંધકર્તા છે, આ મુદ્દા વિષે જો ઉંડો વિચાર કરી જોઈએ તો તે એક મોટા અવરોધ જેવો દેખાય છે અને વિકાસના બીજા ઘટકો જે ગ્રામ્ય વિસ્તાર સુધી સેવા પહોંચી શકતી નથી, જ્યાં જે કઈ વિકાસ થયો છે તે ઘણો જ નહિવત છે, તે અર્થમા અંતર તો ઊભુ જ રહે છે પરંતુ વચ્ચે લાંબા અંતર હોવાને કારણે જે મુશીબતો અને અછતો ઊભી થાય છે તેને હળવી કરવી શક્ય બની શકે છે.

ઔદ્યોગિક વિજ્ઞાન અને વિદ્યુતકરણ પદ્ધતિ વડે વચ્ચે પડેલા અંતરની તકલીફોને આવરી લઈ વિજ્ઞાનની દુનિયામા ઘણુ જ પ્રભાવશાળી સ્થાન પ્રાપ્ત કર્યું છે. દાક્તરી વિજ્ઞાન જે સમસ્ત જીવ-શાસ્ત્ર, ઔષધી - શાસ્ત્ર, શસ્ત્ર ક્રિયા શાસ્ત્રનો દેશમા સર્વત્ર તેની બરોબરી વિકાસ થયો છે. તે સરખામણીમા વિકાસમા ઊંચુ સ્થાન ધરાવતા દેશો કરતા આપણને તેનો થોડો ઓછો લાભ મળ્યો હશે, તે અર્થમા થોડી ટકાવારીનો તફાવત તો રહેવાનો જ છે પરંતુ તેમ તો ના જ બનવુ જોઈએ કે ભારત દેશમા જે પ્રગતિઓ થઈ છે તે તેના ગ્રામ્ય વિસ્તારમા મળી શકતી નથી, તેથી આશાસ્પદ એક માર્ગ તે દેખાય છે કે માનવ સહાય વડે સેવાઓને વાહન દ્વારા ફરતી કરવી જોઈએ.

ઔપચારિક પુછપરછ દ્વારા તેમ જણાય છે કે પી.એચ.સી. તપાસ માટે જે સગવડતાઓ ધરાવે છે તે એક્સ-રે, સ્ક્રિનીંગ અને પ્રાથમિક તપાસ પ્રયોગ શાળા અને વસ્તીના પ્રમાણમા એમ્બ્યુલન્સ સેવા પુરી પાડવામા આવે છે અને ૧૦ થી ૧૫ દર્દીઓને દાખલ થવા જેટલી મર્યાદા હોય છે, પરંતુ જ્યાં અગત્યની દવાઓ, એનેસ્થેટીક સેવા, રોગ ચિકિત્સા, શસ્ત્રક્રિયા સહાયક વગેરેનો સખત અભાવ હોય ત્યાં ડૉક્ટર એકલા વડે કેટલો ઉપાય થઈ શકે. આ પરિસ્થિતિ જોઈએ તેટલી સંતોષકારક ના કહી શકાય તેથી શક્ય તેટલી હદ સુધી સંપૂર્ણ સારવાર પહોંચાડવા એકમના કાર્ય ઉપર પ્રતિનિધિ મંડળ અંદર દાક્તરો એમ.ડી. એમ.એસ. નિષ્ણાંતો, બી.એ.એમ.એસ. આયુર્વેદ, ગાઈનેક, પેથોલૉજીસ્ટ, એનેસ્થેટીક, નર્સ : પરિચારિકા મદદ અને ઔષધિઓ વગેરે સેવાઓ એકમ સાથે જોડાયેલી હોવી જોઈએ.

દાક્તરી સેવાના આ ક્ષેત્રમા વાહન દ્વારા ફરતી ઔષધાલયમા એકમની એમ્બ્યુલન્સનો એક આદર્શ નમુનો હોવો જોઈએ. જેમા નાજુક શસ્ત્રક્રિયા ગોઠવણ, કાર્ડિક અને રોગ સબંધી તપાસ સુવિધાનો સમાવેશ હોવો જોઈએ જેથી જ્યાં તેની જરૂરિયાત પડે ત્યાં તેનો ઉપયોગ થઈ શકે. સામાન્ય રીતે દરેક દર્દીઓની તપાસ અને ખાસ શોધન પ્રાથમિક સારવાર કેન્દ્ર ઉપર કરવામા આવે છે જ્યાં પ્રતિનિધિ મંડળ તેમના કાર્ય સ્થાન ઉપર તેવી આશા રાખી શકે કે એમ્બ્યુલન્સ સેવા એકમના મુકામ ઉપરના કાર્યક્રમો દરમ્યાન પી.એચ.સી. એક નાની અસ્પતાલના રૂપમા ફેરવી શકાય છે. એમ્બ્યુલન્સ એવા એકમ સાથે દાક્તરી સેવાનો ઉપયોગ જોડીને આ નવા સાહસની હિમાયત કરવા સાથે તેમા દરેક રીતે ઘણી સહનશક્તિ હોવી જરૂરી છે.

આ તબક્કે ફક્ત એક પ્રશ્ન યોગ્ય રીતે ઉકેલી શકાતો નથી, કારણ કે એકમની સેવાના સારા પ્રતિસાદમા પી.એચ.સી.મા દર્દીને રહેવાના ભાગની મર્યાદાથી વધારે સંખ્યામા આસપાસના ગામડાઓમાથી દર્દીઓ આવે તો દાખલ થયેલા દર્દીઓને

રહેવા માટે સગવડની કેવી રીતે વ્યવસ્થા કરવી, શું તેઓએ બીછાનુ અને ઓઢવાનુ સાથે લાવવુ જોઈએ ? આ બાબત વહીવટકર્તાના નિરાકરણ ઉપર આધાર રાખે છે.

ટ્રસ્ટ. (ફક્ત મુદ્દા)

એમ્બ્યુલન્સ સેવા એકમનુ ટ્રસ્ટ વ્યવસ્થા નીચે સંચાલન કરવુ સલાહભર્યું છે જેથી તે દ્વારા એકમની સેવાઓ કાયમ ટકાવી શકાય અને તેની હસ્તીને દાક્તરી સંસ્થાઓ જે ઉલ્લેખ મુજબ મેડીકલ કાઉન્સીલ, હોસ્પીટલ, મેડીકલ કોલેજ, આયુર્વેદ યુનિવર્સિટી વગેરે સાથે જોડાણ આપવુ જોઈએ, તે વિચારી જોતા કે ભવિષ્યમા જે દાક્તરો તેમની સેવાના એક ભાગરૂપ એમ્બ્યુલન્સ એકમ સાથે જોડવા ઇચ્છતા હોય તેઓ તરફથી સેવા મેળવવા એક આધારરૂપ બની શકે છે.

ઠરાવ અને નિયમો. (ફક્ત મુદ્દા)

ઠરાવો અને નિયમો ઘડવા અને જરૂરી સુધારા કરવા તે ટ્રસ્ટ નિમણૂંક થયેલ વકીલ અને સમયાનુસાર ટ્રસ્ટીઓને સોપવુ જોઈએ.

એમ્બ્યુલન્સ સેવા એકમનો અમલ ટ્રસ્ટ સંચાલિત મેડીકલ કેન્દ્રની સ્થાપના વડે અથવા સ્થાપિત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા થવો જોઈએ.

એમ્બ્યુલન્સ સેવા એકમના શીર્ષક નીચે દસ્તાવેજી કરારનો અમલ થવા તેના જોડાણની વ્યાખ્યામા તે સ્થાપિત ટ્રસ્ટ સાથે જોડાયેલ છે, અથવા તેના પેટા વિભાગમા છે અથવા ટ્રસ્ટ કાયદા નીચે નવી સ્થાપના આપી શકાય, અનુસંધાન ટ્રસ્ટ નોંધ.

ભંડોળ.

આ ભંડોળ કયા પ્રકારથી ગોઠવવુ તે ટ્રસ્ટના નિયમો ઉપર આધારિત છે. પ્રારંભમા એમ્બ્યુલન્સ સેવા એકમની રૂપરેખા તપાસી જોવા ટ્રસ્ટની સભા ગોઠવી તેનો નિર્ણય કરવો જોઈએ અને તે હકારાત્મક વલણ લાગતુ હોય તો આ યોજના ક્રમશઃ એકમના કાર્યક્રમો ઘડવા આગળ વધી શકે.

એકમના અંદાજિત ભંડોળની જરૂરિયાત માટે આશરે રૂપિયા ૧૦ થી ૧૨ લાખનુ મુડી ભંડોળ થવુ જોઈએ જે શરૂઆતમા નીચે મુજબ ભાગમા થઈ શકે.

મિલ્કત, કાર્યકારી મૂડી, સ્થિર અને અનામત મૂડી, આશાવંત મૂડી રોકાણ, ધીરાણ અને સહાય જે મદદ અને સખાવતના રૂપમા હોય.

ભવિષ્યમા એકમની સામર્થ્યતા સાથે સ્થિર થવા આ ભંડોળ વર્તમાન સમયના મૂડી પ્રમાણ મુજબ અંદાજિત રૂપિયા ૨૦ થી ૨૫ લાખની મર્યાદા સુધી પહોંચી શકે છે.

મૂડી.

એમ્બ્યુલન્સ સેવા એકમના પ્રારંભમા તેની કાર્યકારી મૂડી ઊભી કરવા વ્યવસ્થાકીય ટ્રસ્ટી જે મુજબ નિર્ણય કરે તેમ સભ્યોના ફાળા દ્વારા થઈ શકે જો તેઓ એકમને સ્વીકારવા સહમત થાય અથવા કોઈ સ્થિતિમા એકમને અલગ ચલાવવુ હોય ત્યારે નવા સભ્યો નોંધવા અને ટ્રસ્ટનુ માળખુ ઘડવા બીજા બધા શિષ્ટાચાર પુરા કરવા બાબત નક્કી થવુ જોઈએ. અનુસંધાન - ટ્રસ્ટ નોંધ.

એકમની નિષ્ઠામા તેવી ભલામણ છે કે એકમની વ્યવસ્થામા બજારની પુંજી ઉપર નાણાકીય જોખમ ઊભા નહી કરવા જોઈએ, જેવા કે સામાન્ય શેર, થાપણ, અથવા શરાફી મુડી રોકાણ, કારણ કે એકમનુ કાર્યલક્ષ જાતે જ સેવા આપવાનુ છે જેથી વ્યાપાર અથવા ઉત્પાદન અર્થમા સરખાવી જોતા વધારે નફો થઈ શકતો નથી પરંતુ એકમના કાર્યલક્ષ અને તેની નિશ્ચિત જરૂરિયાતો નિભાવવા એકમની પોતાની મૂડી દ્વારા વ્યવસ્થા કરવી જોઈએ.

એમ્બ્યુલન્સ એકમને ઊભુ કરવાની દીર્ઘ દૃષ્ટિએ, જેમા સરકારી ધીરાણ અને રાહત, બેંક ધીરાણ સગવડો, સંસ્થાકીય મદદ અથવા બક્ષિસ, તેવા ભરોસાપાત્ર મુળ ઉદ્ભવો દ્વારા અનિવાર્ય મૂડી મેળવવી જોઈએ.

સભ્યપદ બંધ થવાના સબંધમા જે સમયે જ્યારે તેમ બન્યુ હોય ત્યારે આપેલી મૂડીનો ભાગ ફાળો જે પરત આપવાની શરતથી બંધાયેલો હોય તે રકમ એકમની નાણાકીય સ્થિતિ મુજબ મુક્ત કરી આપવી જોઈએ.

મિલ્કત.

એમ્બ્યુલન્સ સેવા એકમ, જેની અંદર કોઈ જગ્યા છત્ર અથવા જમીન અને મકાન બાંધકામની ગોઠવણોનો સમાવેશ થતો નથી. એકમનુ કાર્ય એક સ્થળેથી બીજા સ્થળે જવાનુ હોવાથી, જેથી એકમની ભૂમિકા ફરતા સાધનો દ્વારા દાક્તરી સેવા આપવાની છે તેથી એકમ વડે તેવી કોઈ સ્થાવર મિલ્કત કબજામા હોતી નથી, સિવાય કે વહીવટના પત્રવ્યવહાર માટે જે ગોઠવણ કરવામા આવી હોય, એમ્બ્યુલન્સ એકમ જે સ્થાપિત મેડીકલ કેન્દ્ર સાથે જોડાયેલ અથવા પેટા વિભાગના પ્રકારમા છે. તેથી તેવી મિલ્કત જે વહીવટી કાર્યાલય છે તે મૌજુદ ટ્રસ્ટની મિલ્કત થાય છે.

એમ્બ્યુલન્સ એકમની મિલ્કતની કિંમત આંકતા, તે એક એમ્બ્યુલન્સની મિલ્કત અને તેની સાથે જોડાયેલ બીજી બધી સાધન-સામગ્રી તે એક આખા એકમની મિલ્કત થાય છે.

હિસાબ-કિતાબ.

હિસાબ-કિતાબ વિભાગ તે એકમ સબંધી નાણાકીય સ્થિતિનો અડસટો કાઢવા એક મુખ્ય અંગ છે, તેની બીજી કોઈ વ્યાખ્યા કરવી જરૂરી નથી પરંતુ પ્રત્યેક કાર્યક્ષેત્રમા સૌ પ્રથમ નાણાકીય જરૂરિયાત અનિવાર્ય હોય છે.

નિમણૂક થયેલ અધિકારીએ એકમ જ્યારે પ્રવાસ કાર્યક્રમ ઉપર હોય ત્યારે પ્રત્યેક દિવસની હિસાબ નોંધ નિર્દેશ કરેલા પત્રકમા રાખવીં જોઈએ અને અંતિમ હિસાબ મુખ્ય રહેઠાણ ઉપર તૈયાર કરવા જોઈએ.

પ્રવાસ હિસાબ સ્પષ્ટ રીતે ‘દૈનિક કામકાજ પત્રક’મા નકલ ઉતારા સાથે લખવા જોઈએ અને એકમના તે પછીના કેન્દ્ર ઉપર પ્રસ્થાન થયા પછી મુખ્ય રહેઠાણ ઉપર ટપાલ દ્વારા મોકલી આપવા જોઈએ.

આ પદ્ધતિ સરળ બને છે અને દૈનિક કામકાજ પત્રક વડે દરેક મુકામ ઉપરનો ચોખ્ખો હિસાબ બતાવી શકાય છે. જે વડે મુખ્ય રહેઠાણ ઉપરના મુખ્ય દફતર નોંધમા જુદા જુદા પ્રકારની હિસાબી નોંધણીની સંખ્યામા ઘટાડો થઈ શકે છે, જેથી આ હિસાબ પત્રક વડે મુકામ ઉપરના પ્રત્યેક દિવસના હિસાબની એક જ નોંધ કરવાની થાય છે અને તેનો કુલ સરવાળો કેન્દ્ર અનુક્રમમા ચોખ્ખો હિસાબ મેળવી શકાય છે.

દૈનિક કામકાજ પત્રક જેની અંદર જમા અને ઉધારની બંને બાજુની હિસાબ નોંધ બતાવવી જોઈએ અને તે તૈયાર કરી પ્રત્યેક દિવસ પ્રતિનિધિ મંડળના અધિકારી પાસે તે પ્રમાણ અને દસક્ત કરાવી જોઈએ. દૈનિક સિલક નિમણૂંક થયેલા નિયામક અધિકારી પાસે અથવા પ્રતિનિધિ મંડળના અધિકારી પાસે રાખવી જોઈએ.

વહીવટકર્તા : એમ્બ્યુલન્સ સેવા એકમ દ્વારા જ્યાં એકમનુ ખાતુ ચાલતુ હોય ત્યાંથી સબંધકર્તા બેંક સાથે અગાઉથી હવાલાખત મેળવી લેવુ જોઈએ, જેથી કરીને પ્રતિનિધિ મંડળ ગ્રામ્ય સ્થાન ઉપરની બેંક પાસેથી મંજુર થયેલી રકમનો ઉપાડ કરી શકે.

હિસાબ સરવૈયા અને અહેવાલ ટ્રસ્ટના ધારા ધોરણ મુજબ.

નિભાવ.

એકમનાં નિભાવ મુખ્યત્વે ખર્ચને હાંસલ કરવા સાથે સબંધ ધરાવે છે નિભાવની વ્યાખ્યામા તે આખા એકમની આવક અને ખર્ચ : જાવકનો સમાવેશ થાય છે. એકમની સ્થાપના અને તેની મિલ્કતમા જે મુદલ ભંડોળ ધારણ થયેલુ હોય તેમા નિભાવના મુળ ઉદ્ભવનુ સમતોલ આયોજન થવુ જોઈએ.

એકમની આવક ફક્ત સારવાર દસ્તુરી અને આશાસ્પદ મૂડી રોકાણ દ્વારા થતી પુરક આવક ઉપર આધારિત છે. જેમા પ્રવાસ કાર્યક્રમ, સહાયકો અને પ્રતિનિધિ મંડળના વેતન, કાયદાકીય સલાહકાર દસ્તુરી, ફરતા વાહનોની સંભાળ, દાક્તરી સારવાર સાધનો, દવાઓ પુરી પાડવી અને પરચુરણ વગેરે ખર્ચ ભોગવવા સાથે તે મુખ્ય માર્ગ દેખાય છે.

સારવાર અને દવાઓ પુરી પાડવા સામે તેની કિંમત વસુલવી આ અનિવાર્ય અંગો છે. જે એકમના નિભાવ અંદર અસરકર્તા છે. સિવાય કે ખર્ચ વસુલી શક્ય મર્યાદામા રાહત ધોરણે ઘટાડી શકાય જે ટ્રસ્ટના વહીવટકર્તાઓ વડે નક્કી કર્યા મુજબ થઈ શકે.

વહીવટ.

વહીવટ : કારભારના એક ભાગરૂપ ટ્રસ્ટ, ટ્રસ્ટીઓ અને સબંધકર્તા સભ્યો, તેઓ જ પ્રવાસ કાર્યક્રમ અંદર પ્રતિનિધિ મંડળ અને તેમાના ડૉક્ટરોની ખાસ સેવાઓ ગોઠવવા સાચો અભિપ્રાય આપી શકે.

એક વખત પ્રતિનિધિ મંડળ પ્રવાસ કાર્યક્રમો પુરા કરીને જ્યારે પાછુ ફરે ત્યારે પ્રતિનિધિ મંડળ છુટુ પડે છે અને તે પછીના કાર્યક્રમો ગોઠવાય તે વિશ્રાંતિ પછી, પ્રતિનિધિ મંડળને પાછુ બોલાવવુ અથવા બીજુ પ્રતિનિધિ મંડળ ગોઠવવા ક્રમવાર વારા ફરતી પદ્ધતિમા પસંદગી આપવી તેમાથી જે વધુ લાભદાયી દેખાય તે અંગે વહીવટકર્તાઓએ નિર્ણય કરવો જોઈએ.

ટ્રસ્ટ વહીવટ સબંધમા, તે એમ્બ્યુલન્સ સેવા એકમના કાર્યોને સ્થાયી અને સંગીન બનાવવાનુ છે. જેમા ટ્રસ્ટ દ્વારા ખાસ સેવા આપતા દાક્તરો, કાયદા સલાહકાર, કરવેરા સુચનાકાર, હિસાબ તપાસનાર : ઓડીટર, કર્મચારીઓ, સ્વયંસેવકો, નિયામક અધિકારી અને રોજિંદા વિભાગની બીજી ફરજો ઉપરના મદદગાર માણસો, એટલે કે જેઓ એકમ, પ્રતિનિધિ મંડળ, અને કાર્યક્રમોની વ્યવસ્થામા બધા જ સાથે જોડાયેલા છે તેમના રોકાણ માટે વેતન નક્કી કરવુ જોઈએ.

ટ્રસ્ટ વહીવટમા પ્રવાસ કાર્યક્રમોમાથી અનિશ્ચિત આવક સામે અંદાજિત પ્રવાસ ખર્ચની ચકાસણી કરવી જોઈએ. આ અનુમાનના દષ્ટિ બિંદુથી સારવારની બેઠેલી કિંમતનો અભ્યાસ કરી જોતા, જેમકે, રોગ-ઉપચાર : ઔષધોપચાર અને રોજિંદા ખર્ચાઓના સમાવેશ સાથે સારવારની ખર્ચ વસુલી, દષ્ટાંત રૂપે, દાક્તરી સારવારના દાખલાઓમા ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ જેઓ શહેરની સગવડતા તરફ જાય છે તેઓ એમ્બ્યુલન્સ એકમના સારવાર કેન્દ્ર ઉપર રાહત ધોરણે જે ખર્ચ વસૂલી દર્દીઓ ચુકવે

છે તેના કરતા વધારે ખર્ચ ભોગવે છે.

તદ્ ઉપરાંત તે ઉદ્દેશ્યને જાહેર કરે છે કે ફરતા એકમ દ્વારા છેલ્લામા છેલ્લી રોગ-નિવારણ પદ્ધતિ સાથે ગ્રામ્ય વિસ્તારના નજીકમા નજીક કેન્દ્ર ઉપર બહોળી પ્રજા સુધી ખાસ દાક્તરી સેવા ઉપલબ્ધ કરવામા આવે તે ઘણી બાબતોમા અવશ્ય લાભદાયી નીવડે અને સાથે સાથે તે દેશ સેવા તરફ દોરી જાય છે. અનુસંધાન એકમ અને ટ્રસ્ટ નોંધ.

વહીવટી અંકુશ.

એમ્બ્યુલન્સ સેવા એકમનુ કાર્યક્ષેત્ર દેશના ગ્રામ્ય વિસ્તારની આસપાસ માઈલોની હદમા વિશાળ રીતે પથરાયેલુ છે તેથી એમ્બ્યુલન્સ એકમ દ્વારા કાર્યોનો વાસ્તવિક અમલ શરૂ કરતા પહેલા વિસ્તૃત પ્રવાસ કાર્યક્રમ કાળજીપૂર્વક તૈયાર કરવો જરૂરી છે અને ખાસ કરીને તે દાક્તરી સેવા સાથે અનુરૂપ હોવા જોઈએ.

એકમના કાર્યક્રમના અમલકર્તા પ્રતિનિધિ મંડળ છે તે આયોજનની દિશામા નિયમોનુસાર આગળ વધતુ રહે છે અને વહીવટી અંકુશના મુખ્ય રહેઠાણ સાથે સંપર્ક જાળવી રાખે છે. કોઈ કારણસર પ્રતિકુળ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે મુખ્ય રહેઠાણ ઉપર તાત્કાલિક ધ્યાન દોરવુ જોઈએ અને તે દરમ્યાન કાર્યક્રમો ફેરફાર કરવા અથવા દિશા બદલવી તે કાર્યક્રમના અમલકર્તા પ્રતિનિધિ મંડળની મુનસફીમા છે. વહીવટી અંકુશના મુખ્ય રહેઠાણ ઉપરથી પ્રતિનિધિ મંડળ સફળતાપૂર્વક પાછુ આવે તે રીતે એકમના કાર્યક્રમો પાછળ ધ્યાન આપવુ જોઈએ.

વહીવટી અંકુશની એમ્બ્યુલન્સ સેવા પૂર્ણ માહિતી સાથે ગોઠવવાની મોટી જવાબદારી રહે છે. જેમા કાર્યક્રમનો વિસ્તાર, મુકામ ઉપરની સગવડો, સેવા કેન્દ્ર ઉપર રોકાણ સમય, પ્રાથમિક સારવારા કેન્દ્રના અધિકારી દાક્તર, પંચાયત હદ વિસ્તાર, હોમંગાર્ડ : જિલ્લા સ્વયંસેવક અધિકારી વગેરેની અનુમતિનો સમાવેશ થાય છે.

વહીવટ અને વહીવટી અંકુશ જે પ્રત્યેક સંસ્થાપન સબંધિત બંને વિભાગો લગભગ અર્ધ-સમાન જેવા છે. તે આયોજન માળખામા સર્વાંગ અસરકર્તા છે. પરિણામ રૂપે, એક વિભાગ વડે રચના કરવી અને બીજા વિભાગ વડે અમલ કરવો. અહી દાક્તરી સારવાર ક્ષેત્રમા વહીવટી અંકુશ વિભાગ કાર્યક્રમોની ગોઠવણ કરે છે અને પ્રતિનિધિ મંડળ કાર્યક્રમના અમલકર્તા બને છે અને સફળ પરિણામ લાવવા તેમની જવાબાદરી છે. વહીવટકર્તા ટ્રસ્ટીઓ પણ ઊભી થયેલ મુશ્કેલીનુ સમાધાન કરવા અધિકૃત અધિકારીઓ છે.

સંદેશા વ્યવહાર.

મુખ્ય રહેઠાણ ઉપર વહીવટી અંકુશ વિભાગ પ્રવાસ કાર્યક્રમો અનુસંધાન જરૂરી માહિતી ફેરવવા સબંધકર્તા કાર્યાલય સાથે પત્ર વ્યવહારથી જાણ કરે છે. પ્રવાસ કાર્યક્રમો બાબત સબંધકર્તા કાર્યાલયો તરફથી યોગ્ય મંજુરી મેળવ્યા પછી જ નિર્ણયાત્મક બહાલી આપવી જોઈએ.

વહીવટી અંકુશ વિભાગનુ તે એક અગત્યનુ અંગ છે કે જ્યારે પ્રતિનિધિ મંડળ પ્રસ્થાન થાય ત્યારે જેટલુ શક્ય હોય તેમ ચોક્ખો અને નક્કર પ્રવાસ કાર્યક્રમ તેમની સાથે સુપ્રત કરવો જોઈએ. ત્યાર પછી ક્વચિત કોઈ અણધાર્યા અંતરાય આવી જાય ત્યારે કાર્યક્રમ ઉપરના પ્રતિનિધિ મંડળને તે બાબત ઉકેલ લાવવા તેમની પોતાની મુનસફી છે.

સંદેશા વ્યવહાર તે એકમ સબંધના વહીવટી અંકુશની એક અવિરત પ્રક્રિયા બની રહે છે અને તેમાની વિવિધ જરૂરિયાતો સમયે સમયે બંધ બેસતી કરવાની હોય છે.

કર્મચારી વર્ગ.

એમ્બ્યુલન્સ સેવા એકમની આગવી લાક્ષણિકતા તે છે કે, જ્યારે એકમ સ્થાપિત સારવાર કેન્દ્ર સાથે જોડાય ત્યારથી જ એકમ સાથે રોકાયેલા સભ્યો કર્મચારી બને છે. આ પ્રકારની રચનામા ટ્રસ્ટીઓ, સભ્યો અને પ્રતિનિધિ મંડળ મુખ્ય અમલકર્તા વર્ગ બને છે. વહીવટકર્તા તેમના સંયુક્ત સહકાર સાથે નાના અથવા મધ્યમ પ્રકારના એકમનો માર્ગ-દર્શક કાર્યક્રમ તૈયાર કરવા પ્રતિનિધિ મંડળ નીમી શકે છે તેમા પેટા એકમ અથવા સ્થાપેલ એકમ જેની અંદર લાભદાયી લક્ષણ તે છે કે કાયમી કર્મચારીની જરૂર પડતી નથી, કારણ કે એકમનુ સેવા કાર્ય સમય પ્રમાણ વેતન ઉપર આધારિત છે.

માર્ગદર્શક કાર્યક્રમમા તૈયાર થયેલા પ્રતિનિધિ મંડળની કાર્યવાહીથી ભિન્ન તેવા બાકીના ભાગનુ કાર્ય વહીવટી અંકુશે કરવાનુ રહે છે. જેમા એક વ્યક્તિ અથવા નિયામક અધિકારીએ માહિતીઓ પહોંચાડવી અને સબંધકર્તા કાર્યાલય પાસેથી નક્કી કરેલા કાર્યક્રમોની મંજુરી મેળવવાનુ છે.

વહીવટકર્તાએ એકમનો પ્રકાર નાનો અથવા મધ્યમ છે તે જોઈને પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન રોજિંદા વિભાગમા જે સંખ્યામા સહચારીઓ હોવા જરૂરી હોય તે અંગે નિર્ણય લેવો જોઈએ.

મુકામ કેન્દ્ર ઉપર જે સ્વયંસેવક વર્ગ તેમની ફરજ ઉપર હોય તેમને કાર્ય

બજાવવા વિષે સમજણ આપવી જોઈએ અને તે રોગોપચાર ઔષધાલયના કાર્યપાલન જેવુ જ સરળ ગોઠવવુ જોઈએ.

આ ગોઠવણોનુ વર્ગીકરણ કરવા મુજબ દર્દીઓના પ્રવેશ વિભાગ-૧, જેમા દર્દીઓના નામ, ઉંમર, જાતિ : ધર્મ વગેરેની નોંધણી કરવી અને દાખલા પત્ર કાઢી આપવા.

દર્દીને વર્ગીકરણ વિભાગ-૨. જે પ્રતિનિધિ મંડળના કાર્ય તરફ દોરી જવા, જ્યાં દર્દીને તપાસવામા આવે અને બીજા કાર્યપાલનનો નિદાન ઉપર આધાર રહે છે.

દર્દીને વર્ગીકરણ વિભાગ-૩. ઓ.પી.ડી. (બહારના દર્દી પ્રવેશ) તરફ દોરી જવા, જ્યાં દવાઓ પુરી પાડવી અને દસ્તુરી લેવી વગેરે.

દર્દીને વર્ગીકરણ વિભાગ-૪ તરફ દોરી જવા, જ્યાં પુરુષ અને સ્ત્રી જેઓની ઔષધોપચાર અથવા શસ્ત્રક્રિયા સારવાર માટે અંદરના દર્દી તરીકે દાખલ થવુ જરૂરી હોય તે માટે નક્કી કરવા સુચવેલ અહેવાલ મુજબ જે જરૂરી હોય તે માટે રોગ ચિકિત્સા અને કાર્ડિક શોધન વિભાગ જે વિભાગ-૪ સાથે જોડાયેલ છે. દર્દીઓની દાખલ થયાની સંખ્યા પી.એચ.સી.ની મર્યાદાથી વધી જાય તો તે માટે સગવડ વધારવી જોઈએ.

આવશ્યક સેવાઓની અંદર, દાક્તરી સેવા અને ગ્રહ-રક્ષક સેવા આ બંને શાખા અગત્યની મુલકી સેવા દર્શાવી છે તેથી તે ભલામણ કરવી હિતાવહ છે કે જ્યાં સ્વયંસેવક દર્શાવેલ છે તે અર્થમા એમ્બ્યુલન્સ સેવા કેન્દ્ર ઉપર ફરજ બજાવતા ગ્રહ-રક્ષક સેવાને પ્રથમ પસંદગી આપવી જોઈએ. આ દષ્ટિ બિંદુથી પ્રતિનિધિ મંડળના પ્રવાસ કાર્યક્રમ અંગે ખાતાકીય મદદ અને તેની મંજુરી મેળવવા જિલ્લા મુખ્ય વિભાગ. ગ્રહ-રક્ષક કાર્યાલય તેમજ સાથે સાથે જિલ્લા પંચાયત કાર્યાલય અને પ્રાથમિક સારવાર કેન્દ્ર ઉપર યોગ્ય કરવા સુપ્રત કરવો જોઈએ.

કર્મચારી ઉલ્લેખમા એમ્બ્યુલન્સ એકમના સેવા કેન્દ્ર ઉપર જે શક્તિઓનો ઉપયોગ જોડાયો છે તે પ્રતિનિધિ મંડળ. નિયામક અધિકારી, સ્વયંસેવકો અને સહચારીઓ વગેરે છે.

કાર્યક્રમ.

પ્રવાસ કાર્યક્રમ ગોઠવવામા સાવચેતીની દષ્ટિએ તેમા ભૌગોલિક સ્થિતિને લગતી પ્રાથમિક માહિતીઓ જેવી કે, વરસાદ પડવાની સરાસરી, પ્રાદેશિક નકશા, તાલુકાના ગામ કેન્દ્ર અને ગામડાઓ, ઔદ્યોગિક અથવા ખેતીવાડી વિકાસ, ગ્રામ્ય

વસ્તી, શૈક્ષણિક અને દાક્તરી સેવા સુગમતાઓ, વિસ્તાર માહિતી : પછાત, અછતગ્રસ્ત અથવા વિકાસશીલ, માર્ગ વ્યવહાર વગેરે મેળવવી જોઈએ. આ અનુસંધાનમા શ્રી સમાહર્તા કચેરીએથી રાજ્ય કક્ષાએ જે માહિતીઓ ઉપલબ્ધ હોય તે ઉપયોગી થઈ શકે.

આ કાર્યક્રમ અંદર આશરે ૬ મહિનાનો સમય વ્યતિત થાય તેથી પ્રતિનિધિ મંડળ આ પરિસ્થિતિ વહન કરવા ભારે જવાબદારી ઉઠાવે છે, તેથી આ સાથે તે વિશે ધ્યાન દોરવાનુ કે, વર્ષાઋતુ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમા વાહન-વ્યવહાર ખોરવાય જાય છે, તેથી અંદર આવતા દર્દીઓ એમ્બ્યુલન્સ એકમના સેવા કેન્દ્ર ઉપર પહોંચી શકે નહી અને ફરતા વાહનોમા થતા બીજા ઘસારા જોતા આવી નિરર્થક મુશ્કેલીઓ બાતલ કરવા આ કાર્યક્રમ વર્ષાઋતુ શરૂ થતા પહેલા પુરો કરવો જોઈએ, અને બાકીનો સમય તે પછીના બીજા પ્રાદેશિક કાર્યક્રમ ગોઠવવા ઉપયોગી થઈ શકે.

પ્રતિનિધિ મંડળના કાર્યક્રમોની આખી ગોઠવણી ૬ મહિનાના સમય અંદરની હોવી જોઈએ, અને તે જાન્યુઆરીથી જુન અથવા ઑક્ટોબરથી માર્ચ પુરો થતા સુધીમા એક જિલ્લા હદ વિસ્તારનો પ્રવાસ પુરો કરવા જે રીતે અનુકૂળ થાય તે વધારે ઉચિત લાગે છે. તેથી કરીને વહીવટ ઉપર અંકુશ રાખી શકાય અને એક અઠવાડિયાનો મુકામ હોવો ઉપયોગી છે જેથી ફેરબદલી ગોઠવણોની અડચણો ઓછી થઈ શકે છે.

તેમ ધારી જોતા કે એક જિલ્લા હદ વિસ્તારને આવરી લેવા માટે એટલે કે આશરે ૧૫ તાલુકા ગામ કેન્દ્રને પ્રવાસ કાર્યક્રમમા ગોઠવવામા આવ્યા હોય, તેથી દરેક સેવા કેન્દ્ર ઉપર વધુમા વધુ મુકામ સમય એક અઠવાડિયુ અથવા ૧૦ દિવસ સુધીનો હોવો જોઈએ. દૃષ્ટાંત રૂપે, ૬ મહિનાના કુલ ૧૮૦ દિવસની ગણતરી થતા તેમાથી રવિવાર, રજાના દિવસો અને અડધા દિવસની કામ છુટીના દિવસો મળીને કુલ ૪૦ થી ૪૫ દિવસો બાદ કરતા, શેષ ૧૩૫ થી ૧૪૦ દિવસ કામકાજ માટે બાકી રહે. તેને ૧૫ તાલુકા ગ્રામ કેન્દ્ર વચ્ચે સ્થિત્યંતર સરાસરી વડે કાર્યક્રમોના લક્ષાંકને પહોંચી વળવા પ્રત્યેક સેવા કેન્દ્ર ઉપર એક અઠવાડિયુ અથવા ૧૦ દિવસ ફાળવવા પુરતા થઈ શકે, તે જ્યારે એમ્બ્યુલન્સ સાહસમા સફળ થઈ પાછા ફરતા પ્રતિનિધિ મંડળને ત્યારે મહાન સિદ્ધિનો આત્માનુભવ થાય.

કાર્યક્રમોની વિગત અનુસંધાન તેનો ઉલ્લેખ પ્રતિનિધિ મંડળના કાર્યમા એક આખુ એકમ છે.

મુકામની સગવડતા.

પ્રતિનિધિ મંડળ તેની ઉત્તમ શક્તિમા એક ભાગરૂપ દેશ સેવા બજાવે છે, તેને સરકારી ખાતાઓ તરફથી તાલુકા ગામ કેન્દ્ર ઉપર ખાલી પડેલી જગ્યા મળી શકે તે માટે અથવા નજીકની જગ્યા જેવી કે, રહેવાની વ્યવસ્થા માટે અતિથિ ગૃહ, દર્દીઓના દાખલ થવાના વિભાગ માટે નિશાળ અથવા તેવી કોઈ બીજી જગ્યા, દાક્તરી સેવા બજાવવા માટે પી.એચ.સી. સાથે જોડાણ આપવુ અને રોજિંદી વ્યવસ્થા માટે છાવણીની જગ્યા વગેરે ક્રમમા સગવડો ઊભી કરવા સહકાર આપવો જોઈએ.

0 આ પ્રકરણમા વિષયની નવરચના કરવા મુખ્યત્વે વહીવટી ક્ષમતા ઉપર છે. સગવડાતની વ્યાખ્યા જે આખા એકમના કામકાજ ઉપર પ્રકાશ પાડે છે. આ સબંધિત સ્પષ્ટતા વિષય નોંધ સાથે આપેલ છે.

આ અનુસંધાન બાબતનો ઉલ્લેખ આ મુજબ છે.

પી.એચ.સી. પ્રાથમિક સારવાર કેન્દ્ર : તે પ્રતિનિધિ મંડળના કાર્ય સાથે મુખ્ય વ્યવહારુ જોડાણ છે. (અનુસંધાન એકમ અને કર્મચારી નોંધ)

દર્દીને દાખલ થવા માટે વિભાગ : જે-પી.એચ.સી.ની મર્યાદાથી વધારે સંખ્યામા, તાલુકા પંચાયત તે ખાલી જગ્યા મેળવવા મુખ્ય જોડાણ છે. (અનુસંધાન-વહીવટી અંકુશ અને કાર્યક્રમ નોંધ)

સ્વયંસેવક : પ્રહરરક્ષક દળ જે સ્વયંસેવક સેવા મંજુર કરવા મુખ્ય જોડાણ છે. (અનુસંધાન કર્મચારી નોંધ)

અતિથિ ગૃહ; તાલુકા પંચાયત તે પ્રતિનિધિ મંડળ ને રહેવાની વ્યવસ્થા માટે ખાલી જગ્યા આપવા મુખ્ય જોડાણ છે.

રોજિંદા વિભાગ.

જે આ સેના ટુકડી પ્રકારની રચના જેવા પ્રતિનિધિ મંડળ સાથે આહાર જરૂરી ભોજન સ્થાનની વ્યવસ્થા હોવી તે પણ અગત્યનો સંયુક્ત વિભાગ છે. આ વિભાગની દરેક વિગતવાર જરૂરિયાતો ગોઠવવી વધુ મુશ્કેલ હોવાથી તે નક્કી થઈ શકતુ નથી પરંતુ એક સામાન્ય અર્થમા તે સરળ અને આનંદદાયક ગોઠવવા માટે જે સાથે દર્શાવેલ કોઈપણ એક પદ્ધતિ અનુસરવી જોઈએ.

પદ્ધતિઓ.

૧ ખાદ્ય સામગ્રીના અઠવાડિક અંદાજ મુજબ અથવા શિબિરના વપરાશ પ્રમાણે સ્થાનિક ગામ કેન્દ્ર : મુકામ કેન્દ્ર ઉપર ખરીદી લેવુ જોઈએ અને ભોજન-

સ્થાન ઉપર વાનગીઓ તૈયાર કરી પુરી પાડવી.

૨. ખાદ્ય સામગ્રીઓ જે પ્રવાહી વસ્તુઓ સિવાયની મુખ્ય કેન્દ્ર ઉપરથી એટલે કે, કોઈ એક તાલુકાના ગામથી ભોજન-સ્થાનની જગ્યા ઉપર પુરી પાડવી અને ચા-દૂધ, ઠંડુ પાણી, નાસ્તો, વગેરે મુકામ કેન્દ્ર ઉપર મેળવી લઈ વ્યવસ્થા કરવી.

૩. ખાદ્ય સામગ્રીનો સંગ્રહ એકમ સાથે લઈ જવો અને ભોજન-સ્થાનની જગ્યા ઉપર વાનગીઓ તૈયાર કરવી. પ્રવાહી ચીજ-વસ્તુઓની મુકામ કેન્દ્ર ઉપર વ્યવસ્થા કરવી.

૪. ભોજન-સ્થાનની સંપૂર્ણ જરૂરિયાતો પુરી પાડવા કરાર ઉપર સોપવુ તે ભોજન સ્થાનની ગોઠવણ સાથે અથવા ગોઠવણ વગર જે મુજબ અનુકૂળ હોય.

૫. સભ્યોની એક ટુકડી નિમણૂક કરવી, જેમા સ્ત્રી અથવા પુરુષ, જે કોઈ પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન ભોજન-સ્થાનની વ્યવસ્થા સંભાળવા આ દિશામા સેવા આપવા ઈચ્છતા હોય તે ટીમ : ટુકડી દ્વારા ભોજન-સ્થાનનુ સંચાલન કરવુ અને પ્રતિનિધિ મંડળ અને વહીવટકર્તા સાથે ૧ થી ૫ માથી જે પદ્ધતિ અનુકૂળ થવા વધુ યોગ્ય લાગે તે અનુસરવી.

પ્રતિનિધિ મંડળના પ્રવાસ કાર્યક્રમના આરંભથી જ આ કારભારમા રોજિંદા વિભાગ અને તેની કોઇ એક પદ્ધતિ ગોઠવવી જોઈએ અને નિમણૂંક કરેલ ટુકડીની સાથે જરૂરી સહચારીઓને ભોજન-સ્થાન ઉપર હાજર રહેવા સુચના આપેલ હોવી જોઈએ.

આ બાબત ઉલ્લેખ નીચે મુજબ છે.

ભોજન-નાસ્તા સ્થાન; જે ઠેકાણે જગ્યા મળી શકે તે તાલુકા અને ગ્રામ પંચાયત ખાલી જગ્યા મંજુર કરવા મુખ્ય જોડાણ છે. (અનુસંધાન કર્મચારી નોંધ)

ભોજન-નાસ્તા સ્થાનનુ સંચાલન કરતી ટુકડી : જે એક જોડાયેલો વિભાગ છે તે વહીવટી અધિકારીઓ અથવા સબંધકર્તા કરારથી બંધાયેલ જોડાણ ઉપર મુખ્ય આધાર છે.

